R.N.I. No. 14593/1957

# પગદંડી

PAGDANDI

VOL.67 ISSUE NO. 11 - FEBRUARY 2025 - 60 PAGES - RS. 15/-



Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 009.
Phone : 23714674 / 2377 3032 - E-mail : pagdandi@kvoss.org




WE NAVIGATE
YOUR FINANCIAL ADVENTURE
& ENSURE YOU
A SMOOTH JOURNEY OF LIFE
FROM WHERE YOU ARE
TO WHERE YOU WANT TO BE

## A COMPLETE TOUR OF THE FINANCIAL WORLD

We are truly a one stop-shop for all your
Investment & Insurance and other allied services:

- Mutual Fund Distributors
- Company FD, NCD, Bond, RBI Bond, Capital Gain Bond, Perpetual Bond
- P2P Loans
- Sovereign Gold Bond
- Will Writing and Estate and Succession Planning
- Life Insurance (Through business associates of LIC of India, HDFC Life, Birla Sun Life Insurance)

We are your Map for Financial Freedom

GADA & HARIA™
FINANCIAL SERVICES
With you, For you, Always...

Registered Office :
Gada & Haria Financial Services
5, Framroz Court, 2nd floor, Dada Saheb Phalke Road,
Dadar (CR), Mumbai-400014.
Tel: 40794141

| CA, CFP Rajesh Gada | CA Vipul Bheda | Vikas Vira |
|---|---|---|
| Village : Bada | Village : Samaghoga | Village : Nagalpur |
| 98676 23250 | 98202 22750 | 98205 20268 |
| rajesh@gadaharia.com | vipul@gadaharia.com | vikas@gadaharia.com |

સમાજના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત

# શ્રી કચ્છી વિશા ઓસવાળ સેવા સમાજ

શ્રી ક.વિ.ઓ.દેરાવાસી જૈન મહાજનવાડી, ત્રીજે માળે, ૯૯-૧૦૧, કેશવજી નાયક રોડ ચીંચબંદર, મુંબઈ - ૪૦૦૦૦૯
૨૩૭૧૪૬૭૪, ૨૩૭૭૩૦૩૨, ૨૩૭૧૫૦૫૦, ૨૩૭૧૫૧૫૧, ૪૦૧૬૪૩૪૩ / + Email : ksevasamaj@gmail.com + Webssite : www.kvoss.org

## શ્રી ક.વિ.ઓ. સેવા સમાજનું માસિક મુખપત્ર

## પગદંડી

- છેલ્લા સાત દાયકાથી ક.વિ.ઓ.સમાજને નવા વિચારબીજ આપનાર
- ક.વિ.ઓ. સમાજની સાંસ્કૃતિક ધરોહરને જાળવવા સદા પ્રયત્નશીલ
- ક.વિ.ઓ. સમાજની જાગૃતિના પ્રતિક સમાન

હવે પગદંડીનું લવાજમ ભરવું એકદમ સરળ. નીચે આપેલ ક્યુઆર કોડને સ્કેન કરો અથવા લિન્ક પર ક્લિક કરી આપની વિગત ભરો.

cutt.ly/pagdandi

**પગદંડીનું દસ વર્ષનું લવાજમ માત્ર રૂા.૧૦૦૦/-**

પંચવાર્ષિક લવાજમ રૂા.૬૦૦/-

પગદંડી કાર્યાલય ખાતે સેવા સમાજનાં સરનામે સ્વીકારાશે.

---

આપનું એડ્રેસ બદલાયું તો આપના પગદંડી મેમ્બરશીપ નંબર સાથે જૂના અને નવા એડ્રેસની વિગત pagdandi@kvoss.org પર મોકલવા વિનંતી જેથી પગદંડીના અંક, આપને વિના વિક્ષેપ મળતા રહે.

લિ. પગદંડી તંત્રીઓ /ક.વિ.ઓ.સેવા સમાજ પરિવાર

NEEL PARI - 9322299742

# પગદંડી


ફેબ્રુઆરી ૨૦૨૫

## અનુક્રમણિકા


| લેખ | લેખક | પાના નં |
|---|---|---|
| તંત્રીસ્થાનેથી | | |
| સોશિયલ મીડિયાના તાણાવાણા........................... | અશ્વિન લક્ષ્મીબેન પોપટલાલ માલદે............. | ૫ |
| પ્રમુખશ્રીની કલમે ...................................................... | ચંદ્રકાંત મણીબેન નાનજી લાલન.................. | ૧૧ |
| પગ મેં ભમરી.......................................................... | લીલાધર હાંસબાઈ માણેક ગડા 'અધા'......... | ૧૬ |
| અકબરનો ઈન્તેકાલ - અમારા ટબ્બુની વિદાય | | |
| જેને શીખતાં આવડ્યું તેને.......................................... | ગુલાબ પાનબાઈ રવજી દેઢિયા..................... | ૨૧ |
| મુંબઈના ટ્રાફિકની વ્યથા............................................. | વસંત જેઠીબાઈ લીલાધર ગાલા 'કચ્છ કેસરી'. | ૨૫ |
| ડૉ. પ્રવીણ વિસરિયા - ડૉ. મનમોહન સિંહના ''કચ્છી મિત્ર''ની કથા | વસંત મોંઘીબાઈ ઉમરશી મારુ ..................... | ૨૭ |
| ક.વી.ઓ. મરણ-ખબર સને ૨૦૦૨ અને ૨૦૨૪.................... | મણિલાલ લક્ષ્મીબેન પ્રેમજી દેઢિયા................ | ૩૧ |
| અસંમજસ સ્થિતિ.......................................................... | રાજેશ જવેરબેન નરશી સાવલા.................... | ૩૩ |
| ''હું છું એક ટેકરી''........................................................ | મોનાલી શાંતાબેન ધનજી ગાલા.................... | ૩૫ |
| સાહિત્ય અમૃત .......................................................... | આલેખનઃ ચંદ્રકાંત હિરબાઈ શિવજી નંદુ....... | ૩૮ |
| પ્રતિભાવ - પ્રતિસાદ .................................................. | | |
| જાન્યુઆરી, ૨૦૨૫નો તંત્રીલેખ........................ | CA શાંતિલાલ હિરબાઈ કુંવરજી રાંભિયા .... | ૪૩ |
| જો પ્રાપ્ત હૈ, પર્યાપ્ત હૈ........................................ | સ્મિતા ભાવેશ શાહ...................................... | ૪૩ |
| પગદંડી જાન્યુઆરી, ૨૦૨૫ - અંક................... | ધીરજ જવેરબેન ગાંગજી મામણિયા.......... | ૪૩ |
| જો પ્રાપ્ત હૈ, પર્યાપ્ત હૈ........................................ | CA નિલેશ વાસંતીબેન કલ્યાણજી સૈયા......... | ૪૪ |
| જાન્યુઆરી ૨૦૨૫ - પગદંડી તંત્રીલેખ.............. | જયંતીલાલ લક્ષ્મીબેન વાલજી ગોગરી........... | ૪૪ |
| 'બાળક ઈશ્વરની અમાનત' ................................ | હંસાબેન જે. શાહ......................................... | ૪૫ |
| ઉર્મિલહર................................................................ | સંપાદન : વિશન પાનબાઈ દેવરાજ નાગડા... | ૪૬ |
| ૨૦૨૩-૨૪ પ્રવૃત્તિઓનો અહેવાલ.......................... | ................................................................ | ૪૯ |
| ગાલા સ્પ્રિંગ્સ કપ-વૉલી બૉલ ટુર્નામેન્ટ અહેવાલ ...... | ................................................................ | ૫૪ |
| સાંત્વન..................................................................... | ................................................................ | ૫૬ |
| મુખપૃષ્ઠ ચિત્ર અને માહિતી......................................... | સંજય ચંદનબેન વિસનજી છેડા .................. | ૧૩ |


**પગદંડી કાર્યાલાય ફોન - ૨૩૭૧ ૪૬૭૪ ટેલી ફેક્સ - ૨૩૭૭ ૩૦૩૨**


Printed and Published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters**, 42, Ideal Indl. Estate Mathuradas Mill Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai-400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samaj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinch Bunder, Mumbai -400009. Editor : **Aswin Popatlal Malde**



Gala Caterers®
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977
GALA CATERERS
From the Heart of Mumbai to the
Vibrant Landscapes of Kutch !
Crafting Moments, Creating Memories
ELEVATE YOUR EVENT WITH
EXQUISITE FLAVOURS & IMPECCABLE SERVICE
GRAND WEDDINGS
ANNIVERSARY PARTIES
BUFFET CATERING
EVENT CATERING
CORPORATE CATERING
DINNER PARTIES
CONTACT US
ATUL GALA | 93 2222 1205 . RAJESH GALA | 98200 32010/50
ROHIT GALA | 98200 99251 . CHIRAG GALA | 97 0202 9280

## તંત્રીસ્થાનેથી



# સોશિયલ મીડિયાના તાણાવાણા

આજ-કાલ આપણી આસપાસ ચોપાસ સોશિયલ મીડિયા કે સામાજિક માધ્યમની બોલબાલા છે.

મોબાઈલ ફોન આવ્યા પછી, એમાં પણ સ્માર્ટ ફોન આવ્યા પછી તો દરેક વ્યક્તિ એમાં કાર્યરત છે.

એટલો કાર્યરત થઈ ગયો કે...

આપણા બધા વહેવારો WhatsApp પર આવી ગયા છે.

અંગત સંબધો અને અરસ-પરસની અવર–જવર લગભગ બંધ થઈ ગઈ છે. સંબંધોની ઉષ્મા ગાયબ થઈ ગઈ છે.

લગ્નનાં આમંત્રણો WhatsApp પર

મિચ્છામિ દુક્કડમ WhatsApp પર

દિવાળી અને સાલ-મુબારક WhatsApp પર

વગદાર વ્યક્તિની પ્રાર્થના YouTube પર

જન્મદિવસ અને લગ્નદિવસની શુભેચ્છાઓ અપરંપાર, પણ WhatsApp પર

બધું ઉપરછલ્લું, લાગણીઓ ગાયબ છે.

આ સોશિયલ મીડિયા શું છે ?

WhatsApp, ફેસબુક, ઈન્ટરનેટ, યુટ્યૂબ, ટ્વિટર, ઈન્સ્ટાગ્રામ અને બીજી ઘણીબધી સગવડો આવી ગઈ છે,

આંગળીને ટેરવે.

દરેક વસ્તુના સારાં નરસાં પાસાં હોય છે.

આ માધ્યમોએ માહિતીનો ધોધ આપણી સમક્ષ વહેવડાવી દીધો છે.

જાણે દુનિયા આપણી મુઠ્ઠીમાં આવી ગઈ છે.

આ માધ્યમોએ આપણે કેવી રીતે એકમેકના સંપર્કમાં રહીએ છીએ, કેવી વર્તણૂંક કરીએ છીએ, ચર્ચા-વિચારણા કરીએ છીએ એમાં જબરજસ્ત ક્રાંતિ આણી છે. આપણાં સગાં-વહાલાં, મિત્રવર્તુળ, વ્યાવસાયિક-વર્તુળ બધાં સાથે સંપર્ક વધી ગયો છે, પરંતુ ફક્ત WhatsApp પર.

કેટકેટલાં ગ્રુપ બને છે, સમાન હેતુ ધરાવતા, સમાન મંતવ્યો ધરાવતી વ્યક્તિઓના.

આ સોશિયલ મીડિયા હવે આપણા જીવનનો અંતરંગ હિસ્સો બની ગયો છે. આ સોશિયલ મીડિયા આપણી માન્યતાઓ નક્કી કરવામાં, આપણું વલણ-દિશા બદલવા એક પ્રભાવશાળી બળ બની રહ્યું છે.

આ મીડિયા અને મીડિયામાં મળતી માહિતીને કારણે,

આજે ઈન્ટરનેટ અને ગૂગલ સર્ચને કારણે દરેક વ્યક્તિએ પોતાના મગજને વાપરવાનું અને મગજમાં માહિતીને સંઘરવાનું લગભગ બંધ કરી નાખ્યું છે. પૂરેપૂરા ગૂગલ સર્ચ પર અવલંબિત અને એમાં પણ ઘણી માહિતી અધકચરી કે અર્ધસત્ય.

અને આપણે પૃથક્કરણ કરવાની ક્ષમતા ગુમાવી દીધી છે.

વૈદ્યકીય માહિતી અને ઉપચારોના સંદેશાનો મારો પણ એટલો જ તીવ્ર હોય છે. મોટા ભાગની માહિતી ચકાસાયેલ હોતી નથી અથવા ક્યારેક બહુ જ જૂની હોય છે. આ માહિતીઓને કારણે પોતાનો ઉપચાર જાતે કરી લેવાનો વર્ગ વધતો જાય છે.

પોતાના ડૉક્ટર પોતે જ. આવા ગૂગલ શૂરવીરોના સવાલોમાં હવે તો ડૉક્ટરો પણ કંટાળી જાય છે. આવું તો ઘણી બાબતોમાં બને છે.

મીડિયામાં સુંદર, સજાવેલ, મઢાવેલ, બીજાની તસ્વીરો જોઈને ઘણા લઘુતાગ્રંથિ અનુભવવા લાગે છે. બધાની સાથે તુલના કારણે કુમળુ મન અધૂરપ સમજવા માંડે છે અને એમાંથી પ્રશ્નોની વણજાર ચાલુ થઈ છે.

અને એટલે જ ઓસ્ટ્રેલિયા જેવા દેશમાં સોશિયલ મીડિયાના ઉપયોગ માટે વય મર્યાદા નક્કી કરી છે. કદાચ ભારત પણ એનું અનુકરણ કરે.

દુનિયાનો મોટો વર્ગ સોશિયલ મીડિયાના કારણે મોબાઈલનો બંધાણી બની ગયો છે.

કોઈ મોબાઈલમાં સંદેશા જોતા રહી ફૉરવર્ડ કરવાનો બંધાણી, ચકાસ્યા વગર, પરંતુ સંદેશો જૂનો થાય, વાયરલ થાય એના પહેલાં ફૉરવર્ડ કરવો એટલે જગ જીત્યા.

કોઈ મોબાઈલ પર ગૅમો રમવાનો બંધાણી, અવસર ન જુએ, ટાણું ન જુએ, પણ પોતે ગૅમમાં મસ્ત.

કોઈ Facebook પર સ્ટોરી upload કરવાનો બંધાણી.

તમો બહાર ફરવા ગયા છો અને બે-પાંચ ફોટો upload કરો તો ઠીક છે, પરંતુ ઘણા તો આખું આલબમ upload કરી નાખે છે. Birthdayની શુભેચ્છા અનિવાર્ય. પતિ અને પત્નીની એકમેકને વેવલાવેડાથી ભરેલ શુભેચ્છાઓ તમોએ જોઈ હશે.

કોઈક Instagramના રીલ બનાવવાના બંધાણી. કંઈક નવું થયું નથી ને રીલ બનાવી નાખી. સંબંધોની ગરિમા અને ગુપ્તતા ગઈકાલની વાત થઈ ગઈ છે. ક્યાંક જઈએ તો રીલ અને રીલ માટે Selfie બનાવવાના ચક્કરમાં ઘણાએ પોતાના જાન પણ ગુમાવ્યા છે.

અને આવું તો ઘણુબધું...

અને Social Mediaમાં ઓતપ્રોત સમૂહને ચાર ભાગમાં વિભાજિત કરાય છે.

ઉંમરના પ્રમાણમાં

| | |
|---|---|
| Generation - Z | ૧૪-૧૮ વર્ષ |
| Millennials | ૧૯-૩૫ વર્ષ |
| Generation - X | ૩૬ -૫૫ વર્ષ |
| Baby Bloomers | ૫૬ થી ઉપર |

બધાં ગ્રુપોની પોતપોતની ખાસિયતો છે. બધાને અલગઅલગ વળગણ છે, અલગ અલગ પારાશીશી અને પરિપકવતા છે, પરંતુ એક વાત ચોક્કસ છે કે દરેક વય જૂથનો મોટો વર્ગ સોશિયલ મીડિયા પર સક્રિય છે.

અને તમો જો ધારતા હોય સોશિયલ મીડિયાની Application બહુ થઈ ગઈ એવુ નથી. નવીનવી આવ્યા જ કરે છે. ઈ.સ. ૨૦૨૪માં લગભગ ૧૩ નવી App આવી છે Partiful, Quest, thread, વગેરે એમાં મુખ્ય છે.

હવે તો નવાંનવાં નામો પણ બધાને આત્મસાત કરવા પડશે.

સોશિયલ મીડિયા ઈન્ફલુઅન્સર્સ : જે વગદાર Followers ધરાવતું હોય. એમાં પણ હોડ હોય છે. Friends & Followers વધારવાનો આવા વગદાર Followers ધરાવતી વ્યક્તિઓનો ઉપયોગ જાહેરાતો અથવા અન્ય સંદેશને અસરકારક રીતે મોકલવામાં કરવામાં આવે છે.

Netizens : જે Internet અને એના ઉપર આવી બધી Appsનો મહત્તમ ઉપયોગ કરે છે અને એના પર પ્રતિક્રિયાઓ આપતા કહે છે.

અને આવું તો ઘણુંબધું...

UPI એક ક્રાંતિકારી App. એ પણ સોશીયલ મીડિયાની દેણગી કહી શકાય અને હવે તો **AI**નો જમાનો આવ્યો છે. એ શું ભાગ ભજવશે એ તો સમય જ કહેશે.

અને આ બધી સગવડો Cyber fraud પણ લઈ આવી છે, નિત-નવી આવ્યા જ કરે છે.

ભણેલ-ગણેલ અને પ્રતિષ્ઠિત લોકો પણ એનો ભોગ બની રહ્યા છે. એટલે વિષયની ગંભીરતા સમજશો.

સોશિયલ મીડિયાનો ઉપયોગ અયોગ્ય નથી, પણ અયોગ્ય છે તો એનો અતિરેક અને એનો દુરુપયોગ.

સોશિયલ મીડિયામાં આપણા Involvement માટે કેટલીક મર્યાદાઓ રાખવી જરૂરી છે. એટિકેટનું પાલન જરૂરી છે.

એકમેકનું માન રાખો, ઉતારી પાડતા વ્યક્તિગત સંદેશોઓ નહીં. ભાષા મર્યાદાપૂર્ણ, બીજાનાં મંતવ્યોને પણ માન આપતા શીખો.

વિવેકપૂર્ણ ઉપયોગ કરો

જવાબદાર બનો, કોઈ પણ માહિતી બીજાને મોકલવા પહેલાં એની ચકાસણી કરો, તથ્યતા તપાસો, એનાથી કોઈની લાગણી ન દુભાય એની તકેદારી લો. બીજાની ગુપ્તતાનો ખ્યાલ રાખો. કોઈના પર પણ એકતરફી સંદેશાનો મારો ન ચલાવો.

તમારા અંગત અને વ્યાવસાયિક એકાઉન્ટ અલગ રાખો.

સંદેશનો અતિરેક ન કરો, મર્યાદા જાળવો, મહત્ત્વના સંદેશા જ શેર કરો.

ભાષાની શુદ્ધતા ચકાસો, ફોટો અને વીડિયો શેર કરતી વખતે એની માહિતી પણ સાથે શેર કરો.

છેલ્લા ઘણા સમયથી એક ચોક્કસ વિચારસરણીને પ્રોત્સાહન આપતાં નવાં ગ્રુપો બનાવવામાં આવ્યાં છે. આ ગ્રુપોમાં બિનચકાસેલ માહિતીનો મારો ચલાવવામાં આવે છે, જે ગેરમાહિતી ફેલાવી શકે છે અને વ્યક્તિઓના સમૂહનું જાતિ અથવા ધર્મના ધોરણે ધ્રુવીકરણ કરવાની શક્યતા ધરાવે છે. આવા સંદેશાને ચકાસ્યા વિના ફૉરવર્ડ કરતાં પહેલાં એનાં બધાં પાસાં ચકાસવા જરૂરી છે.

ખોટી માહિતીને કારણે માનસપરિવર્તન કરવાની કોશિષથી આપણી જાતને બચાવીએ.

જૂના જમાનામાં સોશીયલ મીડિયા એટલે સમાચારપત્રો, રેડિયો, ટેલીવિઝન, ઈત્યાદિ.

આપણા સમાજના સંદર્ભમાં જોઈએ તો ખબર-પત્રિકા એટલે સૌથી વધારે અસરકારક સોશિયલ મીડિયા.

આ ખબર-પત્રિકાનો ઉપયોગ સમાજના ઉત્થાન માટે, સમાજને શિક્ષિત કરવા, સમાજને પ્રગતિશીલ બનાવ્યા ઘણીબધી રીતે થઈ શકે.

પરંતુ હકીકતમાં ખબર-પત્રિકાનો ઉપયોગ મરણ–ખબર સિવાય ફક્ત Paid જાહેરાતો માટે જ કરાય છે.

અને જાહેરાતો જોઈએ તો

વગદાર વ્યક્તિના અવસાન સમયે અધધધ... શ્રદ્ધાંજલિની જાહેરાતો.

ગામેગામે અને લતાવાર વિવિધ ક્રિકેટ ટૂર્નામેન્ટની જાહેરાતો.

ગામેગામ અને લતાવાર ધાર્મિક અનુષ્ઠાનો, ધજાના મહોત્સવની જાહેરાત, વિવિધ નુખની કુળદેવીની પહેડીની જાહેરાતો.

પરિણામની ઋતુમાં ઉત્તીર્ણ થનારાને અભિનંદનની જાહેરાતો.

ચૂંટણીની ઋતુમાં ચૂંટણીવિષયક જાહેરાતો.

એ વાત અલગ છે કે હવે સમાજમાં મહદ્અંશે ચૂંટણી નિવારાય છે.

ચૂંટણીઓ કરવી કે નિવારવી એ ચર્ચાનો વિષય છે.

આ જાહેરાતોનો મારો આપણા સમાજની પારાશીશી છે.

ફરી પાછા સોશિયલ મીડિયાના લેખાજોખા પૅર આવીએ

સોશિયલ મીડિયા કોઈપણ સ્વરૂપે આપણા જીવનનો અંતરગ હિસ્સો તો રહેવાનો જ છે.

આપણે તો કોશિષ કરવાની છે.

એનો શિષ્ટાચાર જાળાવવામાં, કોઈના હાથા ન બનીએ, ધાર્મિક, સામાજિક ધ્રુવીકરણનો હિસ્સો ન બનીએ, એના ઉપયોગમાં અતિરેક ન કરી મર્યાદા જાળવીએ.

જાતને શિક્ષિત કરી Cyber fraudના શિકાર ન બનીએ.

સોશિયલ મીડિયાનો ઉપયોગ જ્ઞાનવર્ધન અને ઉપયોગી માહિતી માટે કરીએ. ઢગલાબંધ પુસ્તકો ઉપલબ્ધ છે હવે તો...

સોશિયલ મીડિયાનો ઉપયોગ આપણી વિશિષ્ટાઓને દુનિયા સમક્ષ લાવવા માટે કરીએ.

સોશિયલ મીડિયાનો ઉપયોગ આપણા ધંધા-વ્યવસાયના સર્વાંગી વિકાસ માટે કરીએ.

સોશિયલ મીડિયાના નકામા, બિનચકાસેલ સંદેશા-માહિતી ફૉરવર્ડ કરવાનું ટાળીએ.

અને આપણી આવનારી પેઢીના સર્વાંગી વિકાસ માટે કરીએ.

ચાલો સોશિયલ મીડિયાનો સપ્રમાણ ઉપયોગ કરી ફરી એકવાર સંબંધો ઉષ્માભર્યા અને લાગણીભર્યા બનાવીએ.

કોઇક ચા પીવા આવો ને...

સહેજ બારણું ખખડાવો ને... (Whats Appમાંથી સાભાર)

**- અશ્વિન લક્ષ્મીબેન પોપટલાલ માલદે (ભુજપુર)**

AMBIKA

# અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :

**સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ,**
**મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ**

૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, ક્રોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ–૪૦૦૦૦૩.
ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪

# લકી બેગ હાઉસ

૯૫, મારલેન રોડ, BST ક્વાટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪
www.luckybaghouse.com

# પ્રમુખશ્રીની કલમે



✲ ડૉ. ચંદ્રકાંત મણિબેન નાનજી લાલન ✲

## વિચારકણિકા

## ફૅમિલી બિઝનેસ

સાત ચોપડી ભણેલા પિતાજીની એક દુકાન, જ્યાં ખાવા-પીવા અને ફરસાણનો ધંધો છેલ્લાં ૨૫ વર્ષથી કરતા હતા. પિતાજીની ઈચ્છા હતી કે દીકરો ભણીગણી સારી નોકરી કરે અને એને પોતાના જેવી મજૂરીવાળી દુકાન ન ચલાવવી પડે. દીકરો MBA સુધીનો અભ્યાસ કરી એક મોટા શો-રૂમમાં નોકરી કરતો થઈ ગયો. વર્ષો વીતતાં ગયાં, નોકરીમાં ખૂબ જ ચિવટપૂર્વક કામ કરીને એરિયા મૅનેજર સુધીની પોસ્ટ ઉપર પહોંચી જાય છે. જવાબદારી વધતા માનસિક તણાવ અને પગાર પણ વધતો ગયો, પણ એક દિવસ એ છોકરાએ સાંજના દુકાન ઉપર આવી પિતાજીને સમાચાર આપ્યા કે, આજે હું કંપનીમાંથી રાજીનામું આપી આવેલ છે. પિતાજીએ પૂછ્યું, બેટા! તો હવે કંઈ કંપની જોઈન કરવા જઈ રહ્યો છે. ત્યારે છોકરાએ જવાબ આપ્યો કે, તે હવે આપણી દુકાનમાં કામ કરવાનો છે. પિતાજી દિગ્મૂઢ થઈ ગયા. બે મિનિટ કાંઈ બોલી ન શક્યા, પણ પરિસ્થિતિ ઉપર કાબૂ મેળવી ખૂબ જ હસતા મોઢે એને આવકાર આપ્યો અને દુકાનમાં સાથે કામ કરવાનું કારણ પૂછ્યું. ત્યારે પુત્રએ જવાબ આપ્યો કે, આટલાં વર્ષ સુધી મોટા કૉર્પોરેટ ક્ષેત્રે કામ કરી જે અનુભવ મેળાવ્યો છે, તે હું આપણી દુકાનમાં લગાડી આપણા વ્યવસાયને આગળ લઈ જવાનું વિચારું છું અને પછીની વાત એક સ્ટોરી બની ગઈ છે. આજે એ પુત્રએ પોતાના અનુભવનો ઉપયોગ કરી નવા જનરેશનની માંગને લક્ષમાં લઈ એમના વ્યાપારને ફક્ત ટૂંક સમયમાં ચાર ગણો વધારી લીધેલ છે.

આજે આપણે Family Business માટે થોડીક વાતો કરીએ. આજથી ૩૦-૪૦ વર્ષ પહેલાં આપણા સમાજમાં શિક્ષણનું પ્રમાણ થોડું ઓછું હતું. આપણા પુરુષો પહેલા નોકરી કરી

અનુભવ લઈ પોતાનો નાનકડો ધંધો કરતા હતા. એ ધંધો દુકાન હોય કે રેડીમેડની ફૅક્ટરી કે સ્ટીલનાં વાસણો બનાવવાનું કારખાનું હોય, પણ એમની ઈચ્છા તો એ જ હતી કે હવે મારાં પુત્ર-પુત્રીઓને ખૂબ જ ભણાવવાં છે ને એમને અમારા જેવી મજૂરી કરવી ન પડે.

એમનાં બધાનાં સંતાનો ભણીગણી નોકરી કરતાં થઈ ગયા. શનિવાર-રવિવારએ રજાઓ. AC ઑફિસમાં ૯.૦૦ થી ૫.૦૦ (૮ કલાક) કામ કરવાનું. એમને આ બહુ ફાવી ગયું, પણ વડીલોના Businessનું ભવિષ્યમાં શું થશે એ વિષે વિચાર કરવાનું છોડી દીધું હતું, પણ લાંબા સમયથી Comfort Zoneમાં નોકરી કરતાં અમુક સંતાનોને લાંબા ગાળે સાંકળ સાથે બંધાયેલ નોકરી પર અણગમો પણ આવવા લાગ્યો અને પિતાજીના Business પ્રત્યે જુદી નજરથી જોવા લાગ્યા. પોતાના આટલાં વર્ષની નોકરીના અનુભવમાંથી શીખેલ જ્ઞાનનો Family Businessમાં ઉપયોગ કરવાનું સાહસ કર્યું અને નવા વિચારો, નવી ટેક્નૉલૉજી અને નવા જનરેશનની માંગને લક્ષમાં રાખી પોતાના Family Businessને ખૂબ જ આગળ લઈ ગયા.

બિઝનેસ ઈનોવેશન એ રિયલ ગ્રોથની નિશાની છે. જો કે, બિઝનેસમાં કંઈક નવું કરવાની આવડત હોય તો સફળતા ચોક્કસ મળવાની અને હવેના સમયમાં બિઝનેસમાં નફાની ચિંતા કરવા કરતા નવા આઈડિયાવાળા બિઝનેસના બીજ રોપવાનું કામ આપણાં ભણેલાં સંતાનો કરે અને સાથે વડીલોના આટલાં વર્ષનો અનુભવનો જો સુમેળ થાય તો બિઝનેસમાં સફળતા અચૂક મળવાની. હવે તમારી કંપની તમારા પ્રોડકસના લીધે ઓળખાય એવું કરવાની જરૂરિયાત છે. વેપારમાં મજબૂત ગ્રોથ માટે આપણે આપણા દૃષ્ટિકોણને સકારાત્મક વિચારો સાથે જોડવાનો રહેશે.

આપણાં ભણેલાં સંતાનો ઘણાં અનુભવો ધરાવે છે અને કુટુંબ પ્રત્યે લાગણીસભર હોય છે. વડીલો પ્રત્યે એમને પ્રેમ હોય છે. જો આવાં સંતાનો પોતાના વડીલોના Businessનું સંચાલન પોતાના હાથમાં લઈ Businessને નવી દિશા આપે તો ફરી એકવાર આપણે સફળ વ્યાપારી કોમ તરીકે આપણા સમાજનું નામ રોશન કરી શકીએ.

**મો. : ૯૩૨૨૯૫૫૮૮૦**

# INCREDIBLE INDIA

# ભોપાવર



ફેબ્રુઆરી ૨૦૨૫ મહિનાના પગદંડીના મુખપૃષ્ઠનો શોભાવતું, આપણાં સોળમા તીર્થંકર ભગવાન શાંતિનાથનું અતિપ્રાચીન તીર્થસ્થાન ભોપાવર, જે મધ્ય પ્રદેશના મેઘનગરથી લગભગ ૭૭ કિલોમીટરના અંતરે આવેલું છે. સરદારપુર, મધ્ય પ્રદેશમાં આવેલ ધાર જિલ્લો સુંદર અને રચનાત્મક મંદિરો માટે જાણીતો છે, તો એમાં આવેલું આ ભોપાવર તીર્થ એની પ્રાચીનતા અને સાથે જોડાયેલી કેટલીય પૌરાણિક કથાઓ માટે પ્રસિદ્ધ છે.

ભોપાવર માટે એવું કહેવાય છે કે, રૂક્ષ્મણીજીનો સ્વયંવર યોજવામાં આવ્યો અને શ્રીકૃષ્ણ સિવાય અન્ય બધા જ રાજકુમારોને આ સ્વયંવરમાં નિમંત્રિત કરવામાં આવ્યા. રૂક્ષ્મણીજીના ભાઈ રૂકમીની ઈચ્છા હતી કે, રૂક્ષ્મણીજીનો વિવાહ શિશુપાલ સાથે થાય. જ્યારે રૂક્ષ્મણીજી મનોમન શ્રીકૃષ્ણને સમર્પિત થઈ ચૂક્યા હતા એટલે એમણે શ્રીકૃષ્ણને સંદેશ મોકલી પોતાને આ સ્વયંવરથી બચાવવા વિનંતી કરી. શ્રીકૃષ્ણ સ્વયંવર પહેલાં જ પહોંચીને રૂક્ષ્મણીજીને ત્યાંથી દ્વારકા લઈ ગયા અને ત્યાં એમની સાથે વિવાહ કર્યા.

બીજી બાજુ રૂકમીએ શ્રીકૃષ્ણ સાથે યુદ્ધ કરવા માટે એમનો પીછો કર્યો. રૂકમી એ શપથ લીધા હતા કે એ શ્રીકૃષ્ણને હરાવ્યા વિના પોતાના રાજ્ય કુંદનપુર (હવે અમઝેરા)માં પાછા નહીં ફરે. યુદ્ધમાં શ્રીકૃષ્ણ



અને બલરામે રૂકમી અને શિશુપાલને હરાવી દીધા. રૂક્ષ્મણીજીએ શ્રીકૃષ્ણ પાસે પોતાના ભાઈ માટે જીવતદાન માગ્યું, એટલે શ્રીકૃષ્ણે રૂકમીને એક સ્તંભ સાથે બાંધીને જીવતો છોડી દીધો. પોતાના શપથને કારણે રૂકમીએ પોતાના રાજ્યમાં પાછા જવાને બદલે એ જ સ્થળ પર ભોજકુટ નામનું એક નગર બાંધ્યું, જે પાછળથી ભોપાવર તરીકે ઓળખાયું. રૂકમીએ પશ્ચાતાપ રૂપે અને પોતાનું બાકીનું જીવન ભોજકુટમાં શાંતિથી પસાર કરવા, કાઉસસગ્ગ મુદ્રામાં ભગવાન શાંતિનાથની ૧૨ ફૂટ ઊંચી શ્યામ પ્રતિમાની સ્થાપના કરી ભવ્ય મંદિરનું નિર્માણ કર્યું.

ભગવાન કૃષ્ણના સમયનું આ પ્રાચીન તીર્થ આવા ભવ્ય ભૂતકાળ માટે ખૂબ જ નામના પામ્યું છે. આ તીર્થની ગરિમા તેમ જ જાગ્રત સ્થાન માટે અનેક વાતો સાંભળવા મળે છે. સ્થાનિક લોકવાયકા મુજબ લોકોએ છ ફૂટ લાંબા કાળા સર્પને ઘણીવાર આ મંદિરની પરિક્રમા કરતાં જોયો છે.

સમયના વહેણ સાથે આ તીર્થનો પણ ઘણીવાર જીર્ણોદ્ધાર થયો છે. નવનિર્માણ પછી બે માળનું આ મંદિર સુંદર આંતરિક નકશીકામ, સ્તંભોના કોતરકામ, લાકડાના સુંદર દરવાજા અને જમીન પર આરસપહાણમાં સુંદર ફૂલોની ઝીણવટભરી કારીગીરીને કારણે ખૂબ જ સુંદર અને આકર્ષક બન્યું છે. મંદિરની બહારની રચના



સોમનાથના જ્યોતિર્લિંગ મંદિરની યાદ અપાવે, તો મંદિરની ભીતરનું સૌંદર્ય દેલવાડાનાં મંદિરોની યાદ અપાવે છે.

મંદિરના પ્રવેશદ્વારની પાસે જ તીર્થની શરૂઆતથી લઈને જીર્ણોદ્ધાર સુધીની માહિતી આપતું નોટિસ બોર્ડ, ડાબે હાથે નવી પેઢી માટે I Love Bhopavarનો સેલ્ફી પૉઈન્ટ, વિશાળ સંકુલની મધ્યમાં આવેલું શાંતિનાથ દાદાનું આ અતિ પ્રાચીન તીર્થ, દર્શન કરવા આવનાર અને પાછા જનાર દરેક દર્શનાર્થીનું ઢોલ-શરણાઈ સાથેનું સ્વાગત, આખા સંકુલમાં ક્યાંય પણ, સુંદર સેનેટોરિયમથી ભોજનાલય સુધી કે પછી મંદિરના સૌથી ઊંચા પગથિયે આવેલ મુખ્ય દ્વાર સુધી સિનિયર સિટીઝન વ્હીલચૅરથી પણ ફરી શકે એવા રેમ્પની ગોઠવણ સાથેનું સુંદર આયોજન, વળી અન્ય દર્શનાર્થીઓ માટે સેનેટોરિયમથી મંદિર તેમ જ ભોજનશાળા

સુધી ગોલ્ફ કારની સગવડ. સરવાળે નાનાં ભૂલકાંથી લઈને સિનિયર સિટીઝન દરેકની સગવડ/અગવડનું પૂરતું ધ્યાન રાખીને કરાયેલ દરેક ગોઠવણ, દરેક આયોજનથી તીર્થસ્થાન વધુ ખીલી ઉઠે છે

મંદિરના ગંભારામાં શોભતી શાંતિનાથ દાદાની કાઉસસગ્ગ મુદ્રામાં શ્યામ મૂર્તિ અને સામે દર્શનાર્થીઓ માટે દર્શન, ભાવના, પૂજા, પાઠ માટે વિશાળ હૉલ અને એ વિશાળ હૉલમાં રંગબેરંગી ફૂલો. ઈત્યાદિની કોતરણીવાળું ઠંડક આપતું માર્બલનું ફ્લોરિંગ.

આ મંદિર વિષે હજુ એક લોકવાયકા છે. મૂર્તિની પ્રદક્ષિણા કરતી વેળા ગંભારાની એકદમ પાછળ જ એક શ્વેત માર્બલની મોટી દીવાલ પર પ્રદક્ષિણા કરતાં કરતાં લોકો રોકાય છે. આ મંદિર વિષે એવી માન્યતા છે કે એ દીવાલ પર ઊંધો સ્વસ્તિક કરી તમારી માનતા માનો અને એ માનતા પૂરી થતાં જ ફરી દર્શન માટે પધારી એ દીવાલ પર સીધું સ્વસ્તિક દોરી એ માનતા પૂરી કરો. (એ દીવાલની ઉપર તરફ, એ દીવાલ પર કંકુના નિશાન ના કરવાની વિનંતી લખેલી છે), પણ સાથે સાથે એની જ બાજુમાં કંકુનો એક વાટકો તેમ જ આંગળી લૂછવા બે કાપડના કટકા પણ બાંધી રાખેલ છે, જેને કારણે મોટા ભાગના દર્શનાર્થી મંદિરની મનાઈની વિનંતી હોવા છતાં એ દીવાલ પર ઊંધા તેમ જ સીધા સ્વસ્તિક કરે જ છે. (એ પણ જોયું કે ત્યાં સીધા કરતાં ઊંધા સ્વસ્તિકની સંખ્યા વધુ હતી જેનું કારણ સાફ હતું. જેમની એક માનતા પૂરી થઈ એમણે એક સીધું સ્વસ્તિક કરી, ફરી બીજું ઊંધું સ્વસ્તિક કરી નવી માનતા માનીને જ તીર્થમાંથી રજા લીધી હશે.)

અતિ પ્રાચીન અને પૌરાણિક કથાઓના ભવ્ય ઈતિહાસ ધરાવતા આ તીર્થની એક મુલાકાત આપ સૌએ લેરી જ રહી.

છેલ્લે: આ અને આવી અન્ય કેટલાય તીર્થોમાં એક વાત મને અંગત રીતે સદા ખટકતી રહે છે. અન્ય તીર્થોની જેમ આ તીર્થના જીર્ણોદ્ધારમાં પણ ગુટખા કંપનીની કાળી કમાઈ, ''સોનાની થાળીમાં લોઢાની મેખ'' સમાન છે, જેના વિષે આપણાં ધર્મગુરુઓએ, સમાજના મોભીઓએ તેમ જ આવનારી પેઢીએ કંઈક વિચારવું / કરવું જ રહ્યું.

ઓગસ્ટ ૨૦૨૩ની પગદંડીના એક લેખમાં ટાંકેલ **''ભાવેશ શાહ, (શહેરી)''**ના શેર સાથે અસ્તુ.

***છે સાચે ધર્મનું સ્થાનક?***
***તો દ્વારે પાટિયું મૂકો***
***અનીતિનું અગર હો ધન તો,***
***અહીંયા દાન કરવું નહીં.***

*ફોટો અને માહિતી :*
*CA સંજય ચંદનબેન વિસનજી છેડા*
*(રતાડિયા ગણેશવાલા)*
*મો.: ૯૮૯૨૮૧૫૩૬૭*





લીલાધર હાંસબાઈ માણેક ગડા 'અધા'

# અકબરનો ઈન્તેકાલ- અમારા ટબ્બુની વિદાય

સને ૨૦૦૮ની આ વાત છે. ભોજાય સર્વોદય ટ્રસ્ટનાં માનસિક ક્ષતિગ્રસ્ત બાળકો માટેની નિવાસી તાલીમ શાળા માનસ મંદિરમાં અંજાર તાલુકાના લોહારિયા ગામના અગરિયા પરિવારના ત્રણેક જણ બારેક વર્ષના બાળકને લઈ આવ્યા હતા. એમની મુલાકાતનો ઉદ્દેશ બાળક અકબરને માનસ મંદિરમાં દાખલ કરાવવાનો હતો. માનસ મંદિરની મુલાકત પછી ત્રણેય પરિવારજનોમાં બાળકને દાખલ કરાવવા અંગે રકઝક થતી હતી. માનસ મંદિરના મુખ્ય શિક્ષક ગણેશભાઈ પરમારે ઍડ્મિશન ફૉર્મમાં વિગતો લખી. બાળકનું નામ અકબર, માતાનું નામ મરીઅમ, પિતાનું નામ સુલેમાન. દાદાનું નામ ઈબ્રાહિમ, ગામ લોહારિયા, ઉં. વર્ષ ૧૨, આટલી વિગતો ભરાઈ ત્યાં અધવચ્ચે સુલેમાનભાઈ ઊભા થયા અને જણાવ્યું કે તેઓ પોતાના બાળકને યતીમખાના-અનાથાશ્રમમાં દાખલ કરાવવા નથી ઈચ્છતા અન્ય પરિવારજનો અને મુખ્ય શિક્ષકે દલીલ કરી કે માનસ મંદિર અનાથાશ્રમ નથી, પરંતુ આ તાલીમ શાળા છે. બોર્ડિંગ સ્કૂલ છે. કોઈની દલીલ સુલેમાનને ગળે ઊતરી નહીં અને પરિવાર બાળક અકબરને લઈ લોહારિયા પાછો ગયો.

સુલેમાનના પરિવારમાં પત્ની મરીઅમ અને દીકરો અકબર હતાં. દીકરો જન્મથી મંદબુદ્ધિ હતો એટલે સ્વાભાવિક પણે માતા-પિતાનો લાડકો હતો. અકબરને પિતા સાથે બહુ બનતું અને માતા સાથે એને થોડુંક ઓછું બનતું, પણ અકબર મંદબુધ્ધિ હોવાથી આ બધુ એનાથી અજાણતા થતું. લોહારિયા ગામના અગરિયા વાસમાં સુલેમાનનું નાનું મકાન હતું. સુલેમાન શ્રમજીવી હતો. મજુરી ઉપરાંત એના નાના ખેતરની મર્યાદિત અનાજની આવકમાં પરિવારનું નભી જતું. બાળકની સારવાર-દોડધામ પાછળ ખર્ચ પણ થતો હતો.

પતિ-પત્ની બેઉમાંથી એક અકબરની દેખરેખ કરે અને બીજી વ્યક્તિ મજૂરીએ જાય તો જ પરિવારનું ગાડું ચાલે.

સુખરૂપ જીવન વિતાવતા પરિવારે ૨૦૧૨ના વર્ષમાં ભયંકર આંચકો અનુભવ્યો. સુલેમાનનું અચાનક અવસાન થતાં મરીઅમ પર દુઃખ વરસી પડ્યું. મૃત્યુના કારજમાં ચાળીસ દિવસ જેમતેમ પસાર થયા. ત્યાર

પછી પરિવાર માટેની સહાનુભૂતિમાં ઓટ આવી. મરીઅમ અને એનું બાળક અકબર એકલાં પડ્યાં. પિતાની ગેરહાજરીને કારણે અકબરના ઉધામા વધવા લાગ્યા. સમગ્ર અગરિયા વાસમાંથી મરીઅમબેનના ભત્રીજા હુસેનનો થોડો ઘણો સહારો હતો, પરંતુ એની પણ મર્યાદા હતી. આજીવિકા માટે મરીઅમને મજૂરીએ જવું જરૂરી હતું. અકબરને ઘરે એકલો મૂકી શકાય તેમ નહોતું અને મરીઅમ મજૂરીએ જાય તો અકબરને સાથે પણ લઈ જઈ શકે નહીં, કારણકે મજુરી સ્થળે અકબર તોફાન કરે. આ વિકટ સમસ્યાનો હલ શો ? એનો ઉપાય શું ?

અગરિયા પરિવાર ભેગો થયો અને નક્કી કર્યું કે અકબરને માનસ મંદિરમાં દાખલ કરીએ. પરિવારને મૂંઝવણ હતી કે અકબરને હવે તાલીમ આપવી શક્ય ન હતી તો માનસ મંદિરમાં એને દાખલ કેમ કરશે, છતાં પણ એક પ્રયત્ન કરવો. આ વખતે પરિવારજન સાથે મરીઅમ અને બાળક અકબર માનસી થઈ માનસ મંદિર આવ્યાં. સંજોગવશાત તેઓ આવ્યાં ત્યારે મારી હાજરી હતી. માનસ મંદિરનાં પ્રાંગણમાં અમે સૌ બેઠા ત્યારે હુસેનભાઈએ અકબરને માનસ મંદિરમાં દાખલ કરવાની વિનંતી સાથે છ વર્ષ અગાઉ સુલેમાને કહેલા શબ્દોની માફી માગી. માનસ મંદિરના નિયમો મુજબ અકબર ઉર્ફે ટબ્બુને દાખલ કરી શકાય નહીં, કારણ કે એની ઉંમર હવે અઢાર વર્ષની થઈ ગઈ હતી અને એની મનઃસ્થિતિ પ્રમાણે તાલીમ પણ આપી શકાય નહીં. અમારી વાતચીત દરમ્યાન અકબર જમીન પર બેસી ગયો અને કીડામંકોડા પકડી મોઢામાં નાખવા લાગ્યો. અકબરની મંદબુદ્ધિ કક્ષા હવે ગાંડપણમાં પરિણમી હતી. પરિવાર સાથેની વાતચીત કરતાં જાણવા મળ્યું કે, અકબર ગમે ત્યાં મળમૂત્ર કરે છે અને અડધી રાત્રિ સુધી આંટાફેરા કરતો રહે છે.

''અકબરને અમે માનસ મંદિરમાં દાખલ કરી શકીએ નહીં, કારણ કે માનસ મંદિર તાલીમ શાળા છે અને અકબરને તાલીમ આપી શકાય એવી એની સ્થિતિ નથી''. હું અમારો નિર્ણય પરિવારને જણાવતો હતો ત્યારે મરીઅમબાનુ મારી પાસે આવી પોતાનો પાલવ પસારી આજીજી કરવા લાગી, ''અધા, અકબર કે અંઈ દાખલ કર્યો અને મું મથે ઓપકાર કયો. આંકે વિધવા મા જી અરજ આય'' (અધા, અકબરને આપ દાખલ કરો એવી મારી વિધવા માની અરજ છે. મારા પર ઉપકાર કરો) અને મરીઅમે ડૂસકાં લીધાં. વાતાવરણમાં કરુણા છવાઈ ગઈ. મુખ્ય શિક્ષક, ચુનીલાલ અને હું ત્રણે એ ભેગા થઈ મસલત કરી. ચુનીલાલે જણાવ્યું કે, આપણે અકબરને ચાર-પાંચ દિવસ માટે રાખીએ. મરીઅમબેન પણ રોકાય. જો બાળકમાં થોડો સુધારો જણાય તો અકબર અહીં રહે, નહીં તો પાંચ દિવસ પછી અકબરને પાછો મોકલીએ ! ચુનીલાલની વાત અમે સ્વીકારી. અમે અકબર, મરીઅમબેનને

ભોજાયમાં રોકી લીધા અને અગરિયા પરિવારને રવાના કર્યા. મરીઅમબેનને સૂચના આપી કે એમણે અકબરથી દૂર રહેવું, અકબરની સામે પણ આવવું નહીં.

અમારા સૌના આશ્ચર્ય વચ્ચે બીજા દિવસથી અકબરનું વર્તન સામાન્ય થવા લાગ્યું. એણે કીડામંકોડા મોઢામાં નાખવાનું બંધ કર્યું. વારે ઘડીએ કપડા ઉતારી નાખવાનું પણ એણે બંધ કર્યું. અલબત્ત અકબર માનસ મંદિરમાં મુક્તપણે ફરતો રહ્યો અને કોઈપણ પ્રકારની તોડફોડ કે અન્ય બાળકોને મારવાનું પણ કરતો નહીં. આ એક ચમત્કાર હતો. મને લાગે છે કે, આ ચમત્કાર માનસ મંદિરના વાતાવરણે અને અમારી સૌની ભલી લાગણીએ કર્યો છે, નહીં તો સાવ ગાંડપણની કક્ષાએ પહોંચેલો અકબર માત્ર બાર કલાકમાં ડાહ્યોડમરો કેમ થઈ જાય? અકબરના નસીબમાં પણ બદલાવ થવાનો હશે. ત્રીજા દિવસે મરીઅમબેને રજા લીધી અને ભોજાયથી બિદડા-માનસીમાં પહોંચી. તેણે ગીતાબેનને જણાવ્યું કે, પોતે માનસીમાં રહી દીકરીઓ માટે કશુંક કરવા ઈચ્છે છે અને એ રીતે અકબરનું ભલું કર્યાનું સાટું વાળી આપવાનું છે. માનસ મંદિરમાં અકબર અને માનસીમાં મરીઅમબેન, આમ બંને સચવાઈ ગયાં, ગોઠવાઈ ગયાં. માનસી તરફથી મરીઅમબેનને સવેતન દીકરીઓની કેરટેકર, સાર-સંભાળ રાખવાની જવાબદારી સોંપવામાં આવી.

‘‘માનસી’’માંથી મળનારું મહેનતાણું મરીઅમબેનની બચત થઈ, ભવિષ્યની નિશ્ચિતતા થઈ.

માનસ મંદિરનાં માહોલ અને વાતાવરણે અકબરને સાચવી લીધો. અકબરને તાલીમ આપવી શકય ન હતી. અકબર શાંતપણે એક સ્થળે બેસી રહે અથવા ક્યારેક આખા પરિસરમાં આંટા મારે, સમયસર નહાઈ લે, થોડી મદદથી કપડાં પહેરી લે, બધાની સાથે ભોજન કરી લે. એક નિષ્પાપ, પરંતુ નિષ્ક્રિય જીવાત્મા બની એ રહેતો હતો, પરંતુ સને ૨૦૧૯ એટલે પાંચ વર્ષ પછી અકબરના વર્તનમાં બદલાવ આવવા લાગ્યો. દૈનિક ક્રિયાઓ કરવામાં પણ બેધ્યાન થતો હતો. ક્યારેક બાળકોને મારી લેતો હતો. ઊંઘ પણ ઓછી થઈ ગઈ અને ધીરેધીરે પૂર્ણ ગાંડપણ તરફ એનું પ્રયાણ થતું હતું. દરમ્યાન કોરોનાનું પગરણ થયું. એની સાથેસાથે અકબરની હેરાનગતિઓ વધવા લાગી. અને ન છૂટકે છ વર્ષ પછી અકબરને એને ઘરે પાછો મોકલી દીધો અને એને કારણે મરીઅમબેન પણ કમને માનસીમાંથી છૂટાં થયાં. ઘરે અકબર કોઈથી સચવાય નહીં. ઘરમાં તોડફોડ કરે, મરીઅમબેનને મારે, જોર એટલું કરે કે બે જણ માંડમાંડ એને પકડી રાખે, ક્યારેક એને બીઝી રાખવો પડતો. આવી વ્યક્તિઓ માટે સરકારી પાગલખાના સિવાય અન્ય કોઈ સ્થળની

શોધમાં અકબરનો કાકાઈભાઈ કચ્છ સૌરાષ્ટ્ર ફરી વળ્યો, પરંતુ કોઈ સ્થળે હામી ભરી નહીં. રાજકોટ જિલ્લાનાં સરધાર ગામમાં કસ્તૂરબા આશ્રયમાં એને દાખલ કર્યો, પરંતુ બે દિવસમાં રજા આપવામાં આવી.

મરીઅમબાનુ અને પરિવાર ભારે મૂંઝવણમાં આવી ગયા. અકબરનું વર્તન કાબૂ બહાર થતું હતું. અકબર પાસે સતત એક જણાને રહેવું પડતું. એવામાં મોરબી પાસે યદુનંદન ટ્રસ્ટમાં આવી વ્યક્તિઓને સાચવવામાં આવે છે એવા વાવડ મળતાં અકબરને ત્યાં લઈ ગયા.

યદુનંદન ટ્રસ્ટ વાસ્તવમાં ગૌશાળા છે. કાનાભાઈ આહીર નામે ભાઈએ આ ગૌશાળામાં ૩૦૦૦ જેટલી ગાયોને સાચવે છે. ગૌશાળાનું વાતાવરણ સુંદર છે. અહીં કાનાભાઈ ૧૬૦ થી ૧૭૦ પાગલ અને નિમ્ન પાગલ લોકોને રાખે છે. આવી વ્યક્તિઓ માટે યદુનંદન ગૌશાળા - આશ્રમ કોઈ પણ ચાર્જ લેતા નથી. ફરી એકવાર ચમત્કાર થયો. ઉધામા મચાવતો, તોફાન કરતો અકબર એકાએક શાંત થઈ ગયો અને એને બીજું આશ્રયસ્થાન મળ્યું. અકબરનું ગોઠવાઈ જતાં મરીઅમબેન ફરી પાછાં માનસીમાં દીકરીઓની સાર-સંભાળ માટે આવી ગયા. વચ્ચે વચ્ચે હુસેનભાઈ મોરબી આંટોફેરો કરતા અને અકબરના સમાચાર લાવતા. અકબર ક્ષેમકુશળ હતો અને એની ચિંતા ન હતી.

ત્રણ વર્ષ પછી ૨૩ ડિસેંબર ૨૦૨૪ના અકબરને એકાએક ખેંચ આવી-ફિટ આવી. અકબરને ફિટમાંથી પાછી શુદ્ધિ આવી નહીં અને એ ખુદાને પ્યારો થઈ ગયો. અકબરનાં સમાચાર મળતાં માનસ મંદિરમાં ગ્લાનિ છવાઈ. એક આપ્તજન ગુમાવ્યાના દુઃખ સાથે અકબર અને એના પરિવારનો અજીબોગરીબ વ્યાધિમાંથી છુટકારો થયો એનો સંતોષ પણ હતો.

આટલા મોટા વિશ્વમાં અકબર સમકક્ષ વ્યક્તિઓ માટે બહુ જ મર્યાદિત અથવા નહિંવત્ આશ્રયસ્થાનો છે. અકબરને પાંચ વર્ષ માનસ મંદિરે અને ત્રણ વર્ષ યદુનંદન ટ્રસ્ટે એમ આઠ વર્ષ એના ક્રિટિકલ સમય (Critical Period) દરમ્યાન સાચવ્યો અકબર ૨૮માં વર્ષે અવસાન પામ્યો એટલે ૨૦ વર્ષ પરિવારમાં રહ્યો. બાળપણનાં ૮-૧૦ વર્ષ બાદ કરતાં શેષ ૧૦-૧૨ વર્ષ પરિવારે કેટલી મથામણ, તકલીફ ભોગવી હશે. અકબરના પિતા સુલેમાન શરૂઆતનાં વર્ષોમાં અકબરની આઠ-દસ વર્ષની વયે તાલીમ શાળામાં દાખલ કરી દેત તો બધા સુખચૈનથી રહી શક્યા હોત. આપણાં અજ્ઞાન અને અહમ્‌ને કારણે ઘણી મુસીબતો આપણે સ્વયં વહોરી લઈએ છીએ. માનસ મંદિર અને માનસીમાં એવાં બાળકો-બાળકીઓ છે જેમના માવિત્રોએ સમજપૂર્વક નાની વયે માનસિક

ક્ષતિગ્રસ્ત બાળકો - બાળકીઓને આવામાં મૂક્યાં છે.

રૂઢિયુક્ત અગરિયા સમાજમાં મૃત્યુ પછી ચાલીસા માનવાનો રિવાજ છે. મૃત્યુ પામનાર વ્યક્તિની સાથે નજીકના સભ્યોએ ચાળીસ દિવસ ખૂણો પાડવો જોઈએ અને ઘર છોડી બહાર જઈ ન શકે. મરીઅમબેને આ રિવાજ પાડ્યો નહીં.

માનસીની દીકરીઓ માટેની પોતાની ફરજને પ્રાધાન્ય આપ્યું. પંદર દિવસ પછી પોતાને ગામથી માનસી-બિદડા આવ્યાં અને સર્વ શોકને ખંખેરી ફરજ પર હાજર થયાં.

ખરો યશ તો યદુનંદન ટ્રસ્ટને આપવો જોઈએ. પાગલ અને નિમ્ન પાગલ ૧૬૦ થી ૧૮૦ જેટલી વ્યક્તિઓને સંભાળે છે. મુખ્ય ટ્રસ્ટી કાનાભાઈ આહીર એમાં ઓતઃપ્રોત છે. ત્રણેક હજાર ગાયોનો સાચવવી, ઉછેર કરવો એ કેટલુ કપરું કાર્ય છે એ તો કરતો હોય તે જ જાણે. માનવતાના આ મશાચલીઓને વંદન.

**મો. : ૯૮૭૯૫૦૬૦૬૯**

## b *હાર્દિક નિમંત્રણ* b

*લીલાધર ગડા- અધાની સેવાયાત્રા (૧૯૭૩ થી ૨૦૨૪) ને ૫૧ વર્ષ પુરા થયા છે. આ કર્મયાત્રાને અધાએ શબ્દોમાં કંડારી છે, **''થઈ જશે''** નામે પુસ્તકરૂપે પ્રગટ થાય છે. આ પુસ્તકની પ્રસ્તાવના લોકભારતી, સણોસરાના મુખ્ય નિયમાક ડૉ. અરૂણભાઈ દવેએ લખી છે. તેઓ લખે છે. ''આજે ૮૭ વર્ષ અધા પુરુષાર્થી કર્મઠ કલ્યાણયાત્રી તરીકે અને નિજાનંદ માટે સેવાકાર્યોમાં રમમાણ છે. માણસને હૂંફ આપતી માણસાઇનું વાવેતર કરતી, છેવાડાના માણસને પડખે ઉભી રહેતી અધાની જીવનયાત્રા હવે શબ્દોમાં **''થઈ જશે''** કર્મગાથામાં અભિવ્યક્ત થઇ છે. એમાંથી પસાર થતા હું સ્વંય નખશીશ ભિજાયો છું. આપ પણ કોરા નહીં રહો એવો મારો ભરોસો છે.''*

*''પ્રભુને પ્રાર્થના કે હરેક પંથકને અધા જેવો ધખતો સેવાધુણી મળી રહે.''*

### પુસ્તક પ્રાગટ્ય

દિન-દિનાંક : રવિવાર, ૯ માર્ચ, ૨૦૨૫


સમય : સાંજે ૩:૪૫ કલાકે

સ્થળ : પ્રા. બી. એન. વૈદ્ય હોલ,

કિંગ જ્યોર્જ હાઇસ્કુલ, હિંદુ કોલોની, દાદર પૂર્વ, મુંબઈ ૪૦૦૦૧૪

b ***રસિકજનોને પધારવા નિમંત્રણ છે*** b

# જેને શીખતાં આવડ્યું તેને...



✲ ગુલાબ પાનબાઈ રવજી દેઢિયા ✲

બારી ખોલી આપે, ના; બારી ન પણ ખોલી આપે. બારી હોવાની, બારી છે એવી શ્રદ્ધા જગાડે, બારી ખોલવાના તરીકા દેખાડે, બારી તરફ આંગળી ચીંધે તે ગુરુ. ગુરુની વ્યાખ્યા ન થાય, ગુરુને વ્યાખ્યામાં ન બાંધી શકાય એ સમજ આપે તે ગુરુ. ગુરુ તો આંગળી પકડે, પછી છોડે, પછી દૂર ઊભા રહે, પડવા ના દે, પડીએ-આખડીએ તો ઊભા કરે, ચપટી સ્મિત કરે. એનો આજનો પાઠ કહે તે ગુરુ.

ગુરુ જિજ્ઞાસા વાવે, પ્રશ્નો કરતાં શીખવે, તર્જની સંકેતથી વિશાળતા દાખવે,ખરે ટાણે મદદે આવે. સારું છે કે આપણાને ખબરેય નથી કે કોણે-કોણે, ક્યારે-ક્યારે, કેટકેટલું શીખવ્યું છે!

રામનારાયણ પાઠક 'શેષ'નું એક યાદગાર કાવ્ય છે 'પરથમ પરણામ'. પાઠકસાહેબે પોતાના ઉપર ઉપકાર કરનાર માતા, પિતા, ગુરુ, મિત્ર, શત્રુ, જીવનસાથી, ગાંધીજી અને જગતને પ્રણામ કર્યા છે. આ કાવ્યને જરાક જુદી રીતે જોઈએ તો આ બધા જ આપણા ગુરુ છે, એ બધા આપણને કંઈક શીખવે છે. જ્ઞાન આપે છે. આપણું જીવનઘડતર કરે છે. આ કાવ્ય વાંચવા જેવું છે, ન વાંચ્યું હોય તો એ વાંચવાનો આનંદ બાકી છે એમ સમજજો.

જેનો શીખતાં આવડ્યું તેનો શું ન આવડ્યું? શીખવાની જરૂર છે. 'જીવનભર શીખવાની આકાંક્ષા રાખવી જોઈએ' એ મહાવીરવાણીમાં કહ્યું છે. એટલે કે ખરો મહિમા શીખવાનો છે. તમે ઘોડાને તળાવ સુધી લઈ જઈ શકો, પાણી તો ઘોડાએ જ પીવાનું છે. આવી જબરી વાત કહેનારને સલામ.

બધું જ જો ગુરુ કરી આપે તો થઈ રહ્યું! ગુરુ તો ચીંધે, ખપ પડે ત્યાં વીંધે, સાંધે પણ ન બાંધે. ગુરુનો અંશ શિષ્યમાં આવે, એ પાછો બીજાને દેતો જાય, એમ અખંડધારા ચાલ્યા કરે. શીખવું એટલે પોતાને મળવું, પોતામાં ભળવું, ચોપાસના વાતાવરણમાંથી ઝીણી નજરે, કીડી રેતીમાંથી સાકર પોતાની કરી લે તેમ, કીડી જેવા નાના બનીને પામવું. હવે શાળામાં પહેલા ધોરણમાં દાખલ થવાની વય છ વર્ષ કરી છે, પણ શીખવાની કોઈ ઉંમર હોતી નથી. જે શીખે તે યુવાન છે, શીખે છે તે તરવરિયો છે, તરવૈયો છે. એવી પ્રાર્થના કરવાનું મન થાય કે આ જગતમાંથી વિદાય લેતી વખતે પણ કંઈક શીખીને, કંઈક

ગાંઠે બાંધીને, ઘણી ગાંઠો છોડીને જઈએ.

'સમસંવેદના' ખરો માર્મિક શબ્દ છે. એના જેવો અનુભવ કરવો, એ વાતને, એ વસ્તુને બરોબર મૂળમાંથી પામવી. આ સચરાચર સૃષ્ટિને સમસંવેદનાથી પામીએ તો રહસ્યો સાવ સાદાંસીધાં લાગે, બાળક જેવાં. અગોચર બધું ગોચર લાગે. બધા તત્ત્વો મુઠ્ઠી ખોલવા તત્પર છે. આપણે એમને સ્પર્શીએ એટલી જ વાર છે!

થોડીક ગુરુવંદના કરીએ. સુધરીથી લઈને વણકર, વરસતા વરસાદમાં શેરીમાંથી વહેતા પાણીમાંથી ઊઠતા પરપોટા, ઝાંઝવાના લહેરાતાં જળ, વિભિન્ન પ્રકારની વિરહની અને એટલી જ મિલનની ક્ષણો, સૂર્યોદય અને સૂર્યાસ્ત વખતની આપણી મનોદશા, ઉનાળાની અરવ શાંતિમાં સંભળાતો હોલારવ, અમાસ અને પૂનમની રાત, પાનખરમાં સામેના વૃક્ષ પરતી ખરતાં પાન, આ બધાં કંઈક ને કંઈક શીખવે છે, જો શીખતાં આવડે તો?

ઉત્સવની તૈયારીઓ, ઉત્સવનું વાતાવરણ પછી ઉત્સવ પૂરો થતાં વિખરાયેલો મંડપ બધાને કંઈક કહેવું છે. આપણા ગુરુઓની પહેલી હરોળમાં આપણી પ્રાથમિક શાળાના આપણા પ્રિય શિક્ષક જરૂર યાદ આવે.

આપણા નાજુક નાનકડા હાથમાં પહેલી વાર ચોપડી આવી, તે રોમાંચની ક્ષણ હતી. હવે આ પુસ્તકો તો આપણા મહાગુરુ થઈ ગયા છે. આ ગ્રંથોના સર્જકો દૂરદૂર બેઠા બેઠા આપણાને જ્ઞાન આપે છે. આ પરોક્ષ ગુરુઓને વંદન હોજો. એક વારમાં કોઈ પુસ્તક થોડું વંચાઈ રહે છે! એ તો ફરી ફરી વાંચીએ તેમ નવુંનવું કંઈક આપે છે. એકાદ પુસ્તક સાથે સારાસારી થઈ જાય તો જગ જીત્યા.

શિષ્યની અંદર ગુરુ વિરાજમાન હોય, હાજરાહજૂર હોય એનાથી રૂડું શું? એ ગુરુ છે 'વિવેક'. વિનય આવે તો વિદ્યા આવે, વિદ્યા આવે તો વિવેક આવે, વિવેક આવે તો પછી ઘણીબધી નિરાંત આવે. આનંદ આવે. નિજાનંદમાં રહેવાનું શિક્ષણ આ વિવેકચંદ્ર ગુરુ આપે છે. મહાવીરવાણીમાં કહ્યું છે ને, 'સાર્થક છે તે લઈ લો અને નિરર્થક છે તે છોડી દો.' આ સાર્થક અને નિરર્થકની પરખ કોણ કરાવે? તે છે વિવેકચંદ્ર પારેખ. વિવેક ખરો પારખું છે. ગુરુણામ ગુરુ છે.

આપણા સંજોગો શું આપણા ગુરુ નથી? છેને વળી! અનુભવ શીખવે તે કોઈ ન શીખવે. ફી જરા મોંઘી છે. પણ જાતઅનુભવની ફી સરવાળે સસ્તી પડે. આપણું એકાંત, આપણી ચેતના, બજારની ભીડ, આનંદની ક્ષણો, પરાજયની ક્ષણો, કંઈક ગુમાવ્યાનો રંજ, કંઈક પામ્યાનો સંતોષ, આ બધા ગુરુકક્ષામાં જ છે.

'ગુરુ થા તારો તું જ' એનો એવો અર્થ પણ કરીએ ને કે, 'શિષ્ય થા તારો તું જ'.

આપણી ભૂલો, આપણી પરિસ્થિતિ, સંજોગ, વૃત્તિ, વ્યવહાર, સ્વજનો બધા નાના-મોટા પાઠ તો શીખવે જ છે. આપણી ઈચ્છા હોય કે અનિચ્છા.

આપણને શિષ્ય બનવામાં બાધક હોય તે કષાયો છે. અહંકાર એ તો મકનો હાથી છે. એને કેળવી શક્યા તો કેળવણી આપણી દીપી ઊઠે. પ્રમાદ છોડીએ તો જ્ઞાનનો પ્રમોદ પામીએ. ગુરુપદના દાવેદારોમાં એક ગુરુ સદાય આપણી સાથે જ રહે છે. તે છે સમય મહારાજા.

દશે દિશાએથી શુભ વિચાર આપણી અંદર આવવા તૈયાર ઊભા છે. આપણી પાસે વિસ્મય જોઈએ, ખંત જોઈએ, ખેવના જોઈએ, હળવાશ જોઈએ, જ્ઞાન સાથે બોજ ન આવે પણ મોજ આવે. અંગૂઠી ઉતારતાં, અળવી આંગળી જોતા આવડી જાય તો...

જે જે ગુરુ આપણને મળે એનો આપણી સાથે ઋણાનુબંધ પણ હોવો જોઈએ. ગુરુનો મેળાપ થાય, એમની સાથે આપણી કૅમેસ્ટ્રી જામે, શ્રદ્ધાં મૂળિયાં ઊંડા ઉતારે. ગુરુ આપણામાં કૌવત ભાળે, કૌતુક ઝાંખે, આપણી પાત્રતા પ્રમાણે વિલસતા જઈએ. ગુરુની જીવનશૈલી જ આપણને અર્ધા પાઠ તો વગર વાંચ્યે શીખવી દે.

દરેક પ્રવાસ શું ગુરુ નથી? પ્રવાસે જતાં પહેલાંની મનોદશા, પ્રવાસની તૈયારી, પ્રવાસમાં અને ઘરે પાછા ફર્યા પછીની મનોદશા, આ બધું આપણને અંદર લઈ જાય. થોડુંક સાદું-સીધું ચિંતન, રોજબરોજના અનુભવો આનંદની દીક્ષા દઈ જાય છે.

માતાના ઉદરથી સંસ્કાર શરૂ થાય તે અવિરત ચાલે. ઘરઆંગણાનું એક વૃક્ષ પણ ગુરુપદ શોભાવી શકે છે.

ઘણું જ્ઞાન મેળવ્યા પછી, જ્ઞાનથી ભાથું ભર્યા પછી, બધું જાણું છું એ જાણ્યા પછી એક નાનકડું જ કામ રહી જાય, તે કરી લેવું એ છે આચરણનો એકડો.

એક નાનકડા બીજને વટવૃક્ષમાં પળોટાતું જોઈએ છીએ. માટી, ખાતર, પાણી, પ્રકાશ બધાં જ મદદ કરે છે, પણ અંકુરિત તો બીજને જ થવું પડે છે. આપણા વર્તનમાં પણ ગુણાનુરાગ, થોડીક કરુણા, માણસ બનવાની થોડીક તરસ જાગે તો બેડો પાર થઈ જાય.

ચારેબાજુ કેટકેટલા રંગ જોઈએ છીએ. એ રંગોને નિહાળતાં, એમાં પરોવાઈ જવું, ઓગળી જવું, રંગ થઈ જવું, એકરંગ થઈ જવું શું પાઠ નથી!

'લાલ, પીળો ને વાદળી એ મૂળ રંગ કહેવાય, બાકીના બધા મેળવણીથી થાય'.

આ વાત તો બચપણમાં ભણ્યા હતા, આજે કહેવું હોય તોઃ

'કરુણા, શ્રદ્ધા ને વિવિક એ મૂળ મૂડી કહેવાય, બાકીની બધી મેળવણીથી થાય'.

રંગને પૂછીએ તો રંગ તો એમ પણ કહી શકે:

'વિરહ, અપેક્ષા ને અજ્ઞાન એ મૂળ વ્યથા કહેવાય, બાકીની બધી મેળવણીથી થાય'.

દાંત કચકચાવીને ગાંઠ પર ગાંઠ બાંધવાની આદત, પછી એ ગાંઠો છોડવાની મથામણ, છેવટે કાપવાની તૈયારી, એક છેલ્લો પ્રયત્ન અને ગાંઠનું છૂટી જવું એ ક્ષણ શું અભ્યાસક્રમની નથી!

માતા ઘરનાં કામ કરે છે, આડોશ-પાડોશમાં મેળાવડો કરે છે, વાતો કરે છે, હસે છે, એ બધા વચ્ચે પારણે પોઢેલા બાલુડાનો સાદ એને સંભળાઈ જ જાય છે. આપણે પણ હરતાં, ફરતાં, જાગતાં ઊંઘતાં, વાતો કરતાં સહજ રીતે શ્વાસ લઈએ છીએ તેમ પેલી માતાની જેમ અંદરનો અવાજ સાંભળવાનું ન ભૂલીએ તો ભણ્યાનું પ્રમાણ.

મગજની શક્તિઓ અમાપ છે. આપણો વિચાર જ આપણને અજવાળું દેખાડશે. બસ, પલાંઠી વાળીને બેઠા એટલી જ વાર છે!

**મો. ૯૮૨૦૬૧૧૮૫૨**

---


श्री गणेश श्री
मिठाई फरसाण बेकरी

Since 2000
100% Pure Vegetarian

**Our Products**

***Bakery & Confectionery • Cakes & Patisserie***

***Indian Sweets • Hot Farsan***

***Dry Farsan • Low Calorie Food (Diet Food)***

**100% PURE JAIN PRODUCTS**

**3, Minesh Park, Chandavarkar Road, Borivali (W), Mumbai - 400 092**

*72 77 88 33 55 / 800 9955 443*

# મુંબઈના ટ્રાફિકની વ્યથા



વસંત જેઠીબાઈ લીલાધર ગાલા - કચ્છ કેસરી

મને ૧૯૫૦ અને ૧૯૬૦ના દાયકાના જૂના દિવસો યાદ છે, જ્યારે હું ૨૩ મિનિટમાં વિલે પાર્લે (પશ્ચિમના ઉપનગર)થી દક્ષિણ મુંબઈની ઝકરિયા મસ્જિદ સુધી મારા ફોર વ્હીલરમાં પહોંચી શકતો હતો! કિંગ્સ સર્કલથી બાંદ્રા વેસ્ટ (વાયા દાદર, શિવાજી પાર્ક) માત્ર ૧૩ મિનિટમાં !! અવિશ્વસનીય લાગે છે નહિ? પરંતુ આ સાચું છે! આવો સરળ હતો રોડનો પ્રવાસ! રસ્તા પર બહુ ઓછાં વાહનો! ફિયાટ્સ, સ્ટાન્ડર્ડ્સ અને એમ્બેસેડરો સિવાય મોટા ભાગની આયાતી કાર હતી! મોટરબાઈક તો બહુ ઓછી જોવા મળતી!! બીએસએ, ટ્રાયમ્ફ, ઈન્ડિયન અને એનફિલ્ડ બાઇકને બાજુમાંથી પસાર થતી જોવાનો અદ્‌ભુત અનુભવ થતો! ટુ વ્હીલર લેમ્બ્રેટા (API) સ્કૂટર્સની માલિકી કેટલાક ઑફિસર વ્યક્તિઓ પાસે જ હતી.

હા, ત્યારથી મેં શહેરને મેટ્રો સિટી બનતું જોયું છે! ૭૦ અને ૮૦ એ વાહનોના મૉડલમાં પરિવર્તનના દાયકાઓ હતા! ઇંગ્લિશ, યુરોપિયન અને અમેરિકન કારો મુંબઈના રસ્તાઓ પરથી ઓછી થઈ રહી હતી, તેના સ્થાને સસ્તી કિંમતે, મારુતિ કારોએ મુંબઈના રસ્તાઓ પર આધિપત્ય જમાવ્યું અને જાપાનીઝ અને કોરિયન કારોને, કે જે કૉમ્પેક્ટ અને ઝડપી, હૅન્ડલ કરવામાં સરળ, પોસાય તેવા ભાવે ભારતીય બજારમાં પ્રવેશવાની સરકારી મંજૂરી આપવામાં આવી હતી. મુંબઈ નગર મહાપાલિકાના રસ્તાઓ પહોળા કરવામાં આવી રહ્યા હતા, ફ્લાયઓવર અને એક્સપ્રેસ વે બનાવવામાં આવ્યા હતા અને ધીમે ધીમે, વરલી અને અટલ સેતુ જેવા સમુદ્ર પર સારા પુલ બનાવવામાં આવ્યા, અને હવે કોસ્ટલ રોડ શરૂ થઈ ગયો છે! છેલ્લા બે/ત્રણ દાયકામાં ભારતીય અર્થવ્યવસ્થા ખુલ્લી અને બૅન્કોએ વાહનો માટે વ્યાજના સસ્તા દરે અને સરળ હપ્તા ચૂકવવાની સગવડ સાથે લોન ઑફર કરી, જેથી તમામ પ્રકારનાં વાહનો રસ્તાઓ પર આવી ગયા! સરકારી આંકડાઓ કહે છે કે હાલમાં મુંબઈ શહેરમાં મ્યુનિસિપલ હદમાં લગભગ ૨૦૦૦ કિલોમીટરના રસ્તાઓ છે! આજના દિવસે રોડ પર વાહનોના ટ્રાફિકની મુંબઈમાં રોડ ટ્રાફિક ઑથોરિટીમાં નોંધાયેલ સંખ્યા વધીને ૪૬ લાખ થઈ ગઇ છે, જે દસ વર્ષ પહેલાની સંખ્યાથી બમણી છે.

સરકારી આંકડા મુજબ વર્ષ ૨૦૨૪માં દરરોજ ૧૯૩ નવાં વાહનો નોંધાયાં હતાં! દરરોજ નવાં વાહનોની નોંધણી આ દરે

થતી રહેશે તો શું સરકારી સત્તાવાળાઓ નવા રસ્તાઓનું નિર્માણ કરીને, હાલના રસ્તાઓને પહોળા કરીને અને એલિવેટેડ એક્સ્પ્રેસ વે બનાવીને મુંબઈમાં વાહનોની વિસ્ફોટક પરિસ્થિતિનો સામનો કરી શકશે ? ના સાહેબ ! જ્યાં સુધી આપણી પાસે પબ્લિક ટ્રાન્સ્પોર્ટ સિસ્ટમ માટે મજબૂત ઈન્ફ્રા ન હોય ત્યાં સુધી શક્ય નથી ! પ્લેઇંગ ફ્રીકવન્સી સાથે વધુ બસો, મેટ્રો રેલ લાઈનની વહેલી પૂર્ણતા, ટૅક્સીઓ અને ઑટો દ્વારા યોગ્ય છેલ્લા માઇલની પૂર્ણપણે કનેક્ટિવિટીની સગવડની જોગવાઈ અતિ જરૂરી છે. આંકડાઓએ પણ દર્શાવે છે કે બેસ્ટની લગભગ ૩૨૦૦ બસો રોડ પર ચાલી રહી છે !

પાર્કિંગ ચાર્જિસ લેવા, નવાં વાહનોના નોંધણી ફીમાં વધારો કરવો, પાર્કિંગની જગ્યા ધરાવતી વ્યક્તિ જ નવું વાહન ખરીદી શકે એવો કાયદો લાવવો. ૧૫ વર્ષથી વધુ જૂનાં વાહનોને ફરજિયાત ભંગારમાં ધકેલવા, વગેરે ઉપાયો મુંબઈ શહેરની રસ્તાની વાહનોની ભીડ ઓછી કરવા માટે કારગત નીવડે એમ નથી લાગતું !!

જો પબ્લિક ટ્રાન્સ્પોર્ટ સિસ્ટમને સરળતાથી સુલભ બનાવવામાં આવે તો વાહન-માલિકોને ટ્રાફિક જામની કડાકૂટમાંથી રાહત મેળવવા, તેમનાં વાહનોને નજીકના અમુક પૉઈન્ટ પર છોડીને મેટ્રો રેલ, એ.સી. બસો વગેરેનો ઉપયોગ, પ્રવાસ કરવા માટે આકર્ષી શકે છે !! બીજા અને ત્રીજા મુંબઈના વિકાસનું આયોજન એ હાલની મૂંઝવણનો કોઈ ઉકેલ નથી! આ માત્ર ટ્રાફિક જામનો પ્રશ્ન નથી, પરંતુ કાર્બનના ઉત્સર્જનથી થતાં પ્રદૂષણની વૃદ્ધિનો પણ પ્રશ્ન છે !! વૃદ્ધ, વરિષ્ઠ નાગરિકો અને નાનાં બાળકો માટે આવી ખરાબ અને પ્રદૂષિત હવામાં ફરવું પહેલેથી જ મુશ્કેલ છે! ચાલો આશા રાખીએ કે, શહેર ફરી એકવાર સારી શ્વાસ લેતી હવા સાથે જીવવાલાયક બને અને વાહનોનો ઉપદ્રવ ધીમો પડી જાય !!

દેવપુર - મુલુંડ


**શ્રી ક.વી.ઓ. સેવા સમાજનું**
**બિનધંધાદારી મુખપત્ર**

સ્થાપના : ૧૯૪૭ વર્ષ : ૭૭

# પગદંડી

અંક : ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૫

**તંત્રી : અશ્વિન લક્ષ્મીબેન પોપટલાલ માલદે**

**સંકલન : CA સંજય ચંદનબેન વિસનજી છેડા**

મુદ્રક -પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**

પ્રકાશન સ્થળ: શ્રી ક.વી.ઓ. દે. નવી મહાજન વાડી, ઉજે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

ફોન નં : ૨૩૭૧ ૪૬૭૪

pagdandi.kvoss.org. - email :pagdandi@kvoss.org

ટાઈપસેટીંગ : **ધીરેન તારાબેન મુરજી ગાલા** (કોટડા(રોહા) - ફોર્ટ)

મોબાઈલ : ૯૮૩૩૫૪૧૦૪૦

મુદ્રણ સ્થાન : **મેઘાર્ટ કલર ક્રાફટર્સ,**

૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ -૪૦૦૦૧૩. ફોન : ૨૪૯૨ ૧૯૬૪


**-: લવાજમ :-**

૧૦ વર્ષ : રૂા. ૧,૦૦૦/- છૂટક નકલ : રૂા. ૧૫/-

**ચેક/ડ્રાફટ શ્રી ક.વી.ઓ. સેવા સમાજને નામે લખવા.**

# ડૉ. પ્રવીણ વિસરિયા

## – ડૉ. મનમોહન સિંહના ''કચ્છી મિત્ર''ની કથા



✻ વસંત મોંઘીબાઈ ઉમરશી મારુ ✻

ગામ ભુજપુરના મંગલભા ભેદાનો રંગૂનમાં ચોખાનો જબરજસ્ત વેપાર હતો. એમનાં પત્ની કંકુબા અને પરિવાર ભુજપુરમાં રહેતાં હતાં. બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું અને અચાનક ધમધોકાર ચાલતી ચોખાની બે મિલો મૂકી, મંગલભા પહેરેલ કપડે પહેલી સ્ટીમર પકડી ભારત આવવા રવાના થયા.

સ્ટીમરનું પહેલું સ્ટોપ હતું મદ્રાસ અને હતપ્રદ મંગલભા મદ્રાસમાં ઊતરી ગયા. એક લાકડાની વખારમાં નોકરીએ લાગ્યા. થોડા સમયમાં ભુજપુરથી પોતાના પરિવારને પણ મદ્રાસ બોલાવી લીધા.

ભુજપુર જેવા ગામમાંથી મદ્રાસ જેવા મોટા શહેરમાં આવી એમની દીકરી લીના ભેદા ભણતરમાં એક પછી એક સિદ્ધિના સોપાન સર કરવા લાગી. આ ઘટનાના થોડાં વર્ષ પહેલાં ૧૯૩૭માં કોડાય ગામમાં મોંઘીબાની કુખે પ્રવીણનો જન્મ થયો. પિતા મેઘજીબાપા મુંબઈની એક સાકરની પેઢીમાં કૅશિયર તરીકે કામ કરતા હતા.

પ્રવીણ નાનો હતો ત્યારે કોડાય ગામમાં ભરાતા મહાદેવના મેળામાં મહાલવા જતો. મોંઘીબા પ્રવીણને મેળામાં છ પૈસા વાપરવા આપતાં. આ છ પૈસા કેવી રીતે વાપરવા એનું બજેટિંગ દિવસો સુધી એના મનમાં ચાલતું. એ બજેટિંગની પ્રોસેસમા નો પ્રોસેસમાં વર્લ્ડક્લાસ ઈકોનોમિસ્ટ બનવાના બીજ રોપાયા. એ પ્રવીણ વિસરીયા આગળ જતાં અમેરિકામાં રહી ઇકોનોમિક્સમાં પીએચ.ડી. કરી બની ગયા ડૉક્ટર પ્રવીણ વિસરિયા!

કચ્છનાં ગામડાંમાં જન્મેલાં પ્રવીણભા અને લીનાબેન સમય જતાં ઇકોનોમિસ્ટ અને સોશિયોલૉજી (ડેમોગ્રાફી-વસ્તીશાસ્ત્રી) બની ભારતના વિકાસમાં અદ્ભુત ફાળો આપવાનું નસીબ લઈને જન્મ્યા હતા. એટલું જ નહીં બંને વિશ્વવિખ્યાત બની ગયાં.

ખાંડની પેઢીમાં કૅશિયર તરીકે કામ કરતા મેઘજીબાપાના પુત્ર પ્રવીણ કોડાયની શાળામાં ભણી મુંબઈ આવ્યા. સર્વોદય કેન્દ્ર, મહાવીર વિદ્યાલય ઈત્યાદિમાં રહી એલ્ફિસ્ટન કૉલેજમાં બી.એ. વીથ ઈકોનોમિક્સ કર્યું, મુંબઈ યુનિવર્સિટીમાં એમ.એ. કરી અમેરિકાની પ્રિસ્ટન યુનિવર્સિટીમાં ઈકોનોમિક્સ જેવા અઘરા વિષયમાં સંશોધન કરી પીએચ.ડી. કરી ડૉક્ટરેટની પદવી પ્રાપ્ત કરી.

અતિતેજસ્વી ડૉ. પ્રવીણભાઈ ધારત તો અમેરિકામાં લાખો ડૉલરની નોકરી મેળવી શકત, પણ આ કચ્છી માડુ પોતાના દેશ ભારત આવી પોતાની ટેલેન્ટનો ઉપયોગ કરી ભારતના વિકાસમાં યોગદાન આપવાનું સ્વપ્ન જોયું હતું.

એટલે ઓગણત્રીસ વર્ષની નાની ઉંમરમાં પીએચ.ડી. કરી ભારત પાછા આવ્યા અને મુંબઈ યુનિવર્સિટીમાં સીધા રીડર તરીકે જોડાયા. અને દસ વર્ષ સુધી પ્રોફેસર ડૉ. પ્રવીણ વિસરિયાએ પોતાના જ્ઞાનની વહેંચણી ઈકોનોમિક્સના વિદ્યાર્થીઓને કરી ભારતના અર્થશાસ્ત્રીઓ તૈયાર કર્યા.

બીજી બાજુ મંગલભા ભેદા પહેરેલ કપડે રંગૂન છોડી, મદ્રાસમાં લાકડાની મિલમાં કામ કરતાં કરતાં પોતાના બાળકોને સારું શિક્ષણ મળે એ માટે સંઘર્ષ કરતા રહ્યા. એક સમય હતો જ્યારે મંગલભાના શ્રીમંત પિતા હંસરાજબાપાએ છેક જામનગરમાં ભેદા ધર્મશાળા બાંધી હાલાર વિસ્તારમાં આવન-જાવન કરતા કચ્છના યાત્રિકો માટે સગવડ ઊભી કરી હતી.

હંસરાજભાએ એ સમયની અલ્ટ્રા મૉડર્ન લાઈબ્રેરી ભુજપુરમાં બનાવી જેનો આજે પણ જ્ઞાનપિપાસુ લાભ લે છે. એમના દીકરા પ્રફુલ ભેદાએ દક્ષિણ ભારતનાં ચાર રાજ્યોનાં વિવિધ શહેરોમાં વસતાં કચ્છી ઓસવાળ કુટુંબોને કલ્યાણજી સૈયા સાથે મળી સંગઠિત કરી વિકાસનાં અદભુત કાર્યો કર્યાં છે.

સૌથી મોટી દીકરી લીનાએ મદ્રાસની ગુજરાતી સ્કૂલમાં ભણી મદ્રાસ યુનિવર્સિટીમાં બી.એ.ની ડિગ્રી મેળવી ત્યારે યુનિવર્સિટીમાં ટોપર હતાં. ત્યાં જ એમનાં લગ્ન પ્રોફેસર ડૉ. પ્રવીણભાઈ સાથે થતાં મુંબઈ આવ્યા. અને મુંબઈમાં એમ.એ. કર્યું.

થોડા સમય પછી અચાનક એક વર્ષ માટે પ્રવીણભાઈને અમેરિકાની એક યુનિવર્સિટીમાં ભણાવવા જવાનું થતાં લીનાબેન પણ સાથે અમેરિકા ગયાં. લીનાબેન ત્યાં ડેમોગ્રાફી (સોશિયોલૉજી) વિષયમાં પીએચ.ડી. થયા. આમ બંને મેધાવી પતિ-પત્નીએ ડૉક્ટરેટ કરી ભારતના અર્થશાસ્ત્ર અને ડેમોગ્રાફી (વસ્તી શાસ્ત્ર)માં બહુમૂલ્ય યોગદાન આપવાનું શરૂ કર્યું.

આમ તો ડેમોગ્રાફી (વસ્તીશાસ્ત્ર) અને ઈકોનોમિક્સ (અર્થશાસ્ત્ર) એ અઘરા અને અટપટા વિષય છે. સામાન્ય માનવીઓને કદાચ આ વિષયમાં રસ પડે નહીં, પણ આ વિષયના એક્સપર્ટ ડેટા (આંકડા) ભેગા કરે, એનું એનાલિસિસ કરે અને તર્કબદ્ધ રીતે છણાવટ કરી એ આંકડાઓમાંથી સિદ્ધ થતી બાબતો ઉપર ઊંડાણમાં લખે. આ લખાણનો ઉપયોગ પ્લાનિંગ કમિશન કે બીજી ગવર્નમેન્ટ એજન્સીઓ કરે.



ડૉ. લીના અને ડૉ. પ્રવીણ વિસરિયા, કોડાય

કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ઍજ્યુકેશન, હેલ્થ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈત્યાદિ અને વિભાગોની યોજનાઓ કે સ્કીમ જાહેર થાય એના પાયામાં અર્થશાસ્ત્રીઓ કે સમાજશાસ્ત્રીઓએ તારવેલાં તથ્યો (એનાલિસિસ)ના આધારે ઘડાય છે.

પ્રોફેસર ડૉ. પ્રવીણ વિસરિયા અને ડૉ. લીના વિસરિયાએ પોતાના મનગમતા ક્ષેત્રમાં હરણફાળ ભરી. શરૂઆતમાં પ્રવીણભાઈ દસ વર્ષ સુધી મુંબઈ યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્ર ભણાવ્યું. પ્લાનિંગ કમિશનના વાઇસ ચૅરમૅન ડૉ. લાકડાવાળાના એ લાડકા! તો એમ.એ. થયા પછી લીના વિસરિયાએ પ્રોફેસર દાતાવાળા સાથે ઇકોનોમિક્સના રિસર્ચ પ્રોજેક્ટમાં કામ કર્યું.

આ કચ્છી દંપતીની ખ્યાતિ અર્થશાસ્ત્ર સર્કિટમાં ફેલાવા લાગી. ત્યાં પ્રવીણભાઈને વર્લ્ડ બૅન્કમાં જોડાવાનું આમંત્રણ મળ્યું. બંને જણાં અમેરિકા ગયા. એ સમયે એક કચ્છી માડુ વર્લ્ડ બૅન્કમાં ડાયરેક્ટ સિનિયર ઈકોનોમિક્સ તરીકે જોડાય એ નાનીસૂની વાત નહોતી. લીનાબેન ત્યાં યુ.એન.ના ઈસ્ટ એશિયા રિઝનના કન્સલ્ટન્ટ તરીકે જોડાયા.

પ્રવીણભાઈનો વર્લ્ડ બૅન્કના ઉપક્રમે એશિયાના દેશો થાઇલૅંડ, મલેશિયા, ઈન્ડોનેશિયા, ફિલીપાઇન્સ, સિંગાપુર ઈત્યાદિમાં અવાર-નવાર જવું પડતું.

તે સમયે વર્લ્ડબૅન્કમાં મોન્ટેકસિંગ અહલુવાલિયા પણ હતા. સાતેક વર્ષ સુધી એશિયન કન્ટ્રીસ માટે વર્લ્ડ બૅન્ક તરફથી અદ્ભુત કાર્ય કર્યું. પણ મનમાં સતત વતનની યાદો જોડાયેલી હતી. એટલે એક દિવસ પ્રવીણભાઈએ વર્લ્ડ બૅન્કને અલવિદા કહી પોતાના વતનના રાજ્ય (અમદાવાદ)માં પાછા આવ્યા.

ડૉ. પ્રવીણ વિસરિયા અને ડૉ. લીના વિસરિયાની વિશેષતા એ હતી કે ઇન્સ્ટિટ્યૂટ્સ એમને સામેથી શોધતી રહેતી, પોતાને ત્યાં કામ કરવા ઑફર આપતી રહેતી. એટલે આ દંપતી એકસાથે અમદાવાદની સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટમાં અને પછી ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડેવલપમેન્ટ રિસર્ચમાં પ્રવીણભાઈ ડાયરેક્ટર તરીકે જોડાયા.

અનેક વિષયો પર અથાક સંશોધન કરી ભારતના અર્થશાસ્ત્રને નવી નવી થિયરીઓથી તરબતર કરી દીધું.

એ જ રીતે લીનાબેને ડેમોગ્રાફર તરીકે અનેક તારણીઓ કરી. અવનવા વિષયો પર સંશોધન કરી થિયરીઓ વિકસાવી.

આ કચ્છી દંપતીએ તારવેલી થિયરીઓને ગવર્નમેન્ટની અનેક સ્કીમ અને યોજનાઓમાં વાપરવામાં આવી છે અને હજુ પણ આ થિયરીઓ વપરાય છે.

ભારતના પૂર્વ વડા પ્રધાન ડૉ. મનમોહનસિંહ પણ અર્થશાસ્ત્રી હતા. તેમને ડૉ. પ્રવીણભાઈની શક્તિની જાણ હતી. આ ટેલેન્ટેડ અર્થશાસ્ત્રીને અમદાવાદથી દિલ્હી બોલાવી સીધા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇકોનોમિક્સ ગ્રોથના ડાયરેક્ટર પદ પર બેસાડી દીધા. ડૉ. મનમોહનસિંહ એના ચૅરમૅન હતા. ઘણા વર્ષો સુધી એમણે સાથે કામ કર્યું. દિલ્હીમાં એમની સાથે માત્ર પ્રોફેશનલ નહીં, પણ અંગત સંબંધ પણ બંધાયા. એકબીજાના ઘરે આવવા-જવાનો વહેવાર હતો. ફૅમિલી ફ્રેન્ડ હતા. આ કચ્છી માડુ મનમોહનસિંહજીના પ્રિય મિત્ર બની ગયા.

પ્લાનિંગ કમિશન (પંચવર્ષીય યોજના)થી લઈ વર્લ્ડ બૅન્કમાં, દેનાબૅન્કના ડાયરેક્ટરથી લઈ તેજસ્વી અર્થશાસ્ત્રી તરીકે ઘણું મોટુ ગજું કાઢ્યું. દિલ્હીમાં હતા ત્યાં જ અચાનક માંદા પડતા મુંબઈ આવ્યા અને ટૂંકી માંદગીમાં આ જગતમાંથી વિદાય લીધી.

પ્રવીણભાઈની વિદાયનો આઘાત લીનાબેનને પચાવવો અઘરો હતો. એટલે પોતાનાં કાર્યોમાં વધુ ને વધુ ખપી ગયાં. આ કચ્છી દંપતીએ અર્થશાસ્ત્ર અને ડેમોગ્રાફીના ઉચ્ચ સ્તરનાં ઘણાં પુસ્તકો લખ્યાં હતાં. અભ્યાસુ અને વિદ્યાર્થીઓને ઉપયોગી આ પુસ્તકોએ ઇકોનોમિક સર્કિટમાં લોકપ્રિયતા મેળવી છે. બંનેનાં કેટલાંક પુસ્તક આજે પણ એમેઝોન પર વેચાઇ રહ્યા છે.

આ પ્રતિભાશાળી દંપતીનાં સંતાનો પણ ખૂબ જ પ્રતિભાશાળી છે. દીકરી સુજાતા કોલંબિયા યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્રમાં પીએચ.ડી. કરી અત્યારે હોંગકોંગ યુનિવર્સિટીમાં પ્રોફેસર છે.

તો જમાઈ અનીરબાન બિઝનેસ મૅનેજમેન્ટમાં પીએચ.ડી. થયા છે. દીકરો અભિજિત ડેમોગ્રાફીમાં અમેરિકામાં પીએચ.ડી. કરી આજે નૅશનલ યુનિવર્સિટી ઑફ સિંગાપૉરમાં પ્રોફેસર છે. પુત્રવધૂ કૃતિ પણ સોશિયોલૉજીમાં પીએચ.ડી. થઈ સિંગાપૉરમાં કાર્યરત છે.

આમ કચ્છનું કાશી કહેવાતા કોડાય ગામના વિસરિયા કુટુંબના તમામ સભ્યો અમેરિકામાં પીએચ.ડી. થયા એવી ઘટના ભારતમાં ક્યાંય થઈ નથી!

**મો. : ૯૭૫૭૪૦૫૮૭૨**

# ક.વી.ઓ. મરણ-ખબર સને ૨૦૦૨ અને ૨૦૨૪



✻ મણિલાલ લક્ષ્મીબેન પ્રેમજી દેઢિયા ✻

પગદંડી - નવેમ્બર, ૨૦૦૩ના અંકમાં ડોંબિવલીના ભાઈ શ્રી કાંતિલાલ છેડાનો એક સુંદર લેખ આવ્યો હતો. જેમાં આપણી જ્ઞાતિના સને ૨૦૦૨ના વર્ષ દરમ્યાન આવેલ મરણ- ખબરોનું વિશ્લેષણ હતું. આ વાતને ૨૨ વર્ષ થઈ ગયાં છે. આ ૨૨ વર્ષમાં મરણના આંકડાઓમાં શું ફરક પડેલ છે તે જાણવા સરખામણી કરતો નીચે મુજબ એક કોઠો તૈયાર કરેલ છે.

| ક્રમ | વય ગ્રુપ | સ્ત્રી | પુરુષ | ટોટલ | સ્ત્રી | પુરુષ | ટોટલ |
|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૦૨ | ૨૦૦૨ | ૨૦૦૨ | ૨૦૨૪ | ૨૦૨૪ | ૨૦૨૪ |
| ૦૧ | બાળમરણ | ૦૦૩ | ૦૧૭ | ૦૨૦ | ૦૦૪ | ૦૦૧ | ૦૦૫ |
| ૦૨ | ૦૧ થી ૩૦ | ૦૨૪ | ૦૩૯ | ૦૬૩ | ૦૦૪ | ૦૦૯ | ૦૧૩ |
| ૦૩ | ૩૧ થી ૪૦ | ૦૧૮ | ૦૩૯ | ૦૫૭ | ૦૦૪ | ૦૧૬ | ૦૨૦ |
| ૦૪ | ૪૧ થી ૫૦ | ૦૩૪ | ૦૫૫ | ૦૮૯ | ૦૧૮ | ૦૪૧ | ૦૫૯ |
| ૦૫ | ૫૧ થી ૬૦ | ૦૫૬ | ૧૦૯ | ૧૬૫ | ૦૪૦ | ૦૮૪ | ૧૨૪ |
| ૦૬ | ૬૧ થી ૭૦ | ૧૦૦ | ૧૫૫ | ૨૫૫ | ૧૦૧ | ૧૭૬ | ૨૭૭ |
| ૦૭ | ૭૧ થી ૮૦ | ૧૪૪ | ૧૫૦ | ૨૯૪ | ૨૦૩ | ૨૩૮ | ૪૪૧ |
| ૦૮ | ૮૧ થી ૯૦ | ૧૪૧ | ૦૮૨ | ૨૨૩ | ૨૧૨ | ૧૮૮ | ૪૦૦ |
| ૦૯ | ૯૧ થી ૯૯ | ૦૪૦ | ૦૨૦ | ૦૬૦ | ૦૭૨ | ૦૩૫ | ૧૦૭ |
| ૧૦ | ૧૦૦ | ૦૦૦ | ૦૦૦ | ૦૦૦ | ૦૦૧ | ૦૦૦ | ૦૦૧ |
| ૧૧ | ૧૦૧-૧૧૦ | ૦૦૭ | ૦૦૧ | ૦૦૮ | ૦૦૩ | ૦૦૦ | ૦૦૩ |
| | **ટોટલ** | **૫૬૭** | **૬૬૭** | **૧૨૩૪** | **૬૬૨** | **૭૮૮** | **૧૪૫૦** |

**અવલોકન:**

- બન્ને વર્ષમાં સ્ત્રીઓ કરતાં પુરુષોનાં મરણ વધારે જણાય છે. બન્ને સમયમાં સ્ત્રીઓ કરતાં પુરુષોનાં મરણ લગભગ ૯ ટકા જેટલા વધારે જણાય છે.
- બાળમરણ ૨૦૦૨ના સમયમાં વધારે છે.
- સને ૨૦૦૨ વર્ષમાં ૬૧ થી ૯૦ વર્ષનાં કુલ મરણ ૭૭૨ છે જે ૬૨.૫૬% અને ૨૦૨૪ના વર્ષમાં ૧૧૧૮ મરણ છે જે ૭૭.૧૦% છે. આમ જીવન ધોરણમાં સુધારો જણાય છે.
- સને ૨૦૦૨ વર્ષમાં સ્ત્રી - પુરુષ મળીને સરાસરી ઉંમર ૬૬.૭૪ વર્ષ છે, જ્યારે ૨૦૨૪માં સ્ત્રી-પુરુષ મળીને સરાસરી ઉમર ૭૩.૭૯ વર્ષ છે. આ આંકડાઓ પણ આપણા સરાસરી આયુષ્યમાં સારો એવો વધારો દર્શાવે છે.
- સને ૨૦૦૨ વર્ષમાં ફક્ત સ્ત્રીઓની સરાસરી ઉંમર ૭૦.૮૯ વર્ષ છે, જ્યારે ૨૦૨૪ના વર્ષમાં સ્ત્રીઓની સરાસરી ઉંમર ૭૬.૯૫ વર્ષ છે. આ આંકડાઓ પણ સ્ત્રીઓના સરાસરી આયુષ્યમાં સારો એવો વધારો દર્શાવે છે.
- સને ૨૦૦૨ વર્ષમાં ફક્ત પુરુષોની સરાસરી ઉંમર ૬૩.૧૨ વર્ષ છે, જ્યારે ૨૦૨૪ના વર્ષમાં પુરુષોની સરાસરી ઉંમર ૭૧.૪૪ વર્ષ છે. આ આંકડાઓ પણ પુરુષોના સરાસરી આયુષ્યમાં સારો એવો વધારો દર્શાવે છે.
- સને ૨૦૦૨ની મરણ-ખબરમાં ચક્ષુદાન કરવાવાળાઓ ૨૬૯ છે, જ્યારે ૨૦૨૪ માં ચક્ષુ અને ત્વચા દાન કરવાવાળાઓ ૮૩ છે. આ અંગે હજુ જાગૃતિની જરૂર છે.
- સને ૨૦૦૨ની મરણ-ખબરમાં સંથારો/અનસન વ્રતની સંખ્યા ૧૮ છે જ્યારે ૨૦૨૪માં તે સંખ્યા ૪૮ છે.
- સને ૨૦૦૨ની મરણ-ખબરમાં હાર્ટ ઍટેકના આંકડાઓ ઉપલબ્ધ નથી, પણ ૨૦૨૪માં કુલ મરણ ૨૫૨ થયાં છે જેમાં પુરુષોનાં ૧૬૭ અને સ્ત્રીઓનાં ૮૫ છે. અન્ય પ્રકારનાં મરણમાં અકસ્માત/આકસ્મિક -૨૩, કૅન્સર-૧૫ અને બ્રેન હેમરેજના ૯ છે.
- સને ૨૦૦૨ના મરણના આંકડાઓમાં વાગડ વિભાગના કેટલા છે તે માહિતી નથી, કારણકે તે વખતે અલગથી વાગડ પત્રિકા ન હતી. ૨૦૨૪ના મરણ ૧૪૫૦ ખબરમાં વાગડના ગામોનાં ફક્ત ૩૦ મરણ છે.

- મેરાઉ

**મો. : ૯૮૬૯૧ ૧૩૮૭૫**

# અસંમજસ સ્થિતિ



✻ રાજેશ જવેરબેન નરશી સાવલા ✻

- પૃથ્વી પર આજે માનવની સંખ્યા સાત અબજને વટાવી ગઈ છે. કુદરતનું કામ માનવવસ્તીને સંતુલિત રાખવાનું છે. ભૂતકાળમાં શીતળા, કૉલેરા વગેરે રોગોને કારણે, રાજાઓ વચ્ચેની લડાઈ થકી ઘણા માનવોનો સંહાર થતો અને આ ધરા પર માનવોની સંખ્યા સીમીત રહેતી.

- વિજ્ઞાન, ટેક્નૉલૉજીએ ઘણાખરા અસાધ્ય રોગો પર કાબૂ મેળવ્યો છે. લડાઈમાં પણ Precision Target વીંધી શકે એવાં શસ્ત્રોને કારણે માનવસંહાર ઓછો થયો છે અને એથી માનવવસ્તી વધી ગઈ છે જે પૃથ્વી પર ખતરો છે.

- પણ હવે નવી સમસ્યા ઊ ભી થઈ છે. દરેક ધર્મ, જાતિ, સંપ્રદાયને પોતાની વસ્તી ઓછી લાગે છે. લોકતંત્રમાં બહુમતી પ્રજા પોતાના પ્રતિનિધિને ચૂંટી સરકાર બનાવી શકે છે અને એટલે પોતાનો અવાજ બુલંદ કરવા દરેક સંતો, પ્રજાના પ્રતિનિધિ, જાતિના નેતાઓનો એક જ સૂર છે, વધારે બાળકો પેદા કરો જેથી બહુમતીને કારણે, વોટિંગ પાવરને કારણે આપણે રાજ કરી શકીએ.

- મુસ્લિમ પ્રજાની વસ્તી ભારતમાં આઝાદી પછી ઘણી વધી છે. તેઓને ધર્મના ઓઠા હેઠળ ચાર પત્નીની છૂટ છે. અને એ કારણે તેઓ પોતાની વસ્તી વધારી રહ્યા છે. તેઓના ધર્મગુરુ આટલા જંગી વધારા પછી પણ વસ્તી વધારવાની વાતો કરે છે. અને પરંપરાગત હિંદુ પ્રજાની વસ્તી પ્રમાણમાં ઘટી છે. તેથી સમતોલ (Balance) કરવા હિંદુ પ્રજાના ધર્મગુરુઓ પણ વસ્તી વધારવાની સલાહ આપે છે.

- જૈનો આમ તો ભારતની કુલ વસ્તીના ૦.૬ ટકાની આસપાસ છે અને તેમના હિતેચ્છુઓ પણ લોકતંત્રમાં અવાજ બુલંદ કરવા વસ્તીવધારાની વાતો કરે છે. વૉટ્સઍપ પર એક જૈન સંતનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં તેઓ પ્રવચન આપતાં કહે છે. બહુમતી ધરાવતી બીજી કોમ બળજબરીથી તલવારની ધારે પત્ની, દીકરીના અપહરણ કરી લેશે તે સમય ન આવે માટે વધારે બાળકો પેદા કરો.

- ભારતના દક્ષિણનાં રાજ્યોના મુખ્ય પ્રધાન ખુલ્લેઆમ વધારે બાળકો પેદા કરવાનું કહી રહ્યા છે. કારણ તેમને ડર છે કે, ઉત્તરનાં હિંદુ વસ્તી ધરાવતાં રાજ્યોને વધારે જનસંખ્યાને કારણે સંસદમાં વધુ પ્રતિનિધિત્વ મળી રહ્યું છે. તેથી તેઓ દક્ષિણનાં રાજ્યોનું પ્રભુત્વ વધારવા વસ્તી વધારવાની હિમાયત કરી રહ્યા છે.

- જાપાનમાં યુવાનો બાળકો પેદા નથી કરતા અને હવે તે ધીરે ધીરે વૃદ્ધોનો દેશ બની રહ્યો છે. એનું અર્થતંત્ર સ્થગિત થઈ ગયું

છે. યુવાનો અર્થતંત્રને ગતિશીલ રાખે છે તેથી જાપાનની સરકાર વસ્તી વધારવા Incentive આપે છે.

- ચીનમાં થોડાં વરસો, પહેલાં એક સંતાનના કાયદાને લીધે વસ્તી ઘણી ઘટી ગઈ અને તેથી હવે વસ્તી વધારવા ચીનની સરકાર પણ સવલતો આપે છે.
- લગભગ દુનિયાના દરેક દેશ, ખંડમાં વસ્તીવધારાની જ વાતો થાય છે. બુદ્ધિજીવીઓને આ બધું અસંગત લાગવું સ્વાભાવિક છે. પ્રચંડ ફાટફાટ થતી વસ્તી આ ધરા પર ઘણી સમસ્યા ઉત્પન્ન કરી શકે છે.
- પીવા માટે સ્વચ્છ પાણીનો અભાવ, બધા માટે શૌચાલયની વ્યવસ્થા, શ્રીમંત અને ગરીબ વચ્ચેની પહોળી થતી ખાઈ વગેરે સમસ્યા સંભવી શકે છે. આટલી મોટી સંખ્યામાં રહેલ માનવો ગંદકી પેદા કરશે જેને વ્યવસ્થિત રીતે સાફ કરવી તે અતિમુશ્કેલ બનશે.
- તો આ ધરાને વસ્તીવધારાથી ઉગારવાનો ઉપાય શું ? મારા મત મુજબ નીચે મુજબ ઉપાય કરી કંઈક અંશે આ સમસ્યા ઉકેલી શકાય, પ્રયત્ન તો કરી શકાય...

૧) સરકારે કાયદો (Law & Order) પર વધારે ધ્યાન આપવું જોઈએ, જેથી લઘુમતી અને બહુમતી પ્રજાને પોતાના સંરક્ષણ માટે સરકાર પર વિશ્વાસ બેસે. અત્યારે આ અવિશ્વાસ વસ્તીવધારાની ઉશ્કેરણી માટેનું કારણ છે.

૨) વસ્તી મુજબ સંસદમાં પ્રતિનિધિત્વ બંધ કરી. દરેક જાતી, ધર્મ મુજબ બધા વર્ગને પૂરતું પ્રતિનિધિત્વ મળે એ દિશામાં પ્રયત્ન કરવા જોઈએ.

૩) ઓછા સંતાન ધરાવતી પ્રજાને સરકારી લાભમાં Priority આપવી જોઈએ. આવા લોકો માટે Tax Rate ઓછો રાખવો.

૪) સ્થળાંતરની દિશામાં સરકારે કામ કરવું જોઈએ. ઉત્તરનાં રાજ્યોમાંથી જ્યાં વસ્તી વધારે છે ત્યાંથી દક્ષિણનાં રાજ્યોમાં સ્થળાંતર કરવાથી વસ્તીની સમતુલા જળવાઈ રહે.

પણ મહત્ત્વનું એ છે કે પ્રજાએ પોતે પણ જાગૃત થયું જોઈએ. વસ્તી વધારાથી આવતી સમસ્યાને સમજવી જોઈએ.

**મો.: ૯૭૬૯૦૦૮૮૧૯**

**પ્રિય વાચકો,**

આપના પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર માટે ત્રણ માધ્યમ :

**૧ વૉટ્સઍપ/સંદેશ**

(માત્ર પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર)

**CA સંજય ચંદનબેન વિસનજી છેડા**

**૯૮૯૨૮૧૫૩૬૭**

**૨ ઈમેલ** - pagdandi@kvoss.org

**૩ પત્રવ્યવહાર**

પગદંડી, શ્રી ક.વી.ઓ. સેવા સમાજ
શ્રી ક.વી.ઓ. દેરાવાસી નવી મહાજન વાડી,
ત્રીજે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ,
ચિંચબંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

- તંત્રી



# ''હું છું એક ટેકરી''

✻ મોનાલી શાંતાબેન ધનજી ગાલા ✻

પુના શહેરના બાણેર ભાગમાં સ્થિત હું છું એક ટેકરી - બાણેર ટેકરી. ટેકરી એટલે નાનો પર્વત જ. હરિયાળીથી મઢેલાં મારાં અંગ-ઉપાંગ પર અનેક જાતની વનસ્પતિઓ, પંખીઓ, કીટકો, નાનાં પશુઓ, સરકતા જીવો વગેરે વગેરે આનંદથી સહજીવન જીવે છે. વૃક્ષોની છાયા, પંખીઓનાં કુંજન, પ્રાણવાયુથી ભરેલા આહ્‌લાદક વાતાવરણથી આકર્ષાઈ અબાલવૃદ્ધ સવાર-સાંજે અહીં ફરવા, ઉજાણી કરવા મારા પર આવે છે.

હાલ ચાર-છ દિવસથી મારા કાન પર કાંઈક અવનવા જ શબ્દો પડે છે. મારા પર એક ચોપડી તૈયાર થઈ છે. એના પ્રકાશનની વિધિ અહીં જ થવાની છે. હે... સાચું ?? મારી એટલી યોગ્યતા છે ? શું મારું એટલું મહત્ત્વ છે કે કોઈ મારા પર પુસ્તક લખે !! આંખ હર્ષનાં આંસુથી ભરાઈ ગઈ છે.

હું સરી જાઉં છું ભૂતકાળમાં ૨૦-૨૫ વર્ષ પાછળ. ફરી મારી આંખ ભરાઈ જાય છે, વિષાદનાં આંસુથી. તે વખતે મારી હાલત સાવ ભૂંડી હતી. સાવ વેરાન.. નિર્વસ્ત્ર હતી હું. વૃક્ષોની વાત છોડો, ઘાસનું એક તણખલું પણ મારા શરીર પર ઊગતું ન હતું. કારણ, મનુષ્યજાતિએ મારા ઉપર ઘણા અત્યાચાર કર્યા. મારી બધી વૃક્ષસંપદાનું તોડી, કાપી, આગ લગાડી નિકંદન કાઢી નાખ્યું. સરસ્વતી ઘર છોડી જાય તો તેની પાછળ બધાં દેવ-દેવતા પણ ઘર છોડી જાય તેમ વૃક્ષો વગર બે પગાં પંખીઓ, ચાર પગાં પશુઓ, છ પગાં, આઠ પગાં અને અનેક પગાં બધાં કીટકોએ મારો સંગાથ છોડ્યો. માટીને પકડી રાખનાર ઝાડ, છોડવાઓ, ઘાસ ન રહેતા દર ચોમાસે વરસાદના કારણે મારી માટી વહી જતી. થોડી થોડી કરતાં સાવ ઉઘાડી થઈ ગઈ છું. મારા શીરે તુકાઈદેવીનું નાનું મંદિર છે. લોકો ત્યાં દર્શન કરવા આવતા તે પણ બંધ થઈ ગયા. હું પણ રડતી અને તુકાઈ પણ. એની આગળ કોણ દીવો પ્રગટાવે ?

મારી તળેટીના છૂટીછવાઈ માનવ વસ્તીવાળા વિસ્તારમાં નવાં બાંધકામો થવાં લાગ્યાં. જમીનના ભાવ પણ ચઢવા લાગ્યા. અન્ય વિસ્તારમાં મારી કોઈક કોઈક બહેનોને જમીનદોસ્ત કરી માનવ માટે રહેઠાણો થયાં છે. મારું અસ્તિત્વ પણ... વિચાર આવતા હું કંપી જાઉં છું. જે માણસજાતે મારી આ અવસ્થા કરી એ જ માણસજાતમાંથી કોઈ કૃષ્ણ બની, મારી મુંગી વેદના સાંભળી, ચીર પૂરશે એ આશા સાથે હું દિવસો વિતાવતી.

૨૦૦૩ની સાલની વાત છે. મારી તળેટીમાં નવા જ રહેવાં આવેલાં ડૉ. ગારુડકર દંપતી નિસર્ગપ્રેમી હતાં. મારી આ અવસ્થા જોઈ તેઓ ઘણાં દુઃખી થયાં. મારી ઉપર વૃક્ષારોપણ કરી મને ફરી ચેતનવંતી બનાવવાનું તેમણે નક્કી કર્યું. કામ ઘણું અઘરું હતું. માટીના કણ વગરની ૧૫૦ એકરમાં ફેલાયેલી હું. રોપા વાવવા કેમ અને એમને ઉછેરવા કેમ? ડૉકટરની મુલાકાત નિવૃત્ત ફોરેસ્ટ ઑફિસર ટાકળકર સાથે થઈ. તેમણે મારી પરિસ્થિતિ સુધારવા માર્ગદશન કર્યું.

'મન હોય તો માળવે જવાય'. મને ચુનડી ઓઢાડવાનો નિશ્ચય તેમણે કરી લીધો. ફોરેસ્ટ ઑફિસરની સલાહ મુજબ મારા આખાં શરીરે C.C.T. (continues contour trenches) એટલે કે ૩' પહોળા અને ૧૧/૨ ઊંડા ચર ખોદવામાં આવ્યા. મને થતી પીડામાં હું સુખદ ભાવિના સ્વપ્નાં જોતી સહી લેતી. જ્યાંથી પાણી વહી જતું હતું ત્યાં નાનાંનાનાં બંધો બંધાયા હવે વહી જતું પાણી ચર અને બંધોમાં સંઘરાયું. જમીને તે શોષી લીધું એટલે તળેટીમાં ભૂગર્ભ જળનું સ્તર ઊંચું આવ્યું. ચોમાસામાં પૂર આવતાં અટક્યાં. તળેટીવાસીઓને રાહત મળી. આસ્તેઆસ્તે મારા ડિલે ઘાસ ઊગ્યું. હું રમણીય બની. બે વરસ બાદ થોડા થોડા કરીને મારાં શરીર પર ખાડા ખોદાયા. ફરી પીડા, પણ ખાતર-માટીએ મલમનું કામ કર્યું. ખાડાઓમાં દેશી વૃક્ષોના રોપાઓનું વાવેતર કરાયું. તેમને પાણી પાવા અગાઉથી ઉપરના ભાગમાં અલગ અલગ ઠેકાણે ૨૪ ટાકાંઓ બાંધી દેવાયા હતા. માનવ-સાંકળ બનાવી પ્લાસ્ટિક કેન પાસ કરી રોપાઓની તરસ છીપાતી. ડૉ. ગારુડકરના સિધ્ધાંત મુજબ લોકસહભાગ અને શ્રમદાનથી બને તેટલું કામ થતું. ડૉકટરના સેવાભાવી, સહૃદયી સ્વભાવને કારણે લોકો જોડાવા લાગ્યા, કામને ગતિ મળવા લાગી.

દરમ્યાન અનેક સંકટો અને સમસ્યાઓનો સામનો કરવો પડ્યો. ઢોરો, કુમળા રોપાઓ ખાઈ જતાં. એટલે દરેક રોપાને હાથે બનાવેલા નૈસર્ગિક free guard લગાડ્યા. શિયાળામાં સુકાયેલા ઘાસને લોકો આગ ચાંપી દેતા. તે માટે અગ્નિરેખાઓ તૈયાર કરી જેથી આગ આગળ વધી વધુ નુકસાન ન કરે. આવી અનેક સમસ્યાઓ અને ઉપાયો જોઈ હું તો દિગ્મૂઢ થઈ જતી. ઘણા નિસર્ગપ્રેમીઓ, તજ્ઞો, સ્કૂલ કૉલેજના વિદ્યાર્થીઓ, કૉર્પોરેટ ઑફિસના સ્ટાફો આ અભિયાનમાં જોડાયા, શનિ–રવિની સવારે તો હું પ્રવૃત્તિથી ધમધમી ઉઠતી.

રોપાઓનું જેમજેમ વૃક્ષોમાં રૂપાંતર થવા માંડ્યું તેમતેમ જીવવિવિધતા વધારવા માટે નાના છોડો, ઝાખરાઓ, વેલીઓનું વાવેતર થયું. નિસર્ગનો એક એક ઘટક મહત્ત્વનો છે એની જાણ રાખી પક્ષીઓ માટે ફળ-ફૂલો આપતાં વૃક્ષો, પતંગિયાં માટે મધુરસ આપતા છોડો, મધમાખી ભમરાઓને આકર્ષી શકે એવી કલરફૂલ ફૂલોવાળી વનસ્પતિઓ વગેરેનો ઉછેર કરવામાં આવ્યો. દિવસે ને દિવસે મારું રૂપ







નીખરવા માંડ્યું. સાપ, ગરોળી, વીંછી જેવા પ્રાણીઓ માટે પથ્થરોની ખાસ રચના કરવામાં આવી. સસલા જેવા નાના ચોપગાઓ માટે ઝાંખરાઓનું વાવેતર વધાર્યું. પક્ષીઓ માટે ઠેરઠેર નાની મોટી પાણીની પરબોની સગવડ થઈ.

આ સર્વ પ્રયત્નોના ફળસ્વરૂપે આજે મારા આખાય શરીર પર ૧૫૦થી વધારે જાતનાં ૧૮,૦૦૦થી વધારે વૃક્ષો છે. ૧૧૦ જાતનાં રંગબેરંગી જંગલી ફૂલો આપતાં છોડ-વેલીઓ છે. ૫૪ પ્રકારના ઘાસથી કલીયુગના કૃષ્ણો મને ચીર પૂર્યા છે. ૯૫ પ્રકારનાં હજારો પક્ષીઓ, પતંગિયાં મારાં અલંકારો છે. એક સંશોધકે અહીં એક નવી જાતનો કરોળિયો શોધી કાઢ્યો છે, જે આખી દુનિયામાં ક્યાંય નથી. આ મારા માટે ઘણી જ ગર્વની વાત છે.

ડૉક્ટર તો અકાળે પરલોકવાસી થઈ ગયા પણ એમનાં ડૉ. ધર્મપત્ની સાથે નિષ્ઠાવાન કાર્યકર્તાઓ પૂરી લગનથી મારું જતન અને સંવર્ધન કરે છે. હું ઘણી ખુશ છું. હવે કોની હિમ્મત છે કે મારી પર સ્વાર્થી નજર નાંખે!! સાવ નિર્ભયા બની ગઈ છું હું. લ્યો, કરો વાત. મારી ઉપરના પુસ્તકની વાત શું નીકળી, હું તો જાણે મારો આત્મવૃતાંત વાગોળવા લાગી છું.

આજે ખોટા વિકાસ અને આભાસી પ્રગતિના અંચળા હેઠળ તથા અતિભોગવાદી પ્રવૃત્તિનાં કારણે માણસ જળ, જંગલ અને જમીનનો વિનાશ કરી રહ્યો છે. માણસ કેમ સમજતો નથી કે, નિસર્ગ સલામત તો એ સલામત. મનોમન હું એમ જ ઈચ્છું છું કે જ્યાં નિસર્ગનો વિધ્વંસ કરનારારૂપે દુઃશાસનો પાકે ત્યાં ડૉ. ગારુડકર જેવા માનવી કૃષ્ણારૂપે અવતરે.

ગામ : દેવપુર હાલે પુના.

**મો. ૮૩૯૦૭૦૧૬૪૪**

---

**(FLORA AND FAUNA OF BANER HILL**
આ લેખના લેખિકા મોનાલી શાહ દ્વારા લિખિત આ સચિત્ર રંગીન પુસ્તકમાં બાણેર ટેકરી પરના બધાં સજીવોની માહિતી છે. રસિકો, જિજ્ઞાસુઓ, નિસર્ગપ્રેમીઓ તથા અન્ય ટેકરીઓનું સંવર્ધન કરનાર માટે આ પુસ્તક માર્ગદર્શકરૂપ બની રહેશે.)



# સાહિત્ય-અમૃત

☼ આલેખન : ચંદ્રકાંત હિરબાઈ શિવજી નંદુ ☼

સાહિત્યની ઉત્તમ કૃતિઓના અંશો, કૃતિના આલેખનમાં પ્રવાહિતા જળવાઈ રહે એ હેતુથી ટિપ્પણીઓ સાથે અત્રે આપવામાં આવેલ છે.
રેખાંકિત આકૃતિઓમાંનું લેખન 'આલેખક' દ્વારા કરાયેલ વિવરણ અને ટિપ્પણીઓ છે.
રેખાંકિત આકૃતિઓ બહારનું લેખન મૂળ કૃતિની પ્રતિકૃતિ છે.

| | | |
|---|---|---|
| પુસ્તક | : | **રેવન્યૂ સ્ટૅમ્પ.<br>(અમૃતા પ્રીતમની આત્મકથા)<br>મૂળ હિન્દીમાં 'रसीदी टिकट'** |
| લેખિકા | : | **અમૃતા પ્રીતમ** |
| અનુવાદ | : | **જયા મહેતા** |
| પ્રકાશક | : | **અશોક પ્રકાશન, અમદાવાદ** |
| પ્રકાશન વર્ષ | : | **૧૯૮૦- પુનઃમુદ્રણ - ૧૯૮૩** |

*ગતાંકથી આગળ...*

*સાંપ્રત કાળે માનવજીવન સતત બદલતા, ભિન્નભિન્ન પરિમાણો ધારણ કરતા સંબંધોની શૃંખલા સ્વરૂપે વિકસિત થઈ રહેલ છે. જીવનના કેટલાક સંબંધો મનુષ્ય જીવનના ઉદ્‌ગમ સાથે જ અસ્તિત્વમાં આવે છે. માતાનો કે પિતાનો સંતાન સાથેનો સંબંધ અથવા આવા અન્ય કૌટુંબિક સંબંધો, જેના ભાવાત્મક રૂપને આપણે માતૃત્વ કે પિતૃત્વ તરીકે ઓળખીએ છીએ, એ આ પ્રકારના સંબંધો છે. અન્ય સંબંધો કોઈ જ્ઞાતિ, પ્રદેશ, સમુહ કે સંસ્થા સાથેના જોડાણને કારણે ઊભા થાય છે, જ્યારે કેટલાક સંબંધો ભાવાત્મક હોય છે. અન્ય પ્રત્યેની લાગણી, ઘૃણા કે આસક્તિનો સંબંધ, શિષ્યનો ગુરુ પ્રત્યેનો આદર જેને આપણે ગુરુતત્ત્વ તરીકે ઓળખીએ છીએ, રાષ્ટ્ર સાથેનો સંબંધ જે સંબંધ દેશ કે રાષ્ટ્ર માટેના ગૌરવ, રાષ્ટ્ર પ્રત્યેના પ્રેમ, ભક્તિ અને રાષ્ટ્ર પ્રત્યેના કર્તવ્યની ભાવનાથી ગ્રથિત થાય છે. આ સંબંધોમાં માનવીય સંબંધો*

*– માનવીના અન્ય માનવી સાથેના પરસ્પર સંબંધ જે સંબંધોથી જીવનની રફ્તાર ચાલે છે એ સર્વાધિક મહત્ત્વના છે. આ સંબંધો ઉદ્‌ભવે છે, વિકસે છે અને આ વિકસતા સંબંધો જીવનને આનંદ અને ઉલ્લાસમય રાખે છે, પરંતુ જીવનને આનંદ અને ઉલ્લાસથી સભર રાખતા સંબંધોમાં જ્યારે એક નાનીસી પણ તિરાડ પડે છે, જે તિરાડ કોઈક ક્ષુલ્લક કારણે જ હોઈ શકે છે ત્યારે અમૃતરસથી સભર જિંદગીના પ્યાલામાં અચાનક કડવાશ ઉમેરાતી જાય છે. આ કડવાશ જીવનને સંક્ષોભિત કરી મૂકે છે. પડેલી તિરાડને સાંધવાની/પૂરવાની લાખ કોશિશો છતાં સંબંધોના પોતમાં એક ગાંઠ તો પડી જ જાય છે અને જીવનની રફ્તાર આમ જ ચાલ્યા કરે છે અને એક ક્ષણ આવે છે જ્યારે બધા જ સંબંધો હંમેશ માટે વિરામ પામે છે.*

*પરંતુ આ તમામ સંબંધોમાં એક સંબંધ વિશિષ્ટ છે, અનન્ય છે. આ સંબંધ છે મૈત્રી–સંબંધ. આ એ સંબંધ છે જે અનપેક્ષાને આકારિત કરે છે. સૂર્યનું એક નામ મિત્ર છે. આ એ સંબંધ છે જે જીવનને સૂર્યસમ પ્રકાશિત કરનાર છે.*

*અમૃતાનું એ સદ્‌ભાગ્ય છે કે એની જિંદગીમાં  ખરા અર્થમાં જેને મિત્ર કહી શકાય એવા મિત્રો મળ્યા છે જેમણે ‘મૈત્રી’ને ચરિતાર્થ કરી છે. ઈમરોઝ એવો જ મિત્ર છે. અમૃતાના જીવનના તાણાવાણામાં આ મૈત્રી વણાયેલી છે.*

*અમૃતા એક વખત માંદી પડી ત્યારે એ ઈમરોઝને કહે છે: એ આ દુનિયામાંથી ચાલી જાય તો એ એકલો ન રહે. દુનિયાની સુંદરતા અને જુવાનીને માણે. ત્યારે ઈમરોઝ કહે છે:*

તમે મારી સાથે બીજાં દસ વર્ષ જીવવાના કરાર કરો - મારી એ ઝંખના હજી બાકી છે, હું એક સરસ ફિલ્મ બનાવી લઉં, બસ એ બનાવીને પછી એકસાથે દુનિયામાંથી જઈશું.

*અને પછી અમૃતા કહે છે:*

આ શબ્દો જે ઘડીએ કહેવામાં આવ્યા એ ઘડીએ આનાથી મોટું સત્ય બીજું કાંઈ ન હતું. એટલે કહું છું - જિંદગીની બધી મુશ્કેલીઓ નાનું સત્ય છે અને ઈમરોઝનો સાથ મોટું સત્ય.

અને અમૃતા કહે છે કે, આ સત્ય મસ્તી-મજાકમાં પણ નાનું નથી થયું.

એક વખત અમૃતા અને ઈમરોઝ બન્નેને ચા પીવાની ઈચ્છા થઈ. ઈમરોઝ અમૃતાને કહે છે કે એ ગૅસ પર ચા માટે પાણી મૂકે અને ઈમરોઝ ચા બનાવશે, પણ અમૃતાને પથારીમાં પડ્યાં પડ્યાં આળસ આવે છે. એને પથારીમાંથી ઊઠવાની ઈચ્છા નથી. એટલે કહે છે:

'મારા તો હવે થોડા દિવસ રહ્યા છે જીવવાના, પણ જેટલા બાકી રહ્યા છે એ હું એ રીતે જીવવા માગું છું કે જાણે ઈશ્વરનાં લગ્નમાં આવી હોઉં'. ઈમરોઝ ઘડીક ચૂપ રહે છે અને પછી કહે છે, 'હું ય તે ઈશ્વરનાં લગ્નમાં આવ્યો છું.' અમૃતા હસે છે અને પછી ઈમરોઝને હસતાં હસતાં કહે છે: 'તમે છોકરીવાળા તરફથી છો, હું છોકરાવાળા તરફથી'. આવી મીઠી મજાક થતી રહેતી. ઈમરોઝ આ વાતને પકડી વાતવાતમાં કહ્યા કરતો: ઠીક ભાઈ, આ કામ અમે જ કરી લઈએ છીએ, અમે તો છોકરીવાળા તરફથી છીએ ને! બેસી રહો છોકરાવાળા. અને આ પ્રમાણે મિત્રોની જીવન-મહેફિલ ચાલ્યા કરે છે.

અમૃતાને રસોઈ બનાવવાનો ભારે કંટાળો. એથી રસોઈયો એટલો બધો જરૂરી બની ગયો હતો કે એ વિચારતી, એને ભલે તાવ આવે, પણ રસોઈયાને તાવ ન આવે.

એક વખત અમૃતા અને ઈમરોઝ કાંગડા વેલીના પ્રસિદ્ધ ચિત્રકાર સોભાસિંહજીને મળવા ગયાં હતાં. અને ત્યારે એમની માટે રસોઈ બનાવવાની ઝંઝટ સોભાસિંહજીનાં પત્ની પર આવી પડી જે અમૃતાને સારું ન લાગ્યું અને રસોઈ બનાવવાની જવાબદારી અમૃતાએ લઈ લીધી. અમૃતા રસોઈ બનાવવાનો પ્રયત્ન કરે છે, પણ લાકડાનો ચૂલો. અમૃતાથી ચૂલો સળગાવી શકાય એમ નહોતું અને ત્યારે ઈમરોઝે ફૂંક મારીને ચૂલો સળગાવવાની જવાબદારી ઉપાડી અને અમૃતાએ રસોઈ બનાવવાની. પાછાં ફર્યાં બાદ રસોઈ બનાવવાનો આ ક્રમ ચાલુ રહ્યો. અને તેથી નોકર હવે દખલરૂપ લાગવા માંડ્યો. ફક્ત ઘરની સફાઈ અને વાસણ માંજવા પૂરતી પાર્ટ-ટાઈમ વ્યવસ્થા જળવાઈ રહી.

*રસોઈ સમેત બાકીનું કામ સ્વહસ્તે જ કરી લેતાં. ક્યારેક પાર્ટ–ટાઈમ નોકર માંદો પડે અથવા રજા પર હોય ત્યારે વાસણ પોતે જ માંજી લે છે. તે વખતે અમૃતા વાસણ માંજે અને ઈમરોઝ પાસે ઊભો રહી ગરમ પાણી આપ્યા કરે. ક્યારેક ઈમરોઝ સ્ટુડિયોમાં રંગ પૂરતો હોય ત્યારે ઈમરોઝને ખલેલ ન પહોંચે એટલે અમૃતા જાતે જ વાસણોનું કામ કરી લેતી અને પછી કહેતી:*

'લો છોકરીવાળાઓ! આજે તો છોકરાવાળાએ વાસણ પણ માંજી નાખ્યાં છે' અને પછી જાણે આ મજાક અમારી જિંદગીનો એક હિસ્સો બની ગઈ છે.

*અને પરસ્પરના વ્યવસાયમાં પણ આમ જ થયા કરતું. ઈમરોઝના કામમાં એને પૈસાની ખેંચ રહેતી. એનો વ્યવસાય મોંઘો. રંગો મોંઘા. ક્યારેક કૅન્વાસ ખરીદવાના પૈસા ન હોય ત્યારે અમૃતા કહે:*

'તમારું પહેલું પેઇન્ટિંગ મેં ખરીદી લીધું, લો આ
પૈસા, તમે નવું કૅન્વાસ ખરીદી લો અને પેઈન્ટ કરો.'

*ક્યારેક એવું બને કે અમૃતાને પુસ્તકોમાંથી કંઈ પૈસા ન મળતા હોય અને ઉદાસી એને ઘેરી વળે ત્યારે ઈમરોઝ કહે :*

'ચાલો, આજે મેં તમારી અમુક વાર્તા પર ફિલ્મ બનાવવાનો અધિકાર ખરીદી લીધો. આ લો સાઈનિંગ ઍમાઉન્ટ અને એના ફિલ્મી અધિકાર મને વેચી દો.'

*અને આમ બન્ને મિત્રો અન્યોન્યને સાચવી લે. મૈત્રીની આ મધુર સુવાસ જીવનને તરબતર કરી લેતી. અમૃતા કહે છે :*

જાણું છું, પૈસા એની પાસે હોય કે મારી પાસે, રહે છે એટલા ને એટલા જ - પણ અમે તક મળે ત્યારે એ દિવસનો ઉત્સાહ જરૂર કમાઈ લઈએ છીએ અને એ રીતે દરેક મુશ્કેલ દિવસને સરળ બનાવી દઈએ છીએ. અને આ બધું એટલું મોટું સત્ય બની જાય છે કે પૈસાની ખેંચ નાનું સત્ય બની જાય છે.

મૈત્રીનું આ માધુર્ય જીવનનું પાથેય બની રહે છે. એ ક્યારેય જીવનરસને સુકાવા નહીં દે. આ મૈત્રીભાવ કેવો અદ્ભુત ભાવ છે! આવી મૈત્રી ક્યારેક અન્યો માટે ઈર્ષ્યાનું કારણ બની રહે છે, પરંતુ ક્યારેક મૈત્રીમાં કોઈ ગેરસમજ ઊભી થાય કે અહમ્ પ્રવેશ કરે ત્યારે એ મૈત્રી માર્ગનો પથ્થર બની રહે છે અને અત્યંત પીડાજનક થઈ જાય છે! એની પીડા બન્ને તરફ અસહ્ય હોય છે.

ખેર, મિત્ર તો એ સૂર્ય છે જે બધું જ અજવાળે છે.

(ક્રમશઃ)

હવે પછીઃ સાહિત્યનો પંથ


સંપર્ક : ૯૩૨૩૫ ૪૧૩૫૧

કચ્છ - બાડા



# મુલચંદ લાલજી એન્ડ કાં.

# MULCHAND LALJI & CO.

*Importers & Wholesale Dealers in:*

**One Side Coated Paper, Wet Strength Paper, Mettalized Paper, Glassine Paper, CCK Paper**

**Admn. Office** : 229/231, Perin Nariman (Bazar Gate) Street, 1st Flr., Fort, Mumbai - 400 001.

**Phone:** (+91-22) 2261 7273 • 2261 7878 • 2261 7299 • **Fax:** 2261 1207

**Email :** info@mulchandlalji.co । **Mobile :** +91 98201 27299

**Shop & Reg. Office :** 202/203, Bora Bazar Street, Near Jain Temple, Fort, Mumbai - 400 001.

# પ્રતિભાવ - પ્રતિસાદ

**આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ**

### જાન્યુઆરી, ૨૦૨૫નો તંત્રીલેખ

### ''જો પ્રાપ્ત હૈ, પર્યાપ્ત હૈ''

જાન્યુઆરી, ૨૦૨૫નો તંત્રીલેખ ઊંડો વિચાર માંગી લે છે. ''જો પ્રાપ્ત હૈ, પર્યાપ્ત હૈ'' એ દરેક ધર્મની અને ખાસ કરીને જૈન ધર્મની ફિલોસોફી છે. સંતુષ્ટતા સંતોષથી જ આવી શકે છે.

વધારે ઊંડાણમાં ન જતાં ક્રિકેટનો દાખલો લઈએ. શ્રી વિજય મરચન્ટ જ્યારે રિટાયર્ડ થયા ત્યારે તેઓ પોતાના કૅરિયરની ઊંચાઈએ હતા. એમને પૂછવામાં આવ્યું કે તમે આટલું સરસ ક્રિકેટ અત્યારે રમો છો છતાં શા માટે રિટાયર્ડ થાવ છો. ત્યારે તેમનો જવાબ હતો કે, માણસ જ્યારે પોતાના કોઈ પણ બાબતના કૅરિયરમાં ટોપ હોય ત્યારે જો રિટાયર્ડ થાય તો લોકોની ચાહના એની માટે હંમેશાં રહે છે.

સંસ્થાઓમાં પણ પોતાનું સ્ટેટસ જાળવી રાખવા ઉચ્ચ પદને છોડવાનું ઘણાને ગમતું નથી. તેથી સંસ્થાને પણ નુકસાન થાય છે. કારણ નવા વિચારો અને નવું કાર્ય સંસ્થા કરી શકતી નથી. વર્ષો સુધી પોતાની પોસ્ટને ટકાવવા શામ - દામ - દંડ - ભેદ બધું અપનાવવાનાં પણ દૃષ્ટાંત છે. સંસ્થાનો, નવા યુગનો પ્રોગ્રેસ એથી અટકી પડે છે. નવા વિચારો નવું કરવા માટે મળી શકતા હોવા છતાં અપનાવવામાં આવતા નથી.

''પ્રાપ્ત હૈ પર્યાપ્ત હૈ'' વિચાર દરેક ફિલ્ડમાં અપનાવવા જેવો છે, જે વિકાસનાં કાર્ય માટે ઉત્તમ વિચાર છે.''

**લિ. CA શાંતિલાલ હિરબાઈ કુંવરજી રાંભિયા**

---

### ''જો પ્રાપ્ત હૈ, પર્યાપ્ત હૈ''

આદરણીય ડૉક્ટર નિરજ સકસેના એ બિગ બી ને આડકતરી રીતે જે સંદેશ આપ્યો કે ''ભાઈ હવે તો અટકો'' એ વાંચીને ખૂબ મજા પડી...

**લિ. સ્મિતા ભાવેશ શાહ**
**નાના ભાડિયા, સોલાપુર**

---

### પગદંડી જાન્યુઆરી, ૨૦૨૫ - અંક

તંત્રીસ્થાનેથી - પગદંડી જાન્યુઆરી ૨૦૨૫, નવા વર્ષ (અંગ્રેજીમાં)નો પ્રથમ અંક, પ્રથમ તંત્રીલેખ ખૂબ જ સુંદર હતો અને ભાગદોડની લાઈફ સ્ટાઈલ, ધન કમાવવાની ઘેલછા ઉપર સચોટ નિરાકરણ બતાવતો લેખ.

સાથેસાથે સામાજિક સંસ્થા પછી ગામની હોય, એરિયાવાર હોય અથવા સંગઠનની કોઈ પણ હોય એમાં બદલાવ. કેમ જરૂરી છે એ વગર કહ્યે સમજાયું.

સમાજના વડીલો, યુવાનો જો એનો સુપેરે ઉપયોગ કરે તો શ્રી સંજયભાઈએ લખેલ લેખ નવા વરસની ખૂબસૂરત ભેટ સમાજ માટે હશે.

**લિ. ધીરજ જવેરબેન ગાંગજી મામણિયા**

રામાણિયા - કોલ્હાપુર

**મો. : ૯૮૯૦૧૨૮૨૮૨**

---

## જો પ્રાપ્ત હૈ, પર્યાપ્ત હૈ

પગદંડીનો તંત્રીલેખ 'જો પ્રાપ્ત હૈ, પર્યાપ્ત હૈ' વાંચ્યો. આ લેખ દ્વારા ખરેખર સમગ્ર સમાજે મનોમંથન કરી યોગ્ય સમયે જીવનની રફ્તારને મર્યાદિત કરી દેવી જોઈએ.

યોગ્ય સમયે જો વિચારશું નહિ તો કદાચ રોહિત શર્મા તથા વિરાટ કોહલી જેવી પરિસ્થિતિમાં ના મુકાઈ જઈએ.

સન્માનપૂર્વક આવનાર પેઢીને યોગ્ય તક આપી એમને પરિસ્થિતિનો સામનો કરવાની તક આપીએ.

TRPવાળો અનુચ્છેદ બહુ જ સુપેરે આલેખન કરેલું તે ખરેખર પ્રશંસનીય છે.

લેખ માટે ખૂબ ખૂબ અભિનંદન.

**- CA નિલેશ વાંસતીબેન કલ્યાણજી સૈયા**

કારાઘોઘા - મુલુંડ

## જાન્યુઆરી ૨૦૨૫ - પગદંડી તંત્રીલેખ ''જો પ્રાપ્ત હૈ, પર્યાપ્ત હૈ''

ડૉ. નીરજ સકસેનાના સુવર્ણ વાક્યનું સંકલન કરનાર શ્રી સંજયભાઈએ આપેલી વિસ્તૃત માહિતી ઉપર બધાએ જરૂર વિચાર કરવો જોઈએ. પોતાને જે પ્રાપ્ત થઈ રહ્યું છે, સંતોષ માની ખપપૂરતુ રાખી, વધારાનું બીજાને આપી ગમતાનું ગુલાલ કરવાનું સંજયભાઈએ કહ્યું છે. ઘણીબધી રીતે આ વાત બધાને સ્પર્શે છે. આ વાતને અપનાવી લેનાર દેશસેવા-સમાજસેવા-માનવસેવાનું ઋણ અદા કરી શકશે. સાથેસાથે એ વ્યક્તિને આંતરિક આનંદની અનુભૂતિ થશે.

વિશેષ નોંધઃ- સંજયભાઈ, બીજાને પદ આપવાની ઈચ્છાએ આપ પગદંડીના સંકલન પદમાંથી નિવૃત્ત થવાનો વિચાર બિલકુલ નહિ કરતા, કારણકે સમાજને એમાં ફાયદા કરતા ગેર-ફાયદો વધારે થશે.

પગદંડીના વહાલા વાચંકો, લેખનાં અંતમાં લખનારનું નામ ''સંજય ચંદન વશનજી છેડા'' વાચીને મગજમાં કોઈ વિચાર ઉત્પન્ન થયા કે નહિ? હંમેશાં માતા-પિતાને ભૂલ્યા વગર એમની સંગાથે આગળ વધી, એમનું ઋણ અદા કરતી ઉચ્ચ ભાવનાને શાનદાર સલામી, શાબાશ સંજયભાઈ.

**- જયંતીલાલ લક્ષ્મીબેન વાલજી ગોગરી**

ગામ- ભુજપુર, ઘાટકોપર - ઈસ્ટ

મો. : ૯૯૬૭૨૮૬૨૦૮

## 'બાળક ઈશ્વરની અમાનત'

પહેલા તો પગદંડી જાન્યુઆરીના લેખમાં શ્રી જયંતભાઈ ગણશી જાગાણીનો લેખ ખૂબ જ બિરદાવાલાયક છે. એના સંદર્ભમાં મારે કહેવું છે, 'બાળક ઈશ્વરની અમાનત છે, અને એના કરતાં પણ વધારે મહત્વનુ એ છે કે એ બાળકના ભવિષ્યને કંડારવાનું કામ ઈશ્વર તરફથી આપણને મળ્યું છે. જે પેઢી દર પેઢી એવી જ રીતે ચાલે એવો ઉછેર દરેકે દરેક મા-બાપે કરવાનો જોઈએ એવી આશા.

મારો પરિચય, હું નવાવાસ ગામની. મારું પિયર નાની ખાખર, કોલકાતા નિવાસી શ્રી વસનજી રવજી કુવરજી મારા બાપુજી. આજે મારી વય '૮૦ વષ. મેં મારાં બંને બાળકોને જેમ જયંતભાઈએ લખ્યું છે તેમજ ભણાવ્યા છે. સોમ થી શુક્ર સ્કૂલનું લેશન રોજનું રોજ અને શનિ અને રવિ જૂનું લેશન એટલે પરીક્ષા વખતે તે લોકો ફ્રી રહેતા.

જયંતભાઈનો લેખ વાંચીને મને વિચાર આવ્યો કે હું પણ એના વિશે લખું.

આજે જમાનો એટલો આગળ વધી ગયો છે કે નાના વર્ગોનું લેશન પણ ભણેલા ગણેલા મા-બાપ નથી કરાવી શકતાં. સોશિયલ મીડિયા, ડિઝિટલ ગેઝેટ્સ અને અન્ય આધુનિક ઉપકરણોનો વધારો અને એના કારણે પાંચમાં વર્ગથી તો લેશન બાળક માટે બોજારૂપ બની જાય છે.

જે રીતે હું ત્યારે મારાં બાળકોને ભણાવતી, એવિન કદાચ આજના સમયમાં હવે ન ભણાવી શકું એવું મને લાગે છે, માટે સરકારની જિમ્મેદારી છે એમાં કાંઈક ઘટતું કરે તો જ બાળકો એનો ભાર ઉપાડી શકે.

કહેવાય કે બાળકો સ્કૂલે જાય છે, પણ દફ્તરનો ભાર અને ન જોઈતા વિષયના સ્ટ્રેસને કારણે બાળકનો રસ ઉડી જાય છે. પહેલાંના ટાઈમમાં છઠા વર્ષમાં એડ્‌મિશન લેતા, પણ હવે તો બાળક હજી પોતાની ભાષા માંડ બોલી શકતું હોય, એ સમયમાં અન્ય ભાષા કે વિષયો શીખવા મુશ્કેલ છે.

સ્કૂલો કહેવાય આખા વર્ષની છે, પણ આખા વર્ષમાં બાળક ૧૦૦ દિવસથી વધારે શિક્ષણ નથી મેળવી શકતું. વર્ષ ૩૬૫ દિવસનું પણ બાવન શનિવાર અને બાપન રવિવાર, ગણપતિ, દિવાળી અને નાતાલની ચાર થી પાંચ દિવસની રજાઓ અને છેલ્લે ઉનાળાનું વેકેશન, એટલે બાળકના શાળાના દિવસ અત્યંત ઓછા.

જેમ બાળક મોટું થાય ત્યારે તો વધારે ધ્યાન આપવું પડે છે. ખરેખર તો તેને શિખાડવા સારા શિક્ષકો જોઈએ, જે બહુ જ ઓછા હોય છે.

એમ તો આ વિષય ઘણો લાંબો છે મેં થોડાકમાં ઘણું કહેવાની કોશિશ કરી છે. કાંઈ ભૂલચૂક હોય તો ક્ષમા કરશો.

**લિ. હંસાબેન જે. શાહ**

# ઊર્મિલહર



✲ સંપાદક : વિશન પાનબાઈ દેવરાજ નાગડા ✲

વલા,

કાનેં-મંતર વિગરજેં શબ્દેંજી પાંજી ગાડીકે ઇગીયા ઘિસકાઈંયૂં. ગ્યે મેણેં, પાં (૧) વર-પતિ, (૨) વર-વરરાજા, (૩) વર-વાંકાપણું જી ગાલ કિઈ, હાણે ઇન જ 'વર' કે વધુ ઓડા વિઓ!

૧) વર-(પું.) (સ્વભાવહીન) વક્રતા, વક્રપણું (m) crookedness
(વાક્ય) - હેંડો વડો થ્યો પ ઇનજે સુભાવ મિંજા વર ન વ્યો!

૨) વર (પું.) વળાંક (m) Truning (of road)
(વાકય) ડુમરેનું વંઢી વેંધે વાટ મેં બ વર અચીંધા ! (પર્યાય : આંટી)

૩) વર (પું.) વળ (દોરડાનો) (m) Twist
(વાક્ય) રમેજો વર ઊતરી વ્યો આય, રસો ઉલાચી પ્યો આય.

વર જો હી અર્થ શ્રી પ્રતાપરાય ત્રિવેદી નોંધ્યાં અયાં, જુકો સામાન્ય રીતે 'વર' તરીકે બોલાજે તો.

વણી (દોરડું) બરે પણ 'વર' ન છડે. ઈ વટ 'વર' તરીકે બોલાજંધો હુંધો (આંકે વર-વળ ઈન અરથજો કે લોકવાણી એ ક કો જૂને લિખાણજો બોલ મિલે ત જરૂર ચોંજા !!

**પનપટી :** ગ્યે મેણે પાં વર-વરરાજા, પતિ એડા અરથ નોંધ્યાવા, તેંમણા હિકડી ચૉવક સંભરઈ આય. આય સાવ સાધી પણ ઊની નજરમેં ન્યાર્યો ત સગપણ - સમસ્યા જો હિકડો વડો નિરાકરણ ઈન ચૉવકમેં આય!

વર વૅ ત ઘર થિઈ રે, ઘર વૅત વર ન થીયે.

(મૂરતિયો હોંશિયાર-ગુણિયલ હોય તો નબળી આર્થિક પરિસ્થિતિ હોવા છતાં સંસાર ઊજળો થઈ શકે, પણ જો મૂરતિયામાં દમ ન હોય તો શાહુકાર વર મળે તોપણ દામ્પત્ય જીવન સુખી થવું દુષ્કર છે.)

અહીં કન્યા માટે વરની પસંદગી કરનાર માવતરને આપણા વડવાઓએ એક લાખેણી સલાહ આપી છે, એટલે ડાહ્યા માણસો પાત્રની - મૂરતિયાની પૂરેપૂરી તપાસ કરતા. એમને કુટુંબની આર્થિકતાથી વિશેષ પાત્રની પસંદગી વધારે જરૂરી લાગતી. ગરીબ ઘરનો, પણ હોશિયાર-હોનહાર છોકરો મળે તોપણ એને પસંદગી આપી તેઓ પોતાની કન્યાનું ભવિષ્ય ઉજ્જવળ કરી જાણતા!

આજે એ વાતને સિદ્ધ થતી આપણે જોઈ રહ્યા છીએ. જો કોઈ ચીંથરે વીંટ્યા રતન જેવું પાત્ર મળે એને પસંદ કરવામાં ખરું ડહાપણ છે એ નક્કી!

ભલે તડે અચીજા, કી જણાય જેડો વૅ ત જરૂર હલાઈજા !! - **આંજો વિશન**

**મો.: ૯૮૨૦૪૫૬૮૯૯**

## 'જવાની તો જવાની !'

મગરૂરીમાં રહેશે નહીં તારી જવાની,
ઘડપણ બોલાવશે ત્યાં ચાલી જવાની.
શ્રીસંત કે શ્રીમંત આજે હું કહી દઉં ?
કે તારા વગર દુનિયા નથી અટકી જવાની.

બચપનથી બુઢાપા સુધી જવાનીનો હતો જોશ,
એ જીવન ખુલ્લી આંખ છતાં બન્યો હતો તું બેહોશ!

શું લઈ જઈશ કોને લઈ જઈશ ?
ક્યાં લઈ જઈશ કઈ રીતે લઈ જઈશ ?

મળ-મૂત્રથી શરીરે ભરેલો !
માયામાં મોહથી તું મરેલો.

ખૂનખરાબા કર્યાં તેં કેટલાં ?
ગણીને પણ નહીં ગણાય આજે એટલાં !

મૂર્ખ ખાલી હાથ?
એ પણ બળીને ખાખ થશે !

'પ્રેમ' કહે બિચલે કરીને પ્રેમ તું,
સમજીને પણ સમજતો નથી કેમ તું?
માર ખાઈ પથ્થરો છતાં ફળ આપે છે વૃક્ષ જો!
એ જ ખરું જીવન આનંદ જીવી લે એમ તું.

**પ્રવીણ જવેરબેન દામજી ગોગરી (પ્રેમ) - દહીંસર**
**ફોન : ૨૮૯૫ ૩૪૫૯**

---

કાંધી આંજો ભલો થીએ કાંધી આંકે વંધ!
હલણ સીખ્યાસીં તેં વટા જ અસીં હલી કેઓ પંધ!
અજ ચડાયા એં કંધ, નકાં મા જો ઉખણ સંભરે !
**કવિ તેજ**

**આ કચ્છી પદ્ય રચના**
**''તેજ-જો-અવાજ''માંથી (સને ૧૯૭૪)**

## નાતો ન તોડજે

બંધવા! બેલીડેંસેં નાતો ન તોડજે
બેલીડેંસેં નાતો ન તોડજે બંધવા!
સાથીડેં જો સાથ ન છોડજે...

ખીલો ખુતો વાણે સેતાં સાગર તરંધો
જેની થીંધો ધાર તેની ઉતે બુડી મરંધો
બંધવા! વસીલેનું મોં ન મોડજે
બંધવા! સાથીડેં જો સાથ ન છોડજે...

ભીતેં ઉખડી પાયણું રૂડી વાટેં પેઓ
ધા કેઓ કેં ઘિસરેઓ કે વરી પછાડેઓ
બંધવા! પ્રેમીલે જીયું પંગતું ન ફોડજે
બંધવા! સાથીડે જો સાથ ન છોડજે..

ગ્રંથ હૂંધો તેં સુંધી જ્ઞાનિએં જે હથ હુંધો'
વેંધો પુડીકેં બધજી જેની પનું-પનું ધાર થીંધો
બંધવા! ધિલડેનું ધાર ન છોડજે...
બંધવા! સાથીડેં જો સાથ ન છોડજે...

જેડા જેં જા વેણ તેં કે તેડા તેડા મનડા
કાગડે કે કકરી ડીયું, કોયલ કે કનડા
''તેજ'' ચેં વેણ સડાંઇ મિઠા મિઠા બોલજે
બંધવા! સાથીડેં જો સાથ ન છોડજે...

**કવિ તેજપાલ ધારશી ''તેજ''**

---

## પાડોસી

કો'ક પાડોસી સર્ગેંનું સલારા,
કો'ક ઘઉંસ ધિલધારી એ ન ડીંએ,
કો'ક આફતમેં અગીતા ઓભા હુંવે,
કો'ક મંગો ત બોઆરી એ ન ડીએં.

## માડી અઈયેં તૂં

ભૂલ થીયે, માફી મઞો ને માફ કરીયેં તૂં,
મા મિઠી મમતા ભરઈ માડી અઈયેં તૂં.

ધોસતી ધિલસેં કરીંધે રેં સડા હાજર,
જૅડલેં લા ધોડંધે વેવાર નિભાઈયેં તૂં.

મોં મથે કલ પૅ કડેં નં, ડુખ જી તૂં પીંધલ,
કો પ ટાણોં હેજ ને વલપ વસાઈયેં તૂં.

ગાલ વે નિંઢી - વડી, તૉજોં જિગર વડો,
માન ક સન્માન સાંયર જીં પચાઈયેં તૂં.

નાર કરમેં સેં ભનઈ, સૃષ્ટિ સકલ પૂજે,
'દિવ્ય' મમતા પ્રેમ ગાગર છિલાઈયેં તૂં.

**દિવ્યા દેઢિયા 'દિવ્ય'**

• • • • • • • • • • • • • • • • • • • • •

## રૂડો સુવર્ણ મહોત્સવ

પાંચ દાયકા સાથે વીત્યા,
એકમેકને સંગાથે વીત્યા.

સપનાં દીઠાંતાં ભૂરાંભૂરાં.
જીવન વાટને પંથે વીત્યાં.

ખટમીઠી યાદોનો બટવો ભર્યો,
સ્વાદ ચટપટા હાથે વીત્યા.

લીલાં-સૂકાં હોય સપનાં સૌનાં,
હતાં એ તો બહુ સમર્થ વીત્યાં.

ખીલ્યાં પ્રણય પુષ્પો બાગમાં,
જૂઈ, ચમેલી, કેતકીબાથે વીત્યા.

આમ જ સરે સખના દિવસો,
સુખ સાગરને કાંઠે વીત્યા.

સહવાસની પ્રણય સફરમાં,
દિવસો બધા ઘરઘાટે વીત્યા.

**ભાનુબેન સાવલા 'ભદ્રા'**

## દીકરી ચાલી સાસરે...

ફૂલોની પાંખડી સમાન કોમળ
લજામણી જેવી શરમાળ
દીકરી ચાલી સાસરે...

હજુ તો કરતી પા પા પગલી
મોટી થઈ ગઈ મારી ઢીંગલી
દીકરી ચાલી સાસરે...

મારી આંખોની દિવ્ય તારલી
પગમાં પહેરી રજત પાયલી
દીકરી ચાલી સાસરે...

લાલ ચૂંદડી, ચાંદલો, મહેંદી ભર્યો હાથ
મીંઢોળ બાંધી, લઇ પિયુનો સાથ
દીકરી ચાલી સાસરે....

કવયિત્રીને મળે જેમ કવિતા
સાગરમાં સમાઈ જાશે સરિતા
દીકરી ચાલી સાસરે...

**હિના ભેદા... 'હિના'**

• • • • • • • • • • • • • • • • • • • • •

## મહેફિલ

હસીન
ચહેરા પર આંસુઓને જોઈ
મહેસૂસ
એવું થાય કે ખીલેલા ગુલ જેવા
ગાલો પર
જાણે શબનામના બિંદુ છે

**મણિલાલ ડી. રૂઘાણી**
રાણાવાવ
મો. ૮૧૪૦૨૭૧૯૯૪

# શ્રી કચ્છી વીસા ઓસવાળ સેવા સમાજની
# વર્ષ ૧ એપ્રિલ, ૨૦૨૩ થી ૩૧ માર્ચ, ૨૦૨૪માં
# યોજાયેલ પ્રવૃત્તિઓનો
# : અહેવાલ :

**પગદંડી :**

લગભગ સાત દાયકાથી પ્રકાશિત થતું સેવા સમાજનું મુખપત્ર પગદંડી કેવળ એક જ્ઞાતિ સંસ્થાનું મુખપત્ર ન રહેતાં વિવિધ રસરુચિ ધરાવતા વાચકો માટે ઉત્તમ વાંચન પીરસતું સામયિક બની શક્યું છે. એને મળેલા વિશેષ સાહિત્યિક સ્પર્શને કારણે પગદંડી ક.વી.ઓ. સમાજ ઉપરાંત અન્ય સમાજોની વાંચનક્ષુધાને પરિતૃપ્તિ કરવાની ક્ષમતા અને કદર સંપાદિત કરી શક્યું છે. અમે પગદંડીને સમાજનાં પ્રત્યેક ઘરે પહોંચાડવાના ધ્યેયને પરિપૂર્ણ કરવા પ્રયત્નશીલ છીએ.

પગદંડી દર મહિને નિયમિત પ્રકાશિત થાય છે. હાલ ૭૪૦૦ ઘરોમાં આ માસિક વિતરીત થાય છે. પગદંડીનું ૧૦ વર્ષીય લવાજમ રૂા. ૧૦૦૦ છે. ઑનલાઈન પૅમેન્ટ સુવિધા ઉપલબ્ધ છે. Link-https://cutt.ly/pagdandi

**સંજીવની સ્વાસ્થ્ય યોજના (૨૮ વર્ષથી અવિરત):**

શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ પુરસ્કૃત સમાજને મેડિકલ ક્ષેત્રે રક્ષણ આપતી સંજીવની સ્વાસ્થ્ય યોજના ૨૭ વર્ષ પૂર્ણ કરીને ૨૮માં વર્ષમાં પ્રવેશી રહી છે એ પ્રસંગે સંજીવનીના મેમ્બરો નૅશનલ કંપનીમાંથી ઈફકો ટોકયો કંપનીમાં પોર્ટ થશે ને આ વર્ષે બીજું વર્ષ છે. ગત વર્ષ ઈફકો ટોકયો કંપનીનું પ્રથમ વર્ષ હોવા છતાં સંપૂર્ણ રીતે સભ્યોને આ કંપનીનો ટેકો મળેલ છે.

આ વર્ષ સંજીવની સ્વાસ્થ્ય યોજનાનું પ્રીમિયમ તા. ૧૩ જુલાઈ થી ૨૭ જુલાઈ દરમ્યાન સેવા સમાજ કાર્યાલય ઉપરાંત ડોંબિવલી, થાણા, મુલુંડ, ઘાટકોપર, અંધેરી, મલાડ, બોરીવલી, નાલાસોપારા, પુના અને સાંગલી, કોલ્હાપુરની સ્થાનિક સંસ્થાઓ ખાતે સ્વીકારવામાં આવેલ. આ વર્ષે કુલ ૮૨૦૦ પૉલિસી રિન્યૂ કરવામાં આવી હતી.

બંને કંપનીમાં રૂા. ૨૩ કરોડ ૬૦ લાખનું પ્રીમિયમ ચૂકવવામાં આવેલ હતું અને મેડિક્લેમ માટે ૬ વ્યક્તિઓને રૂા.૨,૯૦,૦૦૦ની લોન આપવામાં આવેલ તેમ જ પ્રીમિયમ ભરવા માટે ૬૨ વ્યક્તિઓનો લોન પેઠે રૂા. ૭,૯૫,૪૩૫ તથા પ્રીમિયમ રાહત પેઠે ૧૭ વ્યક્તિઓને ૨૯૩૫૬૨ આપવામાં આવી હતી.

**બુક બૅન્ક :**

શ્રી ક.વી.ઓ. સેવા સમાજ સંચાલિત બુક બૅન્ક જૂન, ૨૦૨૩ થી દર રવિવારે પુસ્તકોની આપ-લે કરવા માટે સેવા સમાજના મુખ્ય કાર્યાલય ઉપરાંત મુલુંડ, બોરીવલી અને વસઈ સેન્ટર ચાલુ રાખવામાં આવેલ વર્ષ દરમ્યાન ૩,૫૬,૦૦૦નાં નવાં પુસ્તકો ખરીદવામાં આવ્યાં હતાં.

**શૈક્ષણિક લોન યોજના :**

વર્ષ દરમ્યાન ભારતમાં રહીને ઉચ્ચ અભ્યાસાર્થે કુલ ૧૧૮ વિદ્યાર્થીઓને રૂા. ૧,૧૬,૬૪,૦૦૦/-ની શૈક્ષણિક લોન અને ઉચ્ચ અભ્યાસાર્થે વિદેશ ભણવા જતા કુલ ૧૦૧ વિદ્યાર્થીઓને રૂા. ૨,૦૪,૦૦,૦૦૦/- ની લોન એમ કુલ રૂા.૩,૨૦,૬૪,૦૦૦/- શૈક્ષણિક લોન આપવામાં આવેલ.

**શૈક્ષણિક સન્માન સમારંભ (૬૭ વર્ષથી અવિરત)**

શૈક્ષણિક ક્ષેત્રે સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સન્માન સમારંભનું આયોજન અને પોતાના ક્ષેત્રમાં અવ્વલ આવેલ વિદ્યાર્થીઓ માટે શ્રુત-ગુણ-ગૌરવ એવૉર્ડનો કાર્યક્રમ તા. ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૪નાં રોજ યોજાયેલ, જેમાં ૧૦૭ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ. આ કાર્યક્રમના પ્રાયોજક છેડા જ્વેલરી માર્ટ (મું-૩) અને છેડા જ્વેલ્સ (દાદર ટી.ટી.)

**શ્રુત-ગુણ-ગૌરવ એવૉર્ડ :**

પોતાના શૈક્ષણિક ક્ષેત્રમાં અવ્વલ આવનાર વિદ્યાર્થીને એવૉર્ડ અને રૂા. ૫૦,૦૦૦/- અર્પણ કરનાર શ્રુત-ગૌરવ એવૉર્ડના દાતા પરિવારની અભિવંદના. ૩૦ શ્રુત-ગુણ-ગૌરવ એવૉર્ડ મેળવનાર દરેક વિદ્યાર્થીઓ જેમણે સફળતા મેળવી તે બદલ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન.

**શૈક્ષણિક વિદેશ સેમિનાર :**

તા. ૨૨ એપ્રીલ, ૨૦૨૩ અને ૧૪ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ વિદેશ જવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શક સેમિનાર યોજાયો હતો.

તા. ૧૦ જૂન, ૨૦૨૩ના રોજ વિદેશ જતા વિદ્યાર્થીઓનો ગેટ-ટુ-ગેધર કાર્યક્રમ યોજાયેલ.

**સ્ત્રી ઉત્કર્ષ યોજના :**

વર્ષ દરમ્યાન ગૃહઉદ્યોગ કરતી ૧૭ બહેનોને ગૃહઉદ્યોગ વધારવા પ્રોત્સાહન આપવા માટે રૂા.૧૨,૦૫,૦૦૦/-ની લોન આપવામાં આવી હતી.

**રહેઠાણ લોન યોજના :**

વર્ષ દરમ્યાન પોતીકા મકાન માટે ૨૧ જરૂરિયાતમંદ વ્યક્તિઓને રૂા.૭૬,૦૦,૦૦૦/-ની લોન આપવામાં આવી હતી.

**વૈદકીય રાહત યોજના :**

વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં મેડીક્લેઇમ ઉપરાંત વધારાના વૈદ્યકીય ખર્ચ માટે ૨૦૯ જરૂરિયાતમંદ વ્યક્તિઓને રૂા. ૩૩,૫૩,૦૫૯ની રકમની વૈદ્યકીય સહાય આપવામાં આવેલ.

**''નવનીત કપ'' કચ્છી ક્રિકેટ ટૂર્નામેન્ટ :**

કચ્છી ક્રિકેટ ટૂર્નામેન્ટ નવેમ્બર, ૨૦૨૩ થી માર્ચ, ૨૦૨૪ના મહિના દરમ્યાન ટી-૨૦, ગામ, જનરલ, મહિલા વિભાગ અને મિડ-ડે કપનું આયોજન કરવામાં આવેલ, જેમાં કુલ ૨૨૫૦ ખેલાડીઓ અને ૩૫૦ મહિલાઓએ ભાગ લીધેલ.

આ વર્ષે ટી-૨૦માં ૪૭ ટીમોએ ભાગ લીધેલ. ફાઈનલ મૅચ ૨૩ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ગામ ગ્રુપમાં ૩૦ ટીમોએ ભાગ લીધેલ. ફાઈનલ તા. ૨૩ જાન્યુઆરી, ૨૦૨૪ના યોજાઈ. જનરલ ગ્રુપ A, B, C, D એમ સહવિભાગમાં યોજાઈ. ઉપરોક્ત દરેક ટૂર્નામેન્ટની ફાઈનલ ફાતીમા ગ્રાઉન્ડ વિદ્યાવિહાર ખાતે યોજાઈ.

A ડિવિઝનની ફાઈનલ મૅચ તા. ૨૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ યોજાઈ જેમાં YMCC સામે YSCC વિજયી થયા હતા.

B, C, D, ત્રણ ડિવિઝનની મેચ તા. ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ માટુંગા ખાતે યોજાઈ.

મહિલા ટૂર્નામેન્ટની ફાઈનલ તા. ૧૦ માર્ચ, ૨૦૨૪ના રોજ વડાળા ખાતે યોજાઈ હતી. ટૂર્નામેન્ટના પ્રાયોજકઃ નવનીત ફાઉન્ડેશન (રાયણ-દાદર)

વિસ્તૃત અહેવાલ પગદંડી માસિક મે-જૂન, ૨૦૨૪માં છપાયેલ છે.

**''ગાલા સ્પ્રિંગ્સ'' કપ વૉલીબૉલ ટૂર્નામેન્ટઃ**

૨૭ વર્ષથી સતત રમાતી આ ટૂર્નામેન્ટ આ વર્ષે ૪ વિભાગોમાં યોજાયેલ. ૪ દિવસ, ૫૫ ટીમ, ૧૫૫ મૅચ અને ૫૫૬ ખેલાડીઓએ ભાગ લીધેલ. નવેમ્બર અને ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ શ્રી હી. ભો. ઍન્ડ સન્સ ક.વી.ઓ. જૈન છાત્રાલય (માટુંગા બોર્ડિંગ) સંચાલિત પેવેલિયન ગ્રાઉન્ડ પર યોજાયેલ.

ગામ ઈનડાયરેક્ટ વિભાગમાં કુલ ૧૧ ટીમોની ફાઈનલ તા. ૨૬ નવેમ્બર, ૨૦૨૩ના રોજ યોજાઈ. જનરલ ગ્રુપ ઈનડાયરેક્ટ વિભાગમાં કુલ ૧૪ ટીમ ફાઈનલ તા. ૩ ડિસ્મ્બર, ૨૦૨૩ના યોજાઈ. ગામ ગ્રુપ ડાયરેક્ટ વિભાગમાં કુલ ૧૫ ટીમોએ ભાગ લીધેલ. ફાઈનલ તા. ૧૦ ડિસેમ્બર, ૨૦૨૩ના યોજાઈ. જનરલ ગ્રુપ ડાયરેક્ટ વિભાગમાં કુલ ૧૫ ટીમ, ફાઈનલ તા. ૧૭ ડિસેમ્બર, ૨૦૨૩ના યોજાઈ.

સંપૂર્ણ ટૂર્નામેન્ટમાં પ્રાયોજક : શ્રીમતી તારામતીબેન વિશનજી ગાલા (ડુમરા-થાણા)

**ગાલા સ્પ્રિંગ્સ વૉલી બૉલ કપ K.V.C. :**

IPL ફોર્મેટમાં રમાતી કચ્છી વૉલી બૉલ ચેમ્પિયનશિપ (K.V.C.)માં આ વર્ષે ૧૦ ટીમો બનાવવામાં આવેલ. આ ટૂર્નામેન્ટ રવિવાર, તા. ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ પેવેલિયન ગ્રાઉન્ડ, માટુંગા ખાતે રમાડવામાં આવેલ, જેના મુખ્ય પ્રાયોજક-શ્રીમતી તારામતી વિશનજી ગાલા (ડુમરા-થાણા) ગાલા સ્પ્રિંગ્સ.

**સાંસ્કૃતિક કાર્યક્રમ :**

ગત વર્ષે આવજે નાટકના મુંબઈ/ગુજરાત અને મહારાષ્ટ્ર એમ કુલ ૩૩ પ્રયોગો યોજવામાં આવેલ હતા. આ વર્ષ માદરે વતન કચ્છ ખાતે કુલ ૯ પ્રયોગો યોજવામાં આવેલ, એમ કુલ ૪૨ પ્રયોગોનું આયોજન કરવામાં આવેલ.

**વક્તૃત્વ સ્પર્ધા (બિન્દાસ બોલ) ૨૦૨૩ :**

આ વર્ષે બિન્દાસ બોલના પ્રથમ રાઉન્ડ સેવા સમાજ ઉપરાંત ડોંબિવલી, થાણા, મુલુંડ, ઘાટકોપર, મલાડ, બોરીવલી, સાંગલી, અમદાવાદ અને સોનગઢ બોર્ડિંગ ખાતે યોજાયેલ. કુલ ૨૬૭ સ્પર્ધકોએ ભાગ લીધેલ. સેમિફાઈનલમાં ૬૯ અને ફાઈનલમાં કુલ ૩૦ સ્પર્ધકોએ ભાગ લીધેલ. ફાઈનલ સ્પર્ધા તા. ૧૭ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ સાંતાક્રુઝ ખાતે યોજાઈ. સ્પર્ધાના પ્રાયેજક : માતુશ્રી લક્ષ્મીબેન હરશી નરશી ગાલા (ડુમરા)

**જીવન આનંદ :**

આ વર્ષે વ્યક્તિ વિકાસ સમિત દ્વારા નવા પ્રયોગરૂપ જીવન આનંદ નામક એક સેમિનારનું આયોજન તા. ૧૬ માર્ચ, ૨૦૨૪ના રોજ માટુંગા ખાતે કરવામાં આવેલ જેમાં માનવજીવનના નિચોડ બીજાના જીવનમાં કઈ રીતે પ્રકાશ ફેલાવી શકે અને વિચારોનું આદાન-પ્રદાન કરવામાં આવેલ.

**ઍડ્વેન્ચર (આઉટડૉર કેમ્પ) :**

આજનો યુવાન સમાજ સાથે સંકળાયેલો રહે એ હેતુથી સેવા સમાજ દર વર્ષે નૈનિતાલ કૅમ્પનું આયોજન કરે છે. આ વર્ષે સુમિત્રા દેઢિયા (ભોરારા) સાથે કુલ ૨૪ શિબિરાર્થીઓ કૅમ્પમાં જોડાયેલ. ફૅમિલી ટૂરમાં આ વર્ષે કોસ્ટલ કર્ણાટક ખાતે યોજાયેલ જેમાં ગ્રુપ લીડર સુરેશ ગાલા (મકડા) સાથે ૩૯ વ્યક્તિઓ જોડાઈ હતી.

**આરોગ્ય સંપદા :**

સ્ત્રીઓમાં વધતા જતાં ગર્ભાશયના કૅન્સરની આગોતરી જાણ થઈ શકે એ હેતુથી આ કૅમ્પનું આયોજન કરવામાં આવે છે. આ કૅમ્પ બોરીવલી, ગોરેગામ, મલાડ, ઘાટકોપર, મુલુંડ ખાતે કરવામાં આવેલ.

**પેરેન્ટિંગ (બાળઉછેર સેમિનાર) :**

બાળકોમાં બાળવિકાસ કળા વિકસાવવા માટેના સેમિનારો માટુંગા, ડોંબિવલી, ઘાટકોપર અને બોરીવલી યોજવામાં આવેલ.

**સેવા સમાજની અન્ય પ્રવૃત્તિઓ**

- MARRIAGE EMPOWERMENT OF ENRICHMENT TRAINING (MEET)
- **આરતી કપ ફુટબોલ સ્પર્ધા**
- **વિકાસ કપ બાસ્કેટ બોલ ટુર્નામેન્ટ**

**સમાજની એક ઉદ્દેશ ધરાવતી સંસ્થા સાથેની પ્રવૃત્તિઓ :**

સમાજની એક જ ઉદ્દેશ ધરાવતી સંસ્થાઓ જોડે એકજુટતા કેળવી આ ક્ષેત્રે વિગતવાર કાર્ય કરવા પ્રયત્ન કરવા જેવી રીતે માતુશ્રી મણિબાઈ શિવજી કન્યા કેળવણી ફંડ સથવારે Aptitude Test, The Day with Professional One to one Counseling

દ્વારા કેળવણી માર્ગદર્શન ૩૪૯ બાળકો અને ૯૭ વિદ્યાર્થીએ Aptitude Test આપેલ. ૪૦ થી વધારે પ્રોફેશનલ ૪૫૦ થી વધુ વાલીઓ અને વિશેષ IIT, મેડિકલ, CA, Law, બધા વિભાગના Toper'sનો કચ્છી સમાજનાં વિદ્યાર્થીને ખાસ આમંત્રિત કરી આવનાર જનરેશનને મોટીવેટ કરવામાં આવેલ.

શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન, શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન અને ક.વી.ઓ સેવા સમાજના સંયુક્ત ઉપક્રમે કેન્દ્રીય મધ્યસ્થી સમિતિનું ગઠન કરાયેલ જે અંતર્ગત પરિચય મિલન (સગપણ) છૂટાછેડા, માલ- મિલકત વિશે મુંઝવણોનો ઉકેલ જેવી પ્રવૃત્તિઓ ઉપરાંત ઉત્કર્ષ પ્રતિષ્ઠાનના ઉપક્રમે રહેઠાણ લોન યોજનામાં વર્ષ દરમ્યાન ૩૮ વ્યક્તિઓને રૂા.૨,૧૩,૫૦,૦૦૦/-ની લોન આપવામાં આવેલ.

**આભાર...અભિવંદના...**

- શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન.
- શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન.
- શ્રી હીરજી ભોજરાજ એન્ડ સન્સ ક.વી.ઓ. જૈન છાત્રાલય (માટુંગા બોર્ડિંગ)
- શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશન/વડો મહાજન.
- સેવા સમાજની કાયમી પ્રવૃત્તિઓના આધાર સ્તંભ એવા પ્રાયોજકો નવનીત પરિવાર, ગાલા સ્પ્રિંગ્સ પરિવાર, આરતી ગ્રુપ પરિવાર, છેડા જ્વેલરી માર્ટ પરિવાર, વિકાસ ગ્રુપ પરિવાર, KVC પરિવાર, શ્રુત-ગુણ-ગૌરવ દાતા પરિવાર, 'આવજે' નાટકના દાતા પરિવારો, આરોગ્ય સંપદાના દાતા પરિવારો.
- સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ સુપેરે ચલાવવા મદદરૂપ થનાર સખીદિલ દાતા પરિવાર.
- સંજીવની સ્વાસ્થ્ય યોજના અને અન્ય પ્રવૃત્તિઓમાં પોતાના ગામના જરૂરિયાતમંદ પરિવારોને સહાયરૂપ થતાં ગામનાં મહાજનો, કચ્છી મહિલા ફેડરેશન (મહિલા), મહિલા મંડળો, લતાવાર મંડળો, યુવા મંડળો તથા સમાજની સ્થાનિક સંસ્થાઓનો.

- સેવા સમાજની દરેક પ્રવૃત્તિઓમાં પ્રત્યક્ષ/અપ્રત્યક્ષ રીતે સહાય થનાર સર્વે કાર્યકરોનો.

**સેવા સમાજની સફરમાં હમસફર બનનાર સર્વેનો વિશેષ આભાર.**

સેવા સમાજની લેટેસ્ટ અપડેટ માટે ખાસ ટેલિગ્રામ ચેનલ પર જોડાવો. t.me/sevasamaj અથવા @sevasamaj Telegram એપ્લીકેશન પર Search કરો.

**શ્રી કચ્છી વિસા ઓસવાળ સેવા સમાજ**

**આયોજિત**

# ''ગાલા સ્પ્રિંગ્સ કપ'' વૉલી બૉલ ટુર્નામેન્ટ વર્ષ ૨૯મું

## પ્રાયોજક : શ્રીમતી તારામતી વિશનજી ગાલા (ડુમરા-થાણા)

## અભિનંદન - આભાર - અપેક્ષા

**૧૯૯૬ થી ૨૦૨૪ સુધી સતત ધબકતી સાતત્યપૂર્ણ સફળ ૨૯ વર્ષથી આ ટૂર્નામેન્ટ આ વર્ષે ૪ વિભાગોમાં યોજાયેલ. ૪ દિવસ, ૫૦ ટીમો, ૧૫૨ મૅચો અને ૫૪૬ ખેલાડીઓને સાંકળની સફળ સુરાવલી એટલે ''ગાલા સ્પ્રિંગ્સ કપ વૉલી બૉલ ટુર્નામેન્ટ''**

### ફાઈનલ્સના પરિણામો

**ગામ ગ્રુપ ઇનડાયરેક્ટ વિભાગમાં ૧૦ ટીમોએ ભાગ લીધેલ**

ટૂર્નામેન્ટ તા. ૨૪ નવેમ્બર, ૨૦૨૪ના રોજ યોજાઈ.

| | |
|---|---|
| વિનર | : નાગલપુર |
| પ્રથમ રનર ટીમ | : કપાયા |
| દ્વિતીય રનર ટીમ | : કોડાય |
| બેસ્ટ સ્પાઈકર | : પ્રીત દિપેશ શાહ (નાગલપુર) |
| બેસ્ટ સેટર | : કરણ મુકેશ દેઢિયા (કપાયા) |
| બેસ્ટ ઈમરજિંગ પ્લેયર | : આરવ મંથન શાહ (નાગલપુર) |

**જનરલ ગ્રુપ ઇનડાયરેક્ટ વિભાગમાં ૧૪ ટીમોએ ભાગ લીધેલ**

ટૂર્નામેન્ટ તા. ૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ યોજાઈ.

| | |
|---|---|
| વિનર ટીમ | : ઑલ સ્ટાર્સ |
| પ્રથમ રનર ટીમ | : અચિવર્સ |
| દ્વિતીય રનર ટીમ | : સિલ્વર સ્પાઈકર્સ |
| બેસ્ટ સ્પાઈકર | : હર્ષલ મુકેશ દેઢિયા (ભુજપુર) |
| બેસ્ટ સેટર | : પાર્થ નીતિન ભેદા (કપાયા) |
| બેસ્ટ ઈમરજિંગ પ્લેયર | : પ્રણય કેતન વોરા (નવીનાળ) |

**જનરલ ગ્રુપ ડાયરેક્ટ વિભાગમાં ૧૨ ટીમોએ ભાગ લીધેલ**

ટૂર્નામેન્ટ તા. ૮ ડિસેમ્બર. ૨૦૨૪ના રોજ યોજાઈ.

| | |
|---|---|
| વિનર ટીમ | : રોઝ |
| પ્રથમ રનર ટીમ | : હિંદમાતા વૉલીબૉલ કલબ |
| દ્વિતીય રનર ટીમ | : સ્પાઈકીંગ વરીઅર્સ |
| ઈમરજિંગ પ્લેયર ઑફ ધ યર | : પાર્થ વિનય ગલિયા (લુણી) |
| બેસ્ટ પ્લેયર | : વિશાલ નરેન્દ્ર ગડા (બાડા) |
| બેસ્ટ નેટમૅન | : જશ જતીન ફુરીયા (નાંગલપુર) |

## ગામ ગ્રુપ ડાયરેક્ટ વિભાગમાં ૧૨ ટીમોએ ભાગ લીધેલ

ટૂર્નામેન્ટ તા. ૧૫ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ યોજાઈ

| | |
|---|---|
| વિનર ટીમ | : બિદડા |
| પ્રથમ રનર ટીમ | : નાના ભાડિયા |
| દ્વિતીય રનર ટીમ | : તલવાણા |
| ઈમરજિંગ પ્લેયર ઑફ ધ યર | : જશ ભાવિન શાહ (નાગલપુર) |
| બેસ્ટ પ્લેયર | : સિદ્ધાર્થ જયંત દેઢિયા (બિદડા) |
| બેસ્ટ નેટમૅન | : અંશીત રાજેશ અજાણી (બિદડા) |

**સર્વેને અભિનંદન ...**

**વૉલી બૉલ ટૂર્નામેન્ટ બાદ પ્રાયોજક પરિવાર તરફથી ધીરજભાઈ ગાલા અને સેવા સમાજના અધિકારીઓએ ઈનામ વિતરણ કરી ખેલાડીઓને પ્રોત્સાહિત કરેલ.**

## : આભાર :

- સ્પર્ધાનાં પ્રાયોજક...
- શ્રીમતી તારામતી વિશનજી ગાલા (ડુમરા-થાણા) પરિવારનો...
- ભાગ લેનાર સર્વે ટીમના ખેલાડીઓનો...
- પેવેલિયન ગ્રાઉન્ડ ફાળવવા માટે શ્રી હીરજી ભોજરાજ ઍન્ડ સન્સ...
- ક.વી.ઓ. જૈન છાત્રાલય (માટુંગા બોર્ડિંગ)ના સંચાલકોનો...

***પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સહભાગી થનાર સર્વે કાર્યકરોનો આભાર.***

***દાતા પરિવારનો સાથ-સહકાર હરહંમેશા મળતો રહે એવી અપેક્ષા સાથે અભિવંદના.***

## ગાલા સ્પ્રીંગ્સ કપ વૉલી બોલ ટુર્નામેન્ટ સમિતિ

**❂ ડાયરેક્ટ ગ્રુપ ❂**

**કન્વીનરઃ**

હાર્દિક ગુલાબચંદ મારૂ (સાભરાઈ)

**કો કન્વીનર :**

કપિલ લક્ષ્મીચંદ દેઢિયા (દેશલપુર)

**સમિતિ સભ્યો**

અંકુર નવીન મામણીયા (નાના ભાડિયા)

નિખીલ કાંતિલલાલ કેનિયા (બારોઈ)

**❂ ઈનડાયરેક્ટ ગ્રુપ ❂**

**કન્વીનરઃ**

લહેરચંદ ગોવિંદજી નાગડા (નરેડી)

**કો.કન્વીનરઃ**

હર્ષલ મુકેશ દેઢિયા (ભુજપુર)

**સમિતિ સભ્યો**

હર્ષ જયેશ નિસર (વડાલા)

જીગર વિજય ગાલા (શેરડી)

દિપ ચંદ્રેશ શાહ (ગઢસીસા)

# સાંત્વન

## અવસાન નોંધ

**(તા. ૧ ડિસેમ્બર ૨૦૨૪ થી તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪)**

**ચક્ષુદાન : 👁 દેહ /ત્વચાદાન : ❂ અવયવદાન : ✹**

### પ્રાર્થના રાખેલ નથી

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| સુરેશ લાલજી વેરશી મામણિયા | ૬૭ | કપાયા | ગોરેગામ |
| કેસરબેન રામજી ભાણજી સાવલા | ૯૬ | સમાઘોઘા | ચેન્નઈ |
| રોનક યશવંત લાલજી નાગડા | ૨૬ | ડુમરા | ડોંબિવલી |
| મુલબાઈ હેમરાજ દેવજી ગોસર | ૮૦ | દેવપુર | વિજયવાડા |
| જયવંતી મગનલાલ નેણશી દેઢિયા | ૮૮ | ભુજપુર | ઘાટકોપર |
| દિનેશ ખીમજી રવજી હરિયા | ૬૮ | દેવપુર | વસઈ |
| શાંતિલાલ ખીમજી ઉમરશી નિસર | ૭૭ | વડાલા | ડોંબિવલી |
| મા. મણિબેન નાનજી કાનજી ગડા | ૯૭ | મોટા આસંબિયા | વાશી |
| દીપક કલ્યાણજી રતનશી સાવલા | ૫૫ | બિદડા | ઘાટકોપર |
| રજનીકાંત વેલજી સામત નાગડા | ૭૩ | નરેડી | મુલુંડ |
| વસુમતી ભવાનજી અરજણ મારુ | ૭૮ | લાખાપુર | દાદર |
| મા. રૂક્ષ્મણિબેન હંસરાજ કુરપાર દેઢિયા | ૯૧ | ભુજપુર | ઐરોલી ❂ |
| નેમજી ખીમજી સારંગ કેનિયા | ૮૭ | બારોઈ | અંજાર ❂ |
| પોપટલાલ ઉમરશી વેલજી ફુરિયા | ૮૭ | બિદડા | ઘાટકોપર |
| અમૃતબેન કલ્યાણજી હંસરાજ ગડા | ૭૧ | લાયજા | કાંદિવલી |
| પ્રભાવતી મગનલાલ ટોકરશી બોરીચા | ૮૦ | રાયણ | સાંતાક્રુઝ |
| મંજુલા રવજી રાયશી દેઢિયા | ૭૨ | ચૂનડી | નાલાસોપારા |
| મુલસુંદરી લક્ષ્મીચંદ ખીમજી ગડા | ૮૬ | રાયણ | કાંદાવાડી |
| દીપક કાંતિલાલ ઓભાયા ગડા | ૪૪ | બાડા | મલાડ |
| મીના રમણીક પ્રેમજી ગંગર | ૬૮ | મોટી ખાખર | ફોર્ટ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| નવીનચંદ્ર મુરજી રણશી કારાણી | ૬૮ | ખારૂઆ | ગઢશીશા 👁 |
| ભોગીલાલ હંસરાજ ગાલા | ૭૧ | સાડાઉ | નાગપુર |
| જયંત નવીનચંદ્ર જેઠા ગોગરી | ૭૯ | કોડાય | ઘાટકોપર |
| જયંતીલાલ આસુ શિવજી ગાલા | ૮૪ | કાંડાગરા | કાંદિવલી |
| માવજી વીરજી દેવશી ગોસર | ૮૭ | વિઢ | મુલુંડ |
| મા. કુસુમબેન પ્રેમજી હેમરાજ વોરા | ૯૨ | બિદડા | વિરાર |
| કેસરબેન ઘેલા વેલજી નંદુ | ૯૭ | મોટા આસંબિયા | કાંદિવલી |
| અ.સૌ. નિર્મલા વિનોદ પ્રેમજી પાસડ | ૬૬ | દેઢિયા | થાણા |
| મણિલાલ ભીમશી વેલજી ગાલા | ૭૦ | સમાઘોઘા | ડોંબિવલી |
| ભાનુબેન પ્રેમજી મેઘજી રાંભિયા | ૭૪ | ગુંદાલા | ડોંબિવલી |
| મણિલાલ રતનશી નાગશી છેડા | ૭૫ | ડોણ | વિક્રોલી |
| ડૉ. અરવિંદ પ્રેમજી રાયશી શાહ/દેઢિયા | ૭૯ | રાયણ | વસઈ |
| પરાગ ઉમરશી ધારશી ગડા | ૪૪ | રાયધણજર | મુલુંડ 👁 |
| મંજુલા શાંતિલાલ મુરજી શાહ/શાહનંદ | ૭૪ | ડુમરા | ઘાટકોપર |
| વિમળાબેન કાનજી વીરજી ગાલા | ૮૪ | ટોડા | ડોંબિવલી |
| રતનબેન લાલજી વેલજી સાવલા | ૯૨ | ભોરારા | કાંદિવલી |
| હેમલ નરેન્દ્ર લાલજી વીરા | ૪૬ | મેરાઉ | ડોંબિવલી |
| બટુકલાલ દેવજી ખીંયશી દેઢિયા | ૮૫ | નવાવાસ | ડોંબિવલી |
| મા. જયવંતીબેન પ્રેમજી માલશી છેડા | ૮૯ | વાંકી | ગોરેગામ |
| અ.સૌ. જ્યોતિ ગિરીશ ભવાનજી દેઢિયા | ૬૧ | પ્રાગપુર | ગોરેગામ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| દિનેશ ટોકરશી ગાંગજી દેઢિયા | ૬૪ | પત્રી | ગોરેગામ |
| જયવંતી હરિલાલ વેલજી દેઢિયા | ૭૮ | લુણી | વિરાર |
| હરખચંદ વિશનજી ઘેલા પાસડ | ૭૯ | ભોજાય | નાલાસોપારા |
| રતનબેન શામજી હીરજી ગાલા | ૮૨ | મકડા | દાદર |
| નેમજી રવજી દેવરાજ સાવલા | ૮૫ | ડેપા | નાલાસોપારા |
| નિર્મળાબેન નેણશી સુરા દેઢિયા | ૮૯ | ભુજપુર | વસઈ |
| પરેશ રતનશી દેવરાજ પોલડિયા | ૫૬ | તલવાણા | ગોરેગામ |
| રાકેશ (કારાઘોઘાનાં મા. લક્ષ્મીબેન નરસીદાસ ચાંપશી સાવલા) | ૮૦ | — | સિકંદરાબાદ |
| રાઘવજી ભવાનજી વિજપાર ગાલા | ૭૮ | વડાલા | નાલાસોપારા |
| ઝવેરબેન ગાંગજી ભોજા ગડા | ૯૪ | પત્રી | મલાડ |
| સુરેશ આણંદજી ધારશી ગોગરી | ૬૨ | પત્રી | ડોંબિવલી |
| અ.સૌ. મનીષા કિશોર ખીમજી ગાલા | ૪૯ | વડાલા | વિરાર |
| પ્રવીણા હર્ષદ બાબુભાઈ પોલડિયા | ૬૪ | બિદડા | કોલાબા |
| કલ્યાણ મેઘજી ઓભાયા સંગોઈ | ૭૦ | પુનડી | બોરીવલી |
| મા. જયવંતી કલ્યાણજી કાનજી છેડા | ૭૪ | મોટા આસંબિયા | ડોંબિવલી |
| હેમલતા રતિલાલ રામજી ધરોડ | ૭૭ | પત્રી | મલાડ |
| ગોવિંદજી કાનજી પાસુ માલદે | ૮૬ | લુણી | મિરજ |
| શાંતિલાલ કાનજી ખીમજી છેડા/ શાહ | ૮૨ | રાયણ | ઘાટકોપર |
| મા. સાકરબેન દામજી વીરજી ગોગરી | ૮૪ | નાના ભાડિયા | અંબરનાથ |
| ચંદ્રિકા વેણીકલાલ મગનલાલ ગોગરી | ૭૨ | કોડાય | પુના |
| મા. પન્નાબેન પોપટલાલ લવજી શાહ | ૮૦ | કારાઘોઘા | ઘાટકોપર |
| રમણીકલાલ ધનજી મેઘજી દેઢિયા | ૮૨ | મોટી ખાખર | ભાંડુપ |
| મોરારજી ખેરાજ વેરશી દેઢિયા | ૮૬ | નાના રતાડિયા | ડોંબિવલી |
| લાલજી નથુ નેણશી ગાલા | ૮૬ | મોટા આસંબિયા | મલાડ |
| રમણીક નરશી વેલજી સાવલા | ૮૬ | ડેપા | દેવલાલી |
| દેવરાજ રવજી વસાઈયા હરિયા | ૮૬ | હાલાપુર | ડોંબિવલી |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| તલકશી કોરશી કુંવરજી શાહ/નિસર | ૮૯ | વડાલા | વડાલા |
| ભાનુમતી ચુનીલાલ કાનજી માલદે | ૭૯ | ભુજપુર | બોરીવલી |
| મા. કેસરબેન મગનલાલ અરજણ દેઢિયા | ૯૪ | ગુંદાલા | મુલુંડ |
| ગંગાબાઈ ખીમજી ખેરાજ ગોસર | ૯૭ | કોકલિયા | ગુલબર્ગા |
| નવીનચંદ્ર રવજી શિવજી નાગડા | ૬૫ | સણોસરા | નાલાસોપરા |
| ભાનુબેન શિવજી પાસુ દેઢિયા | ૭૪ | નાગ્રેચા | બોરીવલી |
| રત્નકુક્ષી મા. સાકરબેન જયંતીલાલ પ્રેમજી રાંભિયા | ૮૦ | મોટા આસંબિયા | ઘાટકોપર |
| જાદવજી રામજી કુરપાર ગાલા | ૮૬ | કાંડાગરા | કાંડાગરા |
| ખેતશી ગાંગજી દેવશી ભેદા | ૮૮ | મેરાઉ | મુલુંડ |
| મનીષ હીરજી રામજી રાંભિયા | ૫૧ | ગુંદાલા | મીરા રોડ |
| દમયંતીબેન ભાઈલાલ દેવજી વીરા | ૮૦ | દેશલપુર | ઘાટકોપર |
| મણિલાલ શામજી હંસરાજ ગાલા | ૮૨ | નાના આસંબિયા | મુલુંડ |
| મા. રૂક્ષ્મણીબેન મોહનલાલ લાલજી હરિયા | ૮૪ | દેવપુર | કલ્યાણ |
| માવજી નાનજી ભુલા કક્કા | ૮૮ | પત્રી | અંધેરી |
| કેસરબેન કલ્યાણજી ખીમજી રાંભિયા | ૮૮ | મોટી રાયણ | માંડવી |
| મા. ચંદનબેન પોપટલાલ રવજી ગાલા | ૮૫ | ડોણ | વિક્રોલી |
| શ્રીમતી મંજુલાબેન મોરારજી મેઘજી છેડા | ૮૫ | કાંડાગરા | વિલે પાર્લે |
| જયેશ કેશવજી ઘેલા છેડા | ૫૯ | દેશલપુર | નાલાસોપારા |
| તારાચંદ મગનલાલ વેલજી ગડા | ૬૬ | ભોજાય | હૈદરાબાદ |
| મુકેશ નાનજી કુંવરજી સતરા | ૬૫ | ગુંદાલા | થાણા |
| કુ. રંજન મગનલાલ મુરજી દેઢિયા | ૭૩ | તલવાણા | સિક્કાનગર |
| | | | |

## પ્રાર્થના રાખેલ છે

| | | | |
|---|---|---|---|
| તરુણ પુનશી રાયશી ગોસર | ૫૮ | ચીઆસર | મુલુંડ |
| સુરેન્દ્ર નેણશી વીરજી ગાલા | ૭૩ | ફરાદી | સાંતાક્રુઝ |
| દેવશી વિજપાર મારુ | ૮૬ | ડેપા | ગ્રાન્ટ રોડ |
| જીવરાજ કુંવરજી ભુલા ગડા | ૮૮ | મોથારા | ઘાટકોપર |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| કાંતિલાલ ધારશી નરશી ગાલા/શાહ | ૮૩ | મોટા લાયજા | માટુંગા |
| નાગજી ધારશી જેસંગ દેઢિયા | ૮૪ | નાના આસંબિયા | પુના |
| અ.સૌ. સુશીલા મુકેશ વસનજી મારુ | ૭૪ | બિદડા | કાંદિવલી |
| રાજેશ ઠાકરશી નાનજી લાલન | ૬૦ | કોડાય | થાણા |
| નરશી કારૂ રામજી દેઢિયા | ૯૨ | ભુજપુર | વડાલા |
| લખમશી વિરમ હભુ છેડા | ૭૪ | સામખિયારી | ઘાટકોપર |
| ખીમરાજ નાથા હધુ છેડા | ૮૪ | મોટા કાંડાગરા | નેરલ |
| ધનજી ધારશી કુંવરજી દેઢિયા | ૭૪ | ગઢશીશા | મુલુંડ |
| મગનલાલ વિજપાર દેવજી સાવલા | ૭૮ | વડાલા | માટુંગા |
| કલ્યાણજી દામજી આસુ સાવલા | ૬૮ | બાડા | વિરાર |
| અ.સૌ. પ્રમીલા શશિકાંત રામજી ગાલા | ૬૫ | મોખા | કોપરખૈરણે |
| ધીરજલાલ શાંતિલાલ વેલજી ગોગરી | ૬૮ | નાના ભાડિયા | ભાંડુપ |
| દેવચંદ પ્રેમજી વેલા શાહ/દેઢિયા | ૭૫ | ભુજપુર | હૈદરાબાદ |
| અ.સૌ. પ્રવીણાબેન પ્રવીણ રતનશી છેડા | ૭૫ | કાંડાગરા | ઘાટકોપર |
| મા. તારાબેન મણિલાલ વેલજી નાગડા | ૭૧ | નરેડી | ભાઈંદર |
| કલ્યાણજી દેવજી તેજશી દેઢિયા | ૭૯ | ભારાપુર | દાદર |
| મુલચંદ ભવાનજી વીરજી વોરા | ૬૯ | નવીનાળ | તારદેવ |
| મધુસૂદન ડુંગરશી વીરજી ગડા | ૭૨ | કોડાય | બોરીવલી |
| ચંદ્રકાંત કુંવરજી ગોવિંદજી સંગોઈ | ૭૮ | પ્રાગપુર | કરાડ |
| ગાંગજી દેવશી નરશી મોતા | ૮૪ | દેવપુર | કુકમા (કચ્છ) |
| ફતેહચંદ ધનજી જેઠા ગડા | ૭૩ | નાના ભાડિયા | મુલુંડ |
| શાંતિલાલ રતનશી જેઠા પોલડિયા | ૮૬ | તલવાણા | ચેમ્બુર |
| બા.બ્ર. કુ. વર્ષા ગાંગજી ડુંગરશી છેડા | ૫૧ | નાના ભાડિયા | દહિંસર |
| મા. દમયંતીબેન દેવજી જેઠા સંઘવી | ૭૯ | કપાયા | દાદર |
| મા. મણિબેન ડુંગરશી ગાંગજી લાલન | ૯૪ | કોડાય | દાદર |
| મંજુલાબેન પોપટલાલ મુરજી વોરા | ૭૯ | નવીનાળ | ચેમ્બુર |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| હીરબાઈ નાંગશી મુરગ સંગોઈ | ૮૬ | ટોડા | પરેલ |
| કલ્યાણજી હંસરાજ ઉમરશી મારુ | ૯૩ | ચીઆસર | મુલુંડ |
| મોહનલાલ મુરજી કોરશી વિકમાણી | ૬૯ | કોટડા રોહા | ડોંબિવલી |
| તારાબાઈ ગોવિંદજી ટોકરશી વિકમાણી | ૮૪ | ડુમરા | ગંજબાસોદા |
| ગુણવંતી પ્રવીણ રામજી મામણિયા | ૬૨ | રામાણિયા | દહિંસર |
| ઉત્તમ ગોસર તેજપાર દેઢિયા | ૬૨ | ગઢશીશા | મુલુંડ |
| હરખચંદ પ્રેમજી ચાંપશી નંદુ | ૬૯ | નાના આસંબિયા | જુહુ |
| શાંતાબેન દામજી પદમશી ગાલા | ૮૪ | વડાલા | બોરીવલી |
| મા. લક્ષ્મીબેન વિશનજી શામજી ગડા | ૯૩ | સાભરાઈ | વિદિશા (મ.પ્ર.) |
| અ.સૌ. ચેતના અતુલ રામજી સતરા | ૬૦ | ગુંદાલા | મુલુંડ |
| નરેશ પ્રેમજી રતનશી નંદુ | ૬૩ | વાંઢ | ગોરેગામ |
| લક્ષ્મીચંદ કુંવરજી રામજી ભગત/મોતા | ૯૩ | રાયણ | ઘાટકોપર |
| અ.સૌ. જીનલ નિશાન દેવજી શાહ/ગોગરી | ૩૯ | ભુજપુર | મુલુંડ |
| કિશોર પાસુ રણશી શાહ/સંગોઈ | ૬૪ | પુનડી | સાત રસ્તા |
| અ.સૌ. ઝવેરબેન ઉમરશી કુંવરજી વીરા | ૭૨ | મેરાઉ | કોલીવાડા |
| બકુલ જિતેન્દ્ર માવજી લાલન | ૪૧ | કોડાય | બોરીવલી |
| મણિલાલ પ્રેમજી હંસરાજ શેઠિયા | ૬૫ | વડાલા | મલાડ |
| મા. પાનબાઈ મુલચંદ ભાણજી ગડા | ૮૯ | બાડા | દાદર |

| | | |
|---|---|---|
| **કાળધર્મ પામેલ છે.** | | |
| પૂ. પ્રસન્નચંદ્રજી સ્વામી | ૮૩ | |
| બા.બ્ર. પ.પૂ. સાધ્વીશ્રી કીર્તિલતાશ્રીજી મ. સા. | ૮૬ | |

ઘૂંટણ છોલાયા વગર તો
સાયકલ પણ નથી આવડતી...
આ તો જિંદગી છે...
તકલીફ સહ્યા વગર જીવતા ક્યાંથી આવડે ...!!

**network** techlab

*Adding Values to Work*

## Exciting News from

# NETWORK TECHLAB!

We proudly announce that
Network Techlab (India) Private Limited
has successfully transitioned to

# Network Techlab (India) Limited!

"We are humbled to share this proud milestone, an achievement built on the trust of our customers, the dedication of our team, and the encouragement of our well wishers.

Thank you for your faith and belief in us.
We look forward to reaching many more milestones together!"

***Thankyou***

*for being a part of our journey!*

info@netlabindia.com | +91 88790 04536

Head- Office: - 41, Sarvodaya Ind. Est., Off. Mahakali Caves Road, Andheri (E.), Mumbai, 400093

Main Branch: - Plot no. A-142, Rd Number 23, Wagle Industrial Estate, Thane (W.), Thane, 400604

WPP Licence No. :- MR/Tech/WPP-215/East/2023-25
PAGDANDI (Monthly) FEBRUARY 2025 RNI-14593/1957, Published on 1st of every month & Posted at
Patrika Channel Sorting Office Mumbai - 400 001 on 2nd & 3rd of every Month. Post Regd. No. MCE/251/2023-25

# શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

શ્રી ક.વિ.ઓ.સેવા સમાજ
75
સમાજ ઉત્કર્ષના સાતત્યભર્યા ૭૫ વર્ષ
સંપ, સંગઠન, સમર્પણ

## સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ

